મુક્તાનંદ તે સંત જન સૂરમા આપમાં વ્યાપ દૃષ્ટિ હોય તેને



# પૂજ્યશ્રી નારાયણભાઈ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૩૫

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ០૧૩.

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

## અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

**મુક્તાનંદ તે સંત જન સૂરમા આપમાં વ્યાપ હરિ હોય તેને**

# પૂજ્યશ્રી નારાયણભાઈ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૩૫

:સંસ્થાપક:

**• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ઝેમ્પશન u/s 80(G)5

***ચતુર્થ આવૃત્તિ***
પ્રત : ૩૦૦૦
૨૦૧૫, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૭૧, મહા વદ બારસ

***સેવા મૂલ્ય*** : રૂ.૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120
Website : www.shriswaminarayandivinemission.org
E-mail : info@shriswaminarayandivinemission.com

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# ચતુર્થ આવૃત્તિનું નિવેદન

માનવજીવનના સર્વોચ્ચ ધ્યેય એવા આત્યંતિક મોક્ષ માટે અને પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ માટે તત્ત્વજ્ઞાનને લગતાં અનેક સત્શાસ્ત્રો આપણી પાસે ઉપલબ્ધ છે, પરંતુ શ્રીજીમહારાજના વિધાન પ્રમાણે શાસ્ત્રોના ગૂઢાર્થ પોતાના બુદ્ધિબળે સમજી શકાતા નથી કેવળ સત્પુરુષ થકી જ સમજાય છે. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં આત્યંતિક સ્થિતિને પામેલા મુક્તો મનુષ્યને બે પ્રકારે ઉપદેશ આપી માર્ગદર્શક બને છે. એક તો પોતાની ઉપદેશાત્મક વાણી દ્વારા અને બીજું પોતાના આદર્શરૂપ સદાચારમયી વર્તન દ્વારા. અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈમાં તેમના જોગમાં આવેલી દરેક વ્યક્તિને તેમની પૂર્ણ મુક્તદશાનો અચૂક અનુભવ થતો. આ મુક્તરાજ આધ્યાત્મિક પથદર્શક માત્ર જ ન હતા, પરંતુ એક પ્રતિભાસંપન્ન, વ્યવહાર કુશળ ને ઉમદા કેળવણીકાર હતા. ધર્મશુદ્ધિ ને વહીવટશુદ્ધિના પ્રખર હિમાયતી હતા. જીવનના સર્વાંગી વિકાસ માટે આવશ્યક એવા સામાજિક, વ્યાવહારિક તેમ જ પારમાર્થિક એમ દરેક પાસાંઓના જ્ઞાતા, જીવનમાં શ્રેય ને પ્રેય બંનેનો સુયોગ્ય વિકાસ સાધવામાં સહાયક સદ્‌ગુરુવર્ય હતા. તેમના જોગ સમાગમ અને સેવાનો અનેક મુમુક્ષુઓએ અલભ્ય લાભ લીધેલો, પરંતુ આવનાર પેઢીઓને હવે તેમના જીવનદર્શન તથા ઉપદેશામૃતમાંથી જ જીવન પાથેય મેળવવું રહ્યું. આ પ્રકારનો અલભ્ય લાભ આવનાર પેઢીને સરળપણે મળી રહે તે હેતુથી આ પુસ્તિકાનું પ્રકાશન કરતાં કૃતકૃતજ્ઞતા અનુભવીએ છીએ.

આ લઘુ પુસ્તિકા પ્રકાશિત કરતાં અમો હર્ષ તથા વિષાદની મિશ્રિત લાગણીઓનો અનુભવ કરીએ છીએ. હર્ષની લાગણી

એટલા માટે કે પ્રભુના દિવ્ય સ્વરૂપ સાથે અખંડ સંલગ્ન રહી પૂર્ણ મુક્ત દશામાં જીવન વ્યતિત કરનાર સત્પુરુષ કેવા હોય તેના અલૌકિક ચરિત્રણનું સ્પષ્ટ દર્શન કરી શકાય અને વિષાદ એટલા માટે કે આવા મહાન સંતમૂર્તિ છેલ્લા કેટલાક સમયથી આપણી વચ્ચે મનુષ્યદેહે હયાત નથી, જે ખરેખર આઘાતજનક બીના છે.

મુક્તરાજ શ્રી નારાયણભાઈ સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા દ્વારા આ પુસ્તકની ચતુર્થ આવૃત્તિ પ્રગટ કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

અંતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરમ કૃપાળુ બાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા આ સમર્થ ગુરુવર્ય મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈની પ્રસન્નતા પ્રાર્થિએ છીએ.

સં. ૨૦૭૧, મહા વદ બારસ — **પ્રકાશન સમિતિ**

ઈ. સ. ૨૦૧૫, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પશ્ચાદ્ ભૂમિકા | ૧ |
| ૨. | કુટુંબ પરિચય | ૬ |
| ૩. | પ્રાગટ્ય અને બાલ્યકાળ | ૯ |
| ૪. | શૈક્ષણિક કારકિર્દી | ૧૭ |
| ૫. | અનોખું ગૃહસ્થજીવન | ૨૨ |
| ૬. | આદર્શ સહચારિણી | ૨૫ |
| ૭. | વ્યવસાય | ૨૭ |
| ૮. | આધ્યાત્મિક દિવ્ય જીવન | ૩૧ |
| ૯. | અલૌકિક મુક્તમંડળ | ૩૫ |
| ૧૦. | શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની સ્થાપના | ૩૮ |
| ૧૧. | મુક્તરાજનું વ્યક્તિત્વ, કલ્યાણકારી ઉદાત્ત ગુણો અને સામર્થ્ય | ૬૪ |
| ૧૨. | પ્રવાસ દ્વારા કલ્યાણ | ૬૮ |
| ૧૩. | સત્સંગનાં વિકાસલક્ષી કાર્યો | ૭૧ |
| ૧૪. | આધ્યાત્મિક માર્ગદર્શક | ૭૩ |
| ૧૫. | મંદવાડની અલૌકિક લીલા | ૭૬ |
| ૧૬. | છેલ્લો મંદવાડ અને અંતિમ વિદાય | ૭૯ |
| ૧૭. | અમૃતબિંદુઓ | ૮૪ |

# ૧ પશ્ચાદ્ ભૂમિકા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી– સત્સંગની મા! તેમને એકવાર શ્રીજીમહારાજે પૂછ્યું, “સ્વામી! તમે અમને કેવા જાણો છો?” ત્યારે સ્વામી સાહજિક જ બોલી ઊઠ્યા કે “હે મહારાજ! મહાભારતકાળમાં થઈ ગયેલા શ્રીકૃષ્ણ પરમાત્મા તે તમે જ સ્વયં પ્રભુ. એમાં શું પૂછવાનું?” આ સાંભળી શ્રીજીમહારાજ મર્મમાં હસીને કહે, “સ્વામી! તમે કાળે તળાવ જાવ ત્યાં તમને રવજીભાઈ વાત કરશે.” શ્રીજીમહારાજની આજ્ઞા થતાં જ સ્વામીશ્રીએ કાળા તળાવે જવાની વાટ પકડી. રસ્તામાં સ. ગુ. મુક્તાનંદ સ્વામીને એક સંત મળ્યા. સંતે મુક્તાનંદ સ્વામીને ઉતાવળે જતાં જોઈ પૂછ્યું, “સાધુરામ! ક્યાં ચાલ્યા?” સ્વામીએ મહારાજ સાથે થયેલું વૃત્તાંત જણાવ્યું. ત્યારે તે સંતે કહ્યું, “સ્વામી! તમે સ્વામિનારાયણ ભગવાનને શ્રીકૃષ્ણ સમજો છો! તો આમાંથી કયા શ્રીકૃષ્ણ તમારા સ્વામિનારાયણ શ્રીકૃષ્ણ છે?” આમ કહી તે સંતે મુક્તાનંદ સ્વામી સામે પોતાની હથેળી ધરી ત્યાં તો મુક્તાનંદ સ્વામીને તે સંતની હથેળીમાં અસંખ્ય શ્રીકૃષ્ણ દેખાયા. મુક્તાનંદ સ્વામી તો આ જોઈ હતપ્રભ થઈ ગયા. આ શું! આટલા બધા કૃષ્ણ! જેઓ પોતાની હથેળીમાં આટલા બધા કૃષ્ણનાં દર્શન કરાવી શકે તે સંત તો કૃષ્ણથી અતિ મોટા કહેવાય. મુક્તાનંદ સ્વામીને આશ્ચર્યચકિત થયેલા જોઈ તે સંત કહે, “સ્વામી! તમે જે શ્રીકૃષ્ણને પરમાત્મા કહો છો, તેમને તો મૂળપુરુષ કહેવાય છે

અને તે મૂળપુરુષની ઉપર તો મહાકાળ છે ને મહાકાળના ઉપરી વાસુદેવબ્રહ્મ છે ને વાસુદેવબ્રહ્મની ઉપર મૂળઅક્ષર છે ને તેની ઉપર શ્રીજીમહારાજના મુક્ત છે અને તે સૌના ઉપરી ને નિયંતા એવા જે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તેઓ સર્વોપરી છે ને તેમની ઉપર કોઈ નથી. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે સ્વસ્વરૂપના સુખે સુખિયા છે અને બાકી બધા તેમનું આપેલું સુખ ભોગવે છે. અમે તો એ સર્વોપરી મહાપ્રભુના મુક્ત છીએ અને તમે પણ તેમના મુક્ત છો. પણ શ્રીજીમહારાજે તમારી સ્થિતિ રૂંધી રાખી હોવાથી તમે તેમને ઓળખી શક્યા નહિ." આમ કહી તે સંત અદૃશ્ય થઈ ગયા.

જીવોના કલ્યાણ અર્થે શ્રીજીમહારાજે જુદા જુદા અવતારોને પૃથ્વી પર મોકલ્યા. પણ તે કોઈ શ્રીહરિજીની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી શક્યા નહિ. ઊલટું સામાન્ય કોટીના જીવો તે અવતારોમાં પોતાના કરતા વિશેષ ઐશ્વર્યશક્તિનાં દર્શન થવાથી તે અવતારોને ભગવાન સમજી તેમનું ભજન કરવા લાગ્યા. આથી મુક્તોએ શ્રીજીમહારાજને સ્વયં પૃથ્વી પર પ્રગટ થવા પ્રાર્થના કરી. તેથી શ્રીહરિજી અનંત મુક્તોને સાથે લઈ આ પૃથ્વી પર પોતાની શુદ્ધ સર્વોપરી ઉપાસનાનું સ્થાપન કરવા સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીને રોજ પ્રગટ થયા.

બાલ્યકાળ અને વન વિચરણ દરમ્યાન અસંખ્ય લીલાઓ કરી પોતાનું પુરુષોત્તમપણું જણાવતા સત્સંગમાં આવ્યા. સ. ગુ. શ્રી રામાનંદ સ્વામીએ શ્રીહરિજીના સંકલ્પ અનુસાર અગાઉથી પૂર્વભૂમિકારૂપે ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી રાખી હતી. શ્રીહરિજી સાથે મિલાપ થતાં તેમને દીક્ષા આપી

સ. ગુ. શ્રી રામાનંદ સ્વામીએ ધર્મધુરા શ્રીહરિજીને સોંપી. આ સમયે પણ અગાઉ અવતરી ચૂકેલા અવતારોની ઉપાસનાનું જોર ખૂબ જ હતું. તેથી શ્રીજીમહારાજે પોતાને સૌપ્રથમ શ્રીકૃષ્ણના ભક્ત કહ્યા. પછી જેમ જેમ જીવો શ્રીજીમહારાજ ને તેમના મુક્તોના સંપર્કમાં આવી પાત્રતા કેળવતા ગયા તેમ તેમ શ્રીહરિજીએ પોતાને ક્રમશઃ શ્રીકૃષ્ણ જેવા કહ્યા અને છેવટે જેવું છે તેવું–શ્રીકૃષ્ણથી અનેકગણું મોટું ને પોતાનું સર્વોપરી પરમાત્મસ્વરૂપ સમજાવ્યું. સામાન્ય જીવો પણ આ સમજણ દૃઢ કરી પરમપદના અધિકારી થાય તેવા શુભ આશયથી શ્રીહરિજીએ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને પોતાની સર્વોપરી ઉપાસનાનું પાલન-પ્રવર્તન કરવાનું કામ સોંપી મનુષ્યલીલા સંકેલી લીધી. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઉત્તરોત્તર આ મહાકાર્યને આગળ ધપાવવાની જવાબદારી પોતાના સમર્થ શિષ્ય સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને સોંપી. શ્રીહરિજીએ આત્યંતિક કલ્યાણના ભગીરથ કાર્યને વેગ આપવા પોતાના સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું પૃથ્વી પર સંવત ૧૯૦૧ના કારતક સુદ એકાદશીને રોજ અવતરણ કર્યું.

બાપાશ્રીએ શ્રીજીમહારાજના સંકલ્પ પ્રમાણે શ્રીહરિજીની નિર્ભેળ સર્વોપરી ઉપાસનાના પ્રવર્તનમાં અદ્વિતીય ફાળો આપ્યો. તેમણે ગામોગામ ફરી અસંખ્ય જીવોને શ્રીહરિજીની જેવી છે તેવી મોટપ મૂળથી સમજાવી. તદુપરાંત શ્રીહરિજી સાથે એકાત્મપણે જોડાઈને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવાની લટક પણ શીખવી. શ્રીજીમહારાજની ઉપદેશામૃત વાણીને 'વચનામૃત' ગ્રંથમાં સંગ્રહીત કરવામાં આવી છે. તેમાં શ્રીજીમહારાજે જે તે

વાત કરતી વખતે સભામાં ઉપસ્થિત જીવોની પાત્રતા અનુસાર પોતાને ભક્ત, અવતાર, મુક્ત અને પૂર્ણ પુરુષોત્તમ અવતારી કહ્યા છે. બાપાશ્રીએ આ સર્વે વાતોને એકબીજાના પરિપ્રેક્ષ્યમાં વચનામૃતોના જ જુદા જુદા આધાર લઈ યથાર્થપણે સમજાવી શ્રીજીમહારાજનું સર્વોપરીપણું પ્રસ્થાપિત કર્યું છે, જે વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા નામે પ્રસિદ્ધ છે. પ. પૂ. બાપાશ્રીને તો શ્રીજીમહારાજે પોતાની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા અને પોતાના દિવ્યાતિદિવ્ય અલૌકિક સુખની લહાણી કરવા મોકલ્યા હતા. તેથી બાપાશ્રીએ પણ પાછું વળીને જોયા વગર આ મહદ્ ઉપકારક કાર્યો હાથ ધર્યાં હતાં. સંતો-હરિભક્તોને લઈ બાપાશ્રી ગામેગામ ને ઘરોઘર ફરતા ને શ્રીહરિજીની મૂર્તિના સુખનો પ્રસાદ વહેંચતા.

શ્રીજીમહારાજના આશીર્વાદ ને સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીની નિષ્ઠાના પ્રતીકસમા મૂળીધામના શ્રી સ્વામિનારાયણ મંદિરનો શતવાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પ. પૂ. બાપાશ્રી પણ તે સમયે સંઘે સહિત મૂળી પધાર્યા હતા. ખરેખર તો આ પાટોત્સવની ઉજવણી પ. પૂ. બાપાશ્રીના અલૌકિક પ્રતાપને લીધે જ શક્ય બની હતી અને રંગેચંગે પૂર્ણ થઈ શકી. મૂળીથી પાછા બળદિયા જતા અનેક નાનાં-મોટાં ગામોમાં વિચરણ કરતા પ. પૂ. બાપાશ્રી ધ્રાંગધ્રા ગામે પધાર્યા. શરીરે અનુકૂળતા ન હોવા છતાં મોટા મોટા હરિભક્તોને ઘેર પધરામણી કરી, સૌને શ્રીજીમહારાજની રસમયી મૂર્તિના સુખમાં તરબતર કર્યા. આ સમયે આર્થિક સ્થિતિએ અને સ્વભાવે બંને રીતે ગરીબ એવા ગીગાભાઈ ઠક્કરને પણ પોતાને ઘેર પ. પૂ. બાપાશ્રીને પધરાવવાની ઈચ્છા થઈ પણ સંજોગવશાત્

તેઓ કાંઈ બોલી શક્યા નહિ. કરુણામૂર્તિ બાપાશ્રી તો આ ભોળા ભગતનો ભાવ જાણતા જ હતા. આથી બીજે ગામ જવા ગામ બહાર નીકળતા પહેલાં રસ્તામાં ગીગાભાઈ ઠક્કરના ખોરડાની સામે જ લઘુ જવાના બહાને સિગરામ ઊભો રખાવ્યો. ગીગાભાઈ ને તેમનાં ધર્મપત્ની શાકુબેનના આનંદનો પાર ન રહ્યો. પ. પૂ. બાપાશ્રીને લઘુ કરવાની વ્યવસ્થા પોતાના ખોરડામાં કરી આપી. લઘુ કરી બાપાશ્રી તે ખોરડામાં બિરાજ્યા. તે સમયે શેઠ શ્રી શિવલાલભાઈ પારેખ, અ. મુ. પ. પૂ. શ્રી સોમચંદભાઈનાં બહેન અ. મુ. શ્રી દીવાળીબા વગેરે હાજર હતાં. શેઠ શ્રી શિવલાલભાઈએ ગીગાભાઈના સૌથી નાના પુત્ર ૧૧ માસના 'નારાયણ'ને ઘોડિયામાંથી લઈ પ. પૂ. બાપાશ્રીના ખોળામાં મૂક્યા. ત્યારે બાપાશ્રીએ પોતાના ભાલમાંના ચાંલ્લામાંથી કંકુ લઈ તે બાળક સામે અમિદૃષ્ટિ કરી તેના કપાળમાં ચાંલ્લો કર્યો. બાળક પણ પરભવની પ્રીત હોય તેમ એકીટશે હસતા હસતા પ. પૂ. બાપાશ્રીની અલૌકિક મુખાકૃતિ નિહાળી રહ્યો. પછી શેઠ શ્રી શિવલાલભાઈએ પ. પૂ. બાપાશ્રીને પ્રાર્થના કરી કે, "હે બાપા! આ ભગતના પુત્ર ભગત થાય તેવા આશીર્વાદ આપજો." ત્યારે પ. પૂ. બાપા તે બાળકના માથે હાથ ફેરવતા બોલ્યા જે, "આ તો શ્રીજીમહારાજના મહામુક્ત છે. શ્રીજીમહારાજે તેમને અનેક જીવોનાં કલ્યાણ ને સર્વજીવહિતાવહ કાર્યો કરવા મોકલ્યા છે."

આ બાળક 'નારાયણ' તે બીજું કોઈ નહિ પણ અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર. શ્રીહરિજીના કૃપાપ્રસાદસમી શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના પ્રણેતા, સંસ્થાપક, આજીવન પ્રમુખ એટલે કે તેનું હાર્દ.

# ૨ કુટુંબ પરિચય

આ મુક્તરાજના માતા-પિતા એટલે કે ગીગાભાઈ ભાણજીભાઈ ઠક્કર અને શાકુબેન બંને સ્વભાવે ખૂબ જ સરળ અને ધાર્મિકવૃત્તિનાં હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણમાં અનન્ય નિષ્ઠા ધરાવતાં ગીગાભાઈ ને શાકુબેનને પ. પૂ. બાપાશ્રી પ્રત્યે પણ અતૂટ હેત ને શ્રદ્ધા હતાં. સાદગીમય અને પ્રભુપરાયણ જીવન જીવતું આ દંપતી પોઠ્યનો વ્યવસાય એટલે કે રસ્તો બનાવનાર મજૂરનું કામ કરતું. જ્યાં જ્યાં રસ્તો બનાવવાનો હોય ત્યાં ત્યાં તેમને કામે જવું પડતું. આથી તેમનું કોઈ સ્થાયી ઘર કે ઠેકાણું નહોતું. રસ્તા બનાવવાનું કામ કરતાં હોય પણ અંતઃકરણમાં તો સતત શ્રીજીમહારાજનું સ્મરણ જ ચાલુ હોય. મહા મહેનતે રળેલી થોડી ઘણી આવકમાંથી પણ સૌ પ્રથમ ભગવાનને વીસમો ભાગ અર્પણ કરતાં. આર્થિક મુશ્કેલીઓ ને વ્યવસાયિક હાડમારીઓ વચ્ચે પણ ભગવાનની દરેક આજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરતાં અને હસતે મોઢે સંતોષપૂર્ણ જીવન જીવતાં.

એક દિવસ માણસ પારખવામાં કુશળ ઝવેરી એવા શેઠ શ્રી શિવલાલભાઈ પારેખને આ દંપતીનો મેળાપ થયો. પ્રામાણિકતા ને નિષ્ઠાથી કામ કરતી આ બેલડી પર શેઠની આંખ ઠરી. પોતાની સાથે ધ્રાંગધ્રાં લાવી શેઠ શ્રી શિવલાલભાઈએ ગીગાભાઈ અને શાકુબેનને રહેવાની વ્યવસ્થા કરી આપી તથા કામ અપાવ્યું. ચીવટ ને ખંતથી કામ

કરવાની ટેવે ગીગાભાઈને બાંધકામના સ્વતંત્ર કોન્ટ્રાક્ટર બનાવી દીધા. ધ્રાંગધ્રાના શ્રી સ્વામિનારાયણ મંદિરના આગલા ભાગનું બાંધકામ ગીગાભાઈએ કરેલું.

ગીગાભાઈ ને શાકુબેનને ત્રણ પુત્રો ને બે પુત્રીઓ હતાં. સૌથી મોટા પુત્ર હરજીવનભાઈ નાની ઉંમરમાં જ પિતાજી જોડે કામમાં જોડાઈ ગયા હતા તેથી અભ્યાસ કરી શક્યા નહોતા. તેઓ સ્વભાવે ખૂબ જ ભોળા ને સરળ હતા. બીજાં પુત્રી ગોદાવરીબેન ભગવાનના અનન્ય ભક્ત હતાં. ભગવાન શ્રી સ્વામિનારાયણને વિષે પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત ગોદાવરીબેન નિર્મળ, પવિત્ર જીવન જીવતાં હતાં. એક વાર ગોદાવરીબેન શ્રીહરિજીનાં પ્રસાદીભૂત સ્થળોએ પંચતીર્થી કરવા નીકળ્યાં હતાં. ફરતાં ફરતાં તેઓ શ્રીજીમહારાજની રાસરમણ ભૂમિ એવા પંચાળા ગામે આવ્યાં. ત્યાં તેમને સમાધિ થઈ ને શ્રીજીમહારાજની અદ્‌ભુત રાસલીલાનાં દર્શન થયાં. સમાધિમાં જ શ્રીજીમહારાજે તેમને કહ્યું જે, “તમે ઉતાવળે ઘેર જાઓ, અમારે તમને ધામમાં તેડી જવા છે.” સમાધિમાંથી જાગ્રત થતાં જ તેઓ ઘેર પાછાં આવ્યાં અને ચોવીસ કલાકમાં જ દેહત્યાગ કરી શ્રીહરિજીના સુખમાં લીન થઈ ગયાં. ત્રીજા પુત્ર અમૃતલાલભાઈ જેઓ ભણી-ગણીને ડૉક્ટર થયેલા તેઓ બુદ્ધિશાળી અને વિદ્વાન હતા. દરેક બાબતને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં ચકાસીને જ સ્વીકારે. ગણ્યા-ગાંઠ્યા જ ભણેલા માણસો મળે એવા જમાનામાં પણ ડૉક્ટર હોવા છતાં ખૂબ જ નિર્માની, ભગવદીય ને સેવાપરાયણ. ગરીબ દર્દીઓનો ઈલાજ તો મફત જ કરતા. ધ્રાંગધ્રા ગામની જૂની પેઢી આજે પણ તેમને ‘ઠક્કર ડૉક્ટર’ના હુલામણા નામથી યાદ કરે છે. ચોથા

પુત્રી માણેકબેન પણ ખૂબ જ ધાર્મિક અને પવિત્ર હતાં. શ્રીજીમહારાજની આજ્ઞાપાલનના તેઓ કડક આગ્રહી હતાં. પોતાના પતિ ધનજીભાઈ પાછળ તેમણે પારાયણ કરાવવાનો સંકલ્પ કરેલો. ત્યાર પછી અચાનક તેમને મંદવાડ વધી જતાં અંતસમો નજીક લાગ્યો. શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે તેવું પણ જણાયું, એટલે તેમણે મુક્તરાજને પ્રાર્થના કરી કે તમે મારા વતી શ્રીજીમહારાજને પ્રાર્થના કરો કે મારો પારાયણનો સંકલ્પ પૂર્ણ થાય પછી સુખેથી ધામમાં તેડી જાય. મુક્તરાજ તો અતિ દયાળુ! તેમણે શ્રીજીમહારાજને પ્રાર્થના કરીને માણેકબેનનો મનોરથ પૂર્ણ કરાવ્યો. થોડા સમય પછી ધનજીભાઈના મોક્ષાર્થે તીર્થધામ શ્રી અબજીબાપાશ્રીની છત્રીએ પારાયણ કરાવ્યા બાદ માણેકબેને દેહત્યાગ કર્યો હતો. પાંચમા પુત્ર આપણા મુક્તરાજ શ્રી નારાયણભાઈ. પૂજ્ય શ્રી નારાયણભાઈમાં માતા-પિતાની સરળતા, પવિત્રતા, ધાર્મિકતા, પ્રામાણિકતા, સાદગી; હરજીવનભાઈનું ભોળપણ; અમૃતલાલભાઈની સેવા પરાયણતા અને વિદ્વતા; ગોદાવરીબેનની ભક્તિભાવના ને નિર્મળતા અને માણેકબાની ધર્મપરાયણતાનો સુંદર સુમેળ સધાયો હતો.

# (3) પ્રાગટ્ય અને બાલ્યકાળ

શાકુબેન અને ગીગાભાઈ જેવા ઉત્તમ કોટીના માતા-પિતાને ત્યાં મુક્તરાજ શ્રી નારાયણભાઈનું પ્રાગટ્ય સંવત ૧૯૭૮ના મહા વદ પાંચમ, ઈ. સ. ૧૯૨૨, ૧૬ ફેબ્રુઆરી, ગુરુવારે સવારે ૧૦:૪૬ કલાકે થયું હતું. પૂજ્યશ્રી નારાયણભાઈ માતાના ગર્ભમાં હતા ત્યારથી શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખતા. દેહ ધારણ કર્યા પછી ય હાલતા-ચાલતા, ઊઠતા-બેસતા, રમતા-જમતા મૂર્તિ તો બસ સામે ને સામે જ દેખાય. મહારાજ પણ આ બાળ મુક્ત સાથે હસે, બોલે, વાતો કરે, સાન કરે એમ અવનવી લીલા કરતા.

બાલ્યકાળમાં જ પિતા ગીગાભાઈ અક્ષરધામનિવાસી થવાથી પૂજ્યશ્રી નારાયણભાઈનું કુટુંબ અદ્વિતીય આર્થિક વિટંબણા અનુભવવા લાગ્યું. ગીગાભાઈના દેહાંત વખતે પૂજ્યશ્રી નારાયણભાઈની ઉંમર ફક્ત પાંચ વર્ષની હતી. આથી શાકુબા ધ્રાંગધ્રા છોડી વઢવાણ માળિયાપામાં રહેતા ભગીરથી બાની બાજુમાં રહેવા આવ્યાં. જેથી કંઈક કામ ને મદદ મળી રહે. સંજોગવશાત્ ભગીરથી બાની બાજુનું જ મકાન ભૂતિયું હોવાને કારણે ખૂબ જ સસ્તા ભાડેથી મળી ગયું. ઓછા ભાડામાં ઘર તો મળ્યું, પરંતુ આ મકાનમાં ભૂત અને જન વાસ કરતા હતા. જે કોઈ ઘરમાં રહેવા આવે તેને ઉપાડીને ઘરની બહાર ફેંકી દે. આથી વર્ષોથી આ ઘર ખાલી જ પડ્યું હતું અને જર્જરિત પણ થઈ ગયું હતું. ઘર મોટું હોવા છતાં ભાડું

ઘણું ઓછું હતું. આથી શાકુબા રાજી થયાં ને પોતાનાં સંતાનો સહિત રહેવા આવ્યાં.

મુક્તરાજે માતાને કહ્યું આપણે બધા મેડી ઉપર રહીશું. શાકુબાને બાપાશ્રીએ કહેલું ત્યારથી મુક્તરાજ પ્રત્યે દિવ્યભાવ અને મહિમા હતા અને તેમના વચનમાં વિશ્વાસ હતો. આથી બધા મેડી ઉપર રહેવા લાગ્યા. નીચે ભૂતો અને જનો જાત-જાતના અવાજ કરે, ધમપછાડા કરે. માતા મુક્તરાજને પૂછે, "આ શેના અવાજ નીચે થાય છે?" ત્યારે મુક્તરાજ શાંતિથી જવાબ આપે કે, "એ તો છોકરાંઓ રમત કરે છે." શાકુબા સાવ ભોળાં એટલે મુક્તરાજની વાત માની જાય. મુક્તરાજે પછીથી એ બધા જ ભૂતો તથા જનોનો મોક્ષ કર્યો ને ભૂતિયા ઘરને તીર્થ સમું બનાવી દીધું. ત્યાર પછી એ ઘરમાં ક્યારેય કોઈ ભૂત કોઈને હેરાન કરતું નહિ. મુક્તરાજ ત્યારે ફક્ત આઠ વર્ષની જ ઉંમર ધરાવતા હતા, પણ મહાપ્રતાપ જણાવતા. આવો પ્રતાપ જોઈ મકાન માલિકે પછી ભાડું લીધેલું નહિ.

આ આખા કુટુંબને ભૂતિયા ઘરમાં આરામથી રહેતું જોઈ ગામમાં પણ લોકોને ભારે આશ્ચર્ય થયું અને બધાને મુક્તરાજનો ઘણો મહિમા થયો. તેઓ મુક્તરાજને એક સિદ્ધપુરુષ તરીકે જાણવા લાગ્યા.

વઢવાણમાં જ આ બાળમુક્તે નિશાળે જવાનું શરૂ કર્યું. પહેલેથી જ વિદ્યાભ્યાસમાં અત્યંત મેધાવી ને તેજસ્વી. તેમાં ય નિર્માનીપણું, શિસ્ત, આજ્ઞાપાલનમાં ખબડદાર વગેરે ગુણોને લીધે શિક્ષકગણના પ્રિય વિદ્યાર્થી થઈ રહેલા. શાળામાં પ્રભાતની પ્રાર્થના તથા કવિતાઓ એવા મધુર કંઠે ગાતા કે સૌનાં દિલ જિતાઈ જતાં. કોઈ પણ વસ્તુ એક વાર વાંચે કે તરત યાદ

રહી જાય. બીજી વાર વાંચવાની જરૂર જ ન રહે. તેમની બનાવેલી નોંધપોથીઓ પણ એટલી વ્યવસ્થિત કે બધા વિદ્યાર્થી મિત્રો તે વાંચવા લઈ જાય ને પોતે તો ઉદારતાની મૂર્તિ. સૌને પોતાની નોંધપોથીઓ આપે ને કોઈને કાંઈ ન આવડતું હોય તો શીખવે પણ ખરા. ઘણી વાર તો વિદ્યાર્થી મિત્રોને શિક્ષક કરતા પૂજ્યશ્રી નારાયણભાઈ પાસેથી સહેલાઈથી સમજાઈ જતું.

શાળાએથી આવી મિત્રો રમવા બોલાવે ત્યારે પોતે વઢવાણમાં જ એકાંત સ્થળે જડેશ્વર મહાદેવનું મંદિર છે, ત્યાં મિત્રને લઈ જાય. બીજી રમતો રમવાને બદલે બધાને બાજુમાં બેસાડી એવી સરસ રીતે મહારાજના અલૌકિક પ્રતાપ ને મહિમાની વાતો કરે કે મિત્રો એ વાતો સાંભળવામાં ગુલતાન બની આજુબાજુનું ભાન પણ ગુમાવી દેતા. પોતાને તો સદાય મહારાજનો સાક્ષાત્કાર હતો અને આથી જ સહજ અંતરવૃત્તિનું અંગ પણ હતું. પોતાના મિત્રો પણ ભગવાન તરફ આગળ વધે તેવા આશયથી મહારાજના મહિમાની વાતો કરી તેઓને ધ્યાન કરતાં શીખવતા. મિત્રો પણ મુક્તરાજની વાતોથી પ્રભાવિત થઈ તેઓ જે પ્રમાણે શીખવે તે પ્રમાણે કરતા. આમ મુક્તરાજ પોતે જે ઉદ્દેશ લઈને પૃથ્વી પર પ્રગટ થયા હતા કે જીવોનું કલ્યાણ કરવું, તેની શરૂઆત નાનપણથી જ કરી દીધી હતી.

એક વખત મુક્તરાજ અને તેમનો એક મિત્ર પરીક્ષા આપવા જઈ રહ્યા હતા અને રસ્તામાં બિલાડી આડી ઊતરી, આથી મિત્ર ત્યાં જ ઊભો રહી ગયો. મુક્તરાજે પૂછ્યું, ‘કેમ ઊભો રહી ગયો?’ મિત્ર કહે, ‘બિલાડી આડી ઊતરી તેથી અપશુકન થયાં, માટે હવે પરીક્ષા સારી નહિ જાય.’ આવું સાંભળતા મુક્તરાજ હસવા લાગ્યા ને બોલ્યા, ‘આ બિલાડી

આપણું ભવિષ્ય નક્કી કરશે? તે બિચારી પણ એક જીવ છે. તે આપણને શું અપશુકન કરવાની? આપણી સાથે મહારાજ છે. તું ચાલવા માંડ. આજની પરીક્ષા તો સૌથી સરસ જશે. આવા ખોટા વહેમ અને અંધવિશ્વાસમાં ક્યારેય ન માનવું. હંમેશાં મહારાજને સંભારી, તેમને ભેળા રાખીને જ સર્વ કાર્ય કરવું એટલે બધા શુકન છે. અપશુકન થાય જ નહિ.' મુક્તરાજનાં આવાં દઢતાપૂર્વકનાં વચનો સાંભળી મિત્રને બળ મળ્યું ને તે ચાલવા લાગ્યો. મુક્તરાજની પરીક્ષા તો હંમેશાં સારી જ જતી, પરંતુ તે દિવસે મિત્રની પરીક્ષા પણ ખૂબ સરસ ગઈ. મુક્તરાજ હંમેશની જેમ પ્રથમ નંબરે પાસ થયા અને તેનો મિત્ર દ્વિતીય નંબરે પાસ થયો. તેને સાનંદાશ્ચર્ય થયું. મુક્તરાજના વચનમાં તેને વિશ્વાસ આવ્યો ને તેણે દરેક કાર્યની શરૂઆત કરતાં પહેલાં ભગવાનની સ્મૃતિ કરી તેમને ભેળા રાખવાનું નક્કી કર્યું.

મુક્તરાજ મિત્રોનો ખોટો અંધવિશ્વાસ દૂર કરતા, મહારાજમાં શ્રદ્ધા રાખવાનું બળ વૃદ્ધિ પમાડતા અને નિર્ભય પણ બનાવતા.

**ઘનશ્યામ મહારાજની મુક્તરાજ પરની અલૌકિક પ્રસન્નતા**

શ્રીજીમહારાજના સંકલ્પથી જ જેઓ જીવોના કલ્યાણ અર્થે આ પૃથ્વી પર પધાર્યા હોય તેમના ઉપર શ્રીજીમહારાજનો સંપૂર્ણ રાજીપો હોય જ તેમાં શંકાને સ્થાન નથી. આવા મુક્ત જ્યારે પોતાનાં દર્શને આવે ત્યારે ભગવાન પ્રતિમામાં રહેલું પ્રત્યક્ષપણું છતું કરી મુક્તોને રાજીપો જણાવે તેમાં મુક્તને નવાઈ નથી. એ તો સામાન્ય જીવો માટે તે સાનંદાશ્ચર્યની

વાત છે.

મુક્તરાજ નાના હતા ત્યારથી જ માતા સાથે કાયમ મંદિરે જતા. વઢવાણ આવ્યા પછી પણ તે નિયમ ચાલુ હતો. દરરોજ સાંજે મંદિરે દર્શન કરવા જાય. ત્યાંના ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ ઊભા રહી એકાગ્રવૃત્તિએ મૂર્તિને નિહાળ્યા કરે, આનંદ પામે અને સુંદર મધુર સ્વરે ભગવાનને કીર્તન સંભળાવે. જેવું સોહામણું મુક્તરાજનું વ્યક્તિત્વ હતું તેવો જ મધુર કંઠ હતો. એટલી નાની વયે મુક્તરાજને સો કીર્તનો કંઠસ્થ હતાં. મુક્તરાજ એ વખતે આઠ વર્ષની ઉંમર ધરાવતા હતા. એકાગ્રવૃત્તિએ મહારાજ સમક્ષ મધુર કંઠે ગવાતા કીર્તનને સાંભળવા દર્શન કરવા આવેલા ભક્તજન પણ મુક્તરાજની આજુબાજુ બેસી જતા. પ. પૂ. ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ગાદીવાળા પણ આડો પડદો રાખી મુક્તરાજના મધુર કંઠે ગવાયેલાં કીર્તનો સાંભળતાં. કીર્તન એવું સુમધુર સ્વરે ગાય કે ભગવાન પણ પોતાના આ લાડીલા મુક્તરાજ પર પ્રસન્નતા જણાવી, રાજી થઈ પ્રતિમાભાવ છોડી દઈ તેમને ભેટે, તેમની સાથે વાતો કરે, હાથનાં લટકાં કરી મુક્તરાજને રાજી કરે, કીર્તનમાં મગ્ન થઈ ડોલે. મુક્તરાજ અને મહારાજના વાર્તાલાપમાં ત્યાં બેઠેલા ભક્તજનોને તો ફક્ત મુક્તરાજનો જ અવાજ સંભળાય, મહારાજના દિવ્ય દર્શન અને અવાજ સાંભળવાનું સદ્‌ભાગ્ય તેઓને પ્રાપ્ત ન થતું. મંદિરમાં રહેતા સાધુ ભક્તિજીવનદાસજી પણ મુક્તરાજ કીર્તન ગાતા હોય ત્યારે પોતાને રોકી ન શકતા સાંભળવા ઊભા રહી જતા. તેઓને આ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું. આ સાધુ શ્રીજીના અનન્ય ભક્ત હતા. નિષ્કામ-નિર્માન-નિઃસ્વાદ આદિ વર્તમાન અતિ દૃઢપણે પાળતા,

નિર્મળ પણ એવા જ. તેમને મુક્તરાજ અને મહારાજના વાર્તાલાપનાં દર્શનનો લ્હાવો મળતો. મહારાજ મુક્તરાજને ભેટે, વાતો કરે, હાથનાં લટકાં કરે તે દર્શન તેમને થતાં. સ્વામી ઘણાં વર્ષોથી દ્રઢપણે ધર્મ નિયમ પાળતા, ભગવાન ભજતા, છતાં ય મહારાજનાં આવા અલૌકિક દર્શન તેમને ક્યારેય થયેલાં નહિ. મુક્તરાજના પ્રતાપે તેમને આવાં દર્શન થયાં. આથી પોતાને ધન્ય માનવા લાગ્યા. મુક્તરાજનો મહિમા જાણી તેમની સાથે તેઓ ખૂબ જ હેત રાખતા અને મુક્તરાજ પણ સ્વામીને કીર્તન સંભળાવતા.

સાધુ ભક્તિજીવનદાસજી સ્વામી એટલે એ જ, જેમણે મુક્તરાજને કંઠી બાંધી પૂજા આપી હતી. મુક્તરાજ જ્યારે વઢવાણ પધાર્યા, ત્યારે મહારાજે તેમને દર્શન આપી કહ્યું હતું, આ સ્વામી તમને કંઠી બાંધી પૂજા આપશે. મુક્તરાજ તો અનાદિમુક્ત હતા. તેમને તો શ્રીજીમહારાજ સદાય સાથે જ હતા, પરંતુ અવરભાવની દ્રષ્ટિએ સ્વામીને પોતાના કંઠી ગુરુ તરીકે સ્વીકાર્યા. સ્વામીએ તેમને મોટા મુક્ત જાણી કંઠી બાંધી વર્તમાન ધરાવ્યા અને પૂજા આપી, તો સામે પક્ષે મુક્તરાજે પોતાના આ કંઠી ગુરુની ભાવે સહિત ઘણી સેવા કરી તેમનો રાજીપો મેળવ્યો હતો.

ઘનશ્યામ મહારાજની મૂર્તિ આ બાળમુક્ત સાથે અવનવી લીલાઓ કરે છે એ વાતની જાણ ધીમે ધીમે બધાને થવા લાગી. પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના કૃપાપાત્ર એવા ડૉ. મણિલાલભાઈ આદેશરા પણ વઢવાણમાં પોતાનો ડૉક્ટર તરીકેનો વ્યવસાય કરતા. પૂજ્યશ્રી નારાયણભાઈ વિષે જાણ થતા તેમને થયું કે આવી સ્થિતિ તો જે શ્રીહરિજીના પરમ

લાડીલા મુક્ત હોય તેમની જ હોય. તો આવા મુક્તરાજનો લાભ આપણે પણ શા માટે ન લેવો. આથી તેમણે શ્રી નારાયણભાઈને મળી વાત કરી જે મુક્તરાજ! તમે તો મહારાજ સાથે વાત કરી શકો છો! તો મારા વતી એટલી પ્રાર્થના મહારાજને કરોને કે મને પણ તેમની દિવ્ય અલૌકિક મૂર્તિનાં દર્શન આપે. પૂજ્યશ્રી નારાયણભાઈ કહે કે ભલે! થોડી વાર અંતર્વૃત્તિ કરી પછી મણિલાલભાઈને કહ્યું જે મહારાજ તમને દર્શન આપવાની ના પાડે છે. આ સાંભળી મણિલાલભાઈ ગળગળા થઈ ગયા અને ફરીથી મહારાજને આજીજીપૂર્વક વિનંતી કરવા કહ્યું. પૂજ્યશ્રી નારાયણભાઈએ ફરીથી મહારાજને આગ્રહપૂર્વક પ્રાર્થના કરી. છેવટે મહારાજે કહ્યું કે ભલે આજે સાંજે સંધ્યા આરતી બાદ જ્યારે બધા જ હરિભક્તો મંદિરમાંથી જતા રહે ત્યારે તમે તેમને મારી મૂર્તિની સામે બેસવાનું કહેજો. પૂજ્યશ્રી નારાયણભાઈએ આ વાત મણિલાલભાઈને કહી. મણિલાલભાઈ આ સાંભળી ખૂબ રાજી થયા અને સાંજે મહારાજે કહ્યા પ્રમાણે મૂર્તિની સામે બેસી ગયા. મંદિરમાં પૂજ્યશ્રી નારાયણભાઈ, મણિલાલભાઈ અને દૂર બેઠેલા શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી એમ ત્રણ જણ જ હતા. થોડી વાર ઘનશ્યામ મહારાજે તેમનો ડાબો હાથ હલાવી મણિલાલભાઈને પોતાના પ્રત્યક્ષરૂપનાં દર્શન આપ્યા. મણિલાલભાઈ તો આ દર્શનથી એટલા બધા રોમાંચિત થઈ ગયા કે ગેલમાં આવી તેમણે તો પૂજ્યશ્રી નારાયણભાઈને આખા તેડી લીધા ને નાચવા લાગ્યા.

આવા દર્શનથી મુક્તરાજનો મહિમા જાણી શકુબાને આંખની તકલીફમાં મણિલાલભાઈએ સેવા કરી હતી.

કેવળ મણિલાલભાઈ જ નહિ પણ બાપાશ્રીના સમકાલીન ને તેમની કૃપાના ભાજન બનેલા અનેક સંતો-મુક્તો પૂજ્યશ્રી નારાયણભાઈની સ્થિતિ સમજતા અને દિવ્યભાવ રાખતા. સ. ગુ. શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, સ. ગુ. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, સ. ગુ. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી, સ. ગુ. શ્રી દેવજીવનદાસજી સ્વામી, સ. ગુ. શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી આદિ મૂળી ધામના અનેક સંતો તેમ જ બાપાશ્રીના હજુરી સેવક આશાબાપા, નિરાવરણ દૃષ્ટિવાળા મનસુખબાપા, દેવરાજભાઈ, ભુરાબાપા, ચતુરબાપા, સોમચંદબાપા આદિ મુક્તો તે સૌ પૂજ્યશ્રી નારાયણભાઈ પ્રત્યે અત્યંત હેતભાવ રાખતા. તેમાં પણ સ. ગુ. શ્રી ભગવત્- સ્વરૂપદાસજી સ્વામી ને મનસુખબાપા તો તેમના પર વિશેષ રાજીપો જણાવતા.

દસમા ધોરણ સુધી મુક્તરાજ વઢવાણ રહ્યા. ત્યાર બાદ પાછા ધ્રાંગધ્રા આવ્યા. ત્યારે મુક્તરાજની ઉંમર આશરે પંદર-સોળ વર્ષની હતી.

# ૪ શૈક્ષણિક કારકિર્દી

ધ્રાંગધ્રા પાછા આવ્યા પછી થોડા જ સમયમાં અચાનક શાકુબાની તબિયત બગડતાં પૂજ્યશ્રી નારાયણભાઈએ મેટ્રિકનું વર્ષ હોવા છતાં એડમિશન ન લીધું ને માતુશ્રીની સેવામાં લાગી ગયા. માતુશ્રીની સેવા-ચાકરી કરે, પાસે બેસી ભગવાનની વાતો કરે. આ જોઈ માતુશ્રી પણ ધન્યતા અનુભવતાં. મુક્તરાજને પ્રાર્થના કરતાં કહેતાં જે, “મારાં પૂર્વનાં કોઈ બહુ મોટાં પુણ્ય હશે, જેથી તમારા જેવા મુક્તની હું મા થઈ. મને બાપાશ્રીનાં વચનો બરાબર યાદ છે. તમે મોટા મુક્ત છો અને મહારાજના સંકલ્પથી અહીં પધાર્યા છો. વઢવાણમાં ભૂતોનો મોક્ષ કર્યો હતો તે પણ મને યાદ છે. હવે મારી એટલી જ પ્રાર્થના છે કે મને ઠેઠ મહારાજના સુખમાં મૂકી દેજો.” મુક્તરાજ બોલ્યા, “મા! તમે તો મહારાજના અતિ કૃપાપાત્ર છો, આખી જિંદગી ભગવાનને સંભાર્યા છે તો હવે ભગવાન કાંઈ તમને મૂકી નહિ દે. તમે ભગવાનનું સ્મરણ કર્યા કરો અને મૂર્તિ ધારો.” માતુશ્રીનો અંતસમય છે એમ જાણી પૂજ્યશ્રી નારાયણભાઈએ માતુશ્રીને શ્રીજીમહારાજના અલૌકિક દિવ્ય સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવી તેમાં જોડી દીધા. શાકુબા પણ મુક્તરાજની પરભાવની વાણી સાંભળી અંતરમાં અદ્‌ભુત શાંતિનો અનુભવ કરતાં સદાયને માટે શ્રીહરિજીના સ્વરૂપમાં લીન થયાં.

માતુશ્રીના દેહવિલય બાદ પૂજ્યશ્રી નારાયણભાઈએ અભ્યાસ પુનઃ શરૂ કર્યો. મેટ્રિક ધ્રાંગધ્રામાં જ કર્યું. તેમાં પણ

પ્રથમ શ્રેણીમાં પાસ થયા.

ત્યાર પછી ભાવનગરની શામળદાસ કૉલેજમાં એક વર્ષ રહી ઈન્ટર સાયન્સ પ્રથમ શ્રેણીથી પાસ કર્યું. ત્યાંથી બી. એસસી. પૂરું કરવા સુરત આવ્યા. વઢવાણના આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજ પૂજ્યશ્રી નારાયણભાઈ વઢવાણ રહેતા ત્યારથી તેમને મુક્તપુરુષ તરીકે જાણતા. વળી પૂજ્યશ્રી નારાયણભાઈ અભ્યાસમાં પણ તેજસ્વી હતા તેથી આચાર્ય મહારાજશ્રીએ સુરત મંદિરના સ્વામી હરિજીવનદાસજી પર ભલામણ પત્ર લખી આપ્યો હતો. તે પત્ર લઈ મુક્તરાજ સુરત પધાર્યા. આ દરમ્યાન મુક્તરાજ પૂ. લીલાબેન સાથે ગૃહસ્થજીવનમાં જોડાઈ ગયા હતા. જે વિષે આગળ વિગતે જોઈશું. સુરતની એમ. ટી. બી. સાયન્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને ત્યાંની જ હૉસ્ટેલમાં રહેવા લાગ્યા. હૉસ્ટેલથી મંદિર લગભગ ચાર થી પાંચ કિ.મી. દૂર થાય. મુક્તરાજ દરરોજ સાયકલ પર મંદિરે જમવા જતા. આર્થિક પરિસ્થિતિ સાવ દુર્બળ હોવાથી મુક્તરાજ હૉસ્ટેલની રૂમમાં ફોતરાવાળી શિંગ રાખી મૂકતા. ફોતરાવાળી શિંગ જલદી બગડી ન જાય, તે ભરી રાખે ને ભૂખ લાગે ત્યારે એ શિંગ અને ગોળ નાસ્તામાં લેતા. કૉલેજમાં અભ્યાસ કરતા હોવા છતાં ય પોતે સંપૂર્ણ સાદાઈ રાખતા અને ખૂબ જ મર્યાદામાં રહેતા. બહેનોનો અજાણતાય ક્યારેય સ્પર્શ ન થઈ જાય તેની ચીવટ રાખતા. સહજ અંતર્વૃત્તિનું અંગ એટલે વર્ગમાંથી બહાર નીકળીને આડુંઅવળું જુએ નહિ. મહારાજમાં વૃત્તિ રાખી અર્ધબીડેલી આંખો રાખીને જ ચાલતા.

સુરતમાં એ વખતે મુક્તરાજે ન્યૂમોનિયા તાવ ગ્રહણ કર્યો

હતો. મંદવાડ વધતા હૉસ્પિટલમાં લઈ જવા પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ, પરંતુ મુક્તરાજે હૉસ્પિટલમાં જવાની અનિચ્છા દર્શાવી. કારણ કે ત્યાં સ્ત્રી નર્સ તેમને અડે તે તેઓને પસંદ ન હતું. આથી હૉસ્ટેલમાં જ રહેતા, પરંતુ ત્યાં એકલા રહે અને કોઈ સેવા કરનાર ન હોવાથી એક સત્સંગી ભાઈ ઘનશ્યામભાઈએ તેમને પોતાને ઘેર લઈ જઈ મુક્તરાજની સેવા કરી. એ દરમ્યાન પૂ. લીલાબેન આવી મુક્તરાજને મુંબઈ સારવાર માટે લઈ ગયાં. ત્યાં થોડા દિવસની સારવાર બાદ મુક્તરાજને પાટણ લઈ ગયા. ત્યાર બાદ હેતવાળા હરિભક્તોની આજીજીભરી પ્રાર્થનાથી મંદવાડને રજા આપી. આ મંદવાડની લીલા લાંબી ચાલતા બી. એસસી.ના છેલ્લા વર્ષમાં એડમિશન ન મેળવી શક્યા. ખાલી સમયમાં મુક્તરાજે થોડો સમય નોકરી કરી લેવાનું વિચાર્યું.

શિક્ષકની નોકરી મળતા મુક્તરાજ થોડા સમય માટે પાટણમાં જ રોકાયા. અહીંની ન્યુ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી લાંબો મંદવાડ ગયો હોવાથી પૂ. લીલાબેન મુક્તરાજ સાથે અહીં રહેવા આવ્યાં હતાં. સીમિત આવકમાંથી ઘર ચલાવવાનું હોવાથી મુક્તરાજે રૂગનાથની પોળમાં ઓછા ભાડાવાળું એક મકાન ભાડે રાખ્યું. આ ઘરની બાજુના મકાનમાં ભૂત રહે. પોતાની જાણ કરવા એક વખત પૂ. લીલાબેન સાંજે નિત્ય-નિયમ કરતાં હતાં ત્યારે તેમને દોરડું માર્યું. દોરડું દેખાય, પરંતુ ભૂત ન દેખાય. લીલાબેન નીડર, આથી જરા પણ ગભરાય નહિ. મુક્તરાજે દયા આણી તે ભૂતનો મોક્ષ કર્યો. થોડા સમય બાદ તે ઘર બદલી ગિરધારીના પાડામાં માસિક છ રૂપિયા ભાડેથી બીજું ઘર રાખી ત્યાં રહેવા આવ્યા.

અહીં તો ઘરમાં જ જન થતા હતા. આ જનો જાતજાતના અવાજો કરે, તાળાં તૂટવાના અવાજો આવે, અભેરાઈ પર વાસણ ગોઠવ્યાં હોય તે પાડી નાખે. આવી અનેક પ્રકારની ધમાલ કરે. મુક્તરાજનાં બહેન માણેકબેનને તો એક વખત દેખાયું પણ હતું. મુક્તરાજ જેવા અનાદિમુક્ત દયા આણી જો આવા ઘરમાં રહેવા આવે તો જ ભૂતોનો મોક્ષ થાય ને! આ ઘરના ભૂતોનો પણ મુક્તરાજે મોક્ષ કર્યો અને ઘરને ભૂતોથી મુક્ત કરી તીર્થરૂપ બનાવ્યું. આ રીતે મલિન વાસનાવાળા જીવોનો પોતાના પ્રતાપે મોક્ષ કરતા તે અંગેનો ધ્રાંગધ્રામાં બનેલ એક બીજો ઉલ્લેખનીય પ્રસંગ અત્રે અસ્થાને નહિ ગણાય. એક વખત મુક્તરાજ, પૂ. દિવાળીબા તથા પૂ. લીલાબેન એમ ત્રણેય જણા પૂ. દિવાળીબાના સંબંધીને ઘરેથી નીકળી રાત્રે ૧૨ વાગ્યા પછી પોતાને ઘેર આવતા હતા ત્યારે માર્ગમાં કાશીકૂવો આવે છે. ત્યાં ઘણાં ભૂતો થતાં. ગામમાંથી કોઈ પણ રાત્રે ત્યાં જઈ શકતું નહિ. જેવા આ ત્રણેય મુક્તો નીકળ્યા કે દિવાળીબાએ કૂવા ઉપર અસંખ્ય ભૂતો જોયાં. મુક્તરાજ તો મહારાજના સ્વરૂપમાં અંતર્વૃત્તિએ યુક્ત ચાલતા હતા. દિવાળીબાએ ‘નારાયણભાઈ! આ જુઓ તો ખરા’, એમ બૂમ પાડી. તેથી મુક્તરાજ થોભી ગયા ને ભૂતો ઉપર કૃપાદૃષ્ટિ કરી ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલી બધા ઉપર પાણી છાંટ્યું. તેથી બધાં ભૂતોનો મોક્ષ થયો ને તે સ્થાનને નિર્ભય બનાવ્યું, આથી ગ્રામજનોને સાનંદાશ્ચર્ય થયું.

એક વખત શાળામાં તેમનો વર્ગ હતો અને એ જ સમયે આચાર્યે કામ હોવાથી મુક્તરાજને પોતાના કાર્યાલયમાં બોલાવ્યા. તે દરમ્યાન જ નિરીક્ષકો આવ્યા. શાળામાં બધે ફરતા મુક્તરાજના વર્ગમાં પણ ગયા. મુક્તરાજની શિક્ષણ પદ્ધતિથી

પ્રભાવિત થઈ તેઓ આચાર્યની ઑફિસમાં આવ્યા. મુક્તરાજને ઑફિસમાં બેઠેલા જોઈ અચંબામાં પડી ગયા. અવાચક્ થઈ જોયા કરે, મોઢામાંથી શબ્દો નીકળે નહિ. આચાર્યએ મુક્તરાજની ઓળખાણ આપતા કહ્યું, "આ અમારી શાળાના શ્રેષ્ઠ શિક્ષક છે અને ભગવાનના બહુ મોટા ભક્ત છે." નિરીક્ષકો ડઘાઈ ગયા હતા. કહેવા લાગ્યા, "આમને હમણાં વર્ગમાં જોઈને જ આવ્યા અને અહીં પણ તેઓ કામ કરે છે! એક જ વ્યક્તિ એક સમયે બે જગ્યાએ કઈ રીતે હોઈ શકે? આ અશક્ય છે." આવું સાંભળતાં મુક્તરાજ બોલ્યા, "તમે મને વર્ગમાં જોયો હશે તો એ શ્રીજીમહારાજે તમને એવું દેખાડ્યું હશે, કારણ કે હું તો ક્યારનો અહીં કામ કરું છું." નિરીક્ષક દંગ રહી ગયા. તેમને મુક્તરાજનો ઘણો મહિમા થયો. વાત સાંભળી આચાર્ય પણ મુક્તરાજને વંદન કરી રહ્યા.

ભગવાનના જ સંકલ્પથી અહીં વિદ્યમાન થતા તેમના લાડીલા અનાદિમુક્તોને ભગવાન સાથે સ્વામી-સેવકભાવે એટલી બધી એકતા હોય છે કે તેમના દ્વારે શ્રીજીમહારાજ પોતે કાર્ય કરે છે અને ઘણી વખત આવી રીતે તેમના જેવું રૂપ ધરી તેમની જગ્યાએ કાર્ય પણ કરે છે.

પાટણમાં થોડા મહિના નોકરી કર્યા બાદ નવું વર્ષ શરૂ થતાં બી. એસસી.નું છેલ્લું વર્ષ બાકી હોવાથી ભાવનગરની કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. છેલ્લું વર્ષ હોવાથી ખૂબ જ ખંતથી અભ્યાસ કર્યો અને ઈ. સ. ૧૯૪૬માં પ્રથમ શ્રેણીમાં બી. એસસી. પાસ થયા અને ત્યાર બાદ અમદાવાદ જઈ ડી. ટી. સી.નો (ડિપ્લોમા ઈન ટેક્સટાઈલ કેમેસ્ટ્રીનો) અભ્યાસ કર્યો. અવરભાવની દૃષ્ટિએ કહેવાતો અભ્યાસક્રમ મુક્તરાજે પૂર્ણ કર્યો.

## ૫ અનોખું ગૃહસ્થજીવન

શ્રીજી સંકલ્પથી પધારેલા અનાદિમુક્તનો એક માત્ર ઉદ્દેશ પૃથ્વી પરના વધારેમાં વધારે જીવોનું કલ્યાણ થાય તે જ હોય છે. પછી તેઓ એ ઉદ્દેશને ત્યાગીજીવનમાં રહીને સાર્થક કરે કે ગૃહસ્થજીવનમાં રહીને સાર્થક કરે. તેમને કોઈ ફર્ક પડતો નથી.

મુક્તરાજ સદ્‌ગુણી, સદાચારી, નિષ્કામી વગેરે અનેક ગુણોએ યુક્ત હોવાથી મૂળીના સદ્‌ગુરુ સ્વામીશ્રી શ્વેતવૈકુંઠદાસજીની ઈચ્છા મુક્તરાજને સાધુ કરવાની હતી. આવા સદ્‌ગુણી મુક્ત સાધુ થાય તો સારા ય સંપ્રદાયમાં મહારાજનો મહિમા વૃદ્ધિ પામે તેવો તેમનો વિચાર હતો, પરંતુ મુક્તરાજ મનસુખબાપાએ સ્વામીને કહ્યું, “તમે આમને સાધુ કરવાનું વિચારો છો, પરંતુ મહારાજની મરજી જુદી છે. મને મહારાજ તથા બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું છે, ‘નારાયણભાઈ ગૃહસ્થજીવન વિતાવે.’ માટે તેઓ ગૃહસ્થાશ્રમમાં રહેશે.” મહારાજ-બાપાની આવી મરજી જણાતાં સ્વામી કાંઈ બોલી શક્યા નહિ. આવા જીવનથી ભાઈઓ તથા બહેનો બંનેને સેવા સમાગમનો લાભ મળે અને આત્યંતિક કલ્યાણ થાય તેવા આશયથી મુક્તરાજે પણ આ વિચારને અનુમતિ આપી.

મુક્તરાજ મનસુખબાપાએ શ્રીજી પ્રેરણાથી ગૃહસ્થ-જીવનના સાથી રૂપે પૂજ્ય લીલાબેનનું સૂચન કર્યું. લીલાબેનનું કુટુંબ એ વખતે પૈસાપાત્ર ગણાતું. લીલાબેન કોન્વેન્ટ સ્કૂલમાં ભણતાં અને ગમે ત્યાં જવું હોય તો મોટરકારમાં જ જતાં.

મુક્તરાજની આર્થિક પરિસ્થિતિ તો સાવ દુર્બળ. અવરભાવની દૃષ્ટિએ જોતાં આ સગપણ અશક્ય હતું. બંને કુટુંબની આર્થિક પરિસ્થિતિ તદ્દન વિપરીત હતી. આથી મુક્તરાજની જ્યારે લીલાબેન સાથે પ્રથમ મુલાકાત થઈ, ત્યારે તેમણે પોતાની વ્યાવહારિક પરિસ્થિતિથી લીલાબેનને વાકેફ કર્યા અને તેઓ આવી પરિસ્થિતિમાં રહી શકશે કે કેમ તે વિશે લીલાબેનના વિચારો જાણ્યા. લીલાબેનની ઉંમર તે વખતે તેર વર્ષની જ હતી. આટલી નાની વય છતાં ય પ્રભુપ્રેરણાથી સમજુ સ્ત્રીને છાજે તેવો સુંદર જવાબ મુક્તરાજના પ્રશ્નનો આપતા બોલ્યાં, “આપની પાસે એક રોટલો હશે તો તેમાંથી હું અર્ધો ખાઈશ અને ગમે તેવી પરિસ્થિતિમાં ભગવાનને સંભારી આનંદથી રહીશ.” મહારાજે જે સંબંધ નક્કી કર્યો હોય પછી તેમાં કોઈ વાંધો ક્યાંથી હોય? લીલાબેનના આવા જવાબથી મુક્તરાજ પ્રસન્ન થયા અને ઈ. સ. ૧૯૪૪માં લીલાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. લગ્નની પ્રથમ રાત્રે જ મુક્તરાજે પોતાના આદર્શો જણાવી આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાલન કરવાનો વિચાર લીલાબેનને જણાવ્યો. લીલાબેને તેનો સહર્ષ સ્વીકાર કર્યો. દંપતીએ એકબીજાને આપેલો એ કોલ જીવનપર્યંત પાળ્યો. જીવનનાં ઘણાં વર્ષો સુધી તો તેમણે ચોવીસે કલાક ઘરનાં બારણાં ખુલ્લાં રાખ્યાં હતાં. ધૈર્ય, હિંમત અને એક બીજાને હૂંફ અને સાથ-સહકાર આપવાની ભાવના આ દંપતીમાં સહજપણે જોવા મળતી હતી. નાની-મોટી માંદગીમાં એકબીજાની સહાયતા કરે, કોઈ સમસ્યા હોય તો વિચારોની આપ-લે કરી તેનું સમાધાન કરતાં. એકમેકને પૂરતા સંતોષ અને પુષ્ટિ આપ્યાનું અનેરું તેજ અને દિવ્યતા બંનેના મુખ પર ઝળકતાં.

અનાદિ મુક્તમાં તો આવા દરેક ગુણો સહજ હોય છે,

પરંતુ બીજાને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે માટે આવું વર્તન દાખવતા. પતિ-પત્નીએ પોતાના ગૃહસ્થજીવનમાં કેવું સુંદર અનુકૂલન સાધવું જોઈએ તેના માટેનું આ દિવ્ય મુક્તોનું જીવન આદર્શ ઉદાહરણરૂપ છે. સામાન્ય ગૃહસ્થોનું જીવન સંસારી અને આસક્તિમય હોય છે. જ્યારે આ દંપતીનું જીવન એથી તદ્દન વિરુદ્ધ. પરમાર્થના પંથે પ્રભુમય જીવન જીવતાં તેમણે વિશ્વમાં સુપ્રસિદ્ધ એવા રામકૃષ્ણ પરમહંસ અને મા શારદામણિદેવીના જેવું આદર્શ ગૃહસ્થજીવન ચરિતાર્થ કરી બતાવ્યું.

# ૬ આદર્શ સહચારિણી

પૂજ્ય લીલાબેન એટલે આદર્શ નારી. સંપૂર્ણ પતિપરાયણ, નિષ્કામી, નિર્ગુણ, પ્રેમાળ, સેવાભાવી અને નિષ્કપટ, નિર્માની પણ એવાં જ. તેમનાં દર્શન કરનારને તેમના મુખ પરના મૂર્તિમંત સતીત્વનાં અચૂક દર્શન અનુભવાય. સત્સંગમંડળ તેમને માસીના હુલામણા નામથી સંબોધે છે. ધનસંપત્તિએ યુક્ત કુટુંબમાંથી આવ્યા હોવા છતાં ય મુક્તરાજની ટૂંકી આવકમાં રાજી થકા રહે. તેમાં ય મુક્તરાજના કહેવાથી કરકસરયુક્ત જીવન પણ જીવે, છતાં ય ક્યારેય કોઈ રાવ-ફરિયાદ નહિ. પરિસ્થિતિ ગમે તે હોય, સુખ હોય કે દુઃખ દરેક પરિસ્થિતિમાં સદાય હસતે મુખે મુક્તરાજની સાથે જ હોય. આર્થિક ભીંસ હોય કે પછી ભૂતોવાળું ઘર હોય, નીડર થઈ સાહસપૂર્ણ રીતે પરિસ્થિતિનો સામનો કરે ને મુક્તરાજને સર્વપ્રકારે સહકાર આપે. મુક્તરાજના ગમા-અણગમાનો પૂર્ણપણે ખ્યાલ રાખે. મુક્તરાજને જે કાર્ય કે વસ્તુનો અણગમો હોય તે ક્યારેય કરે નહિ ને તેવી વસ્તુ રાખે નહિ. ક્યારેય ઊંચે અવાજે બોલે નહિ. ક્યાંય બહાર જવું હોય, મંદિરે દર્શન કરવા જવું હોય, તો પણ મુક્તરાજની અનુમતિ લઈને જ જતાં. પોતે મર્જાદી પ્રકૃતિ રાખતાં, ઘરમાં એકલાં હોય ત્યારે કોઈ પણ પુરુષને ઘરમાં પ્રવેશવા દેતાં નહિ. દરેક જણ પ્રત્યે લાગણી અને કરુણા દાખવે. કોઈને જમાડે ત્યારે મા સમ પ્રેમ દાખવી આગ્રહપૂર્વક જમાડે. ઘરમાં અનાદિમુક્તના ઘરને શોભે તેવી

સ્વચ્છતા, સુઘડતા અને પવિત્રતા જાળવે. પોતાની પાસે આવનાર દરેક નાની-મોટી બહેનોમાં તથા નાનાં બાળકોમાં સંસ્કાર સિંચન કરે. રસોઈ બનાવવા સહિતના તમામ ગૃહકાર્યની સુંદર વ્યવસ્થા કેવી રીતે કરવી, ભગવાનનું ધ્યાન-ભજન કેવી રીતે કરવું વગેરે દરેક બાબત પ્રેમપૂર્વક શીખવે. તેમના વિષે મુક્તરાજ કહેતા, "સ્ત્રીઓનો આશ્રમ સ્થાપ્યો હોય તો લીલામાસી શ્રેષ્ઠ ગૃહમાતા તરીકે સાબિત થાય તેવા દરેક ગુણો તેમનામાં છે."

મહારાજમય પોતાનું જીવન બનાવી, મુક્તરાજના આદર્શો અને સિદ્ધાંતોને પોતાના આદર્શો અને સિદ્ધાંતો બનાવ્યા અને આદર્શ સહચારિણીનું સચોટ ઉદાહરણ સમાજ સમક્ષ ખડું કર્યું.

## ૭ વ્યવસાય

અમદાવાદમાં પૂજ્યશ્રી નારાયણભાઈએ વ્યવસાયની શરૂઆત દરિયાપુરમાં આવેલી પ્રિમિયર હાઈસ્કૂલમાં ટીચર તરીકે કરી. પ્રામાણિકતાના અતિ આગ્રહી એવા પૂજ્યશ્રી નારાયણભાઈએ આ શાળામાં તેમની અનુરુચિ ન જળવાતાં રાજીનામું આપ્યું.

તે વખતે અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી કેશવલાલ કારભારીના પિતાશ્રી કારભારી હતા. તેમને પૂજ્યશ્રી નારાયણભાઈની સ્થિતિની થોડી ઘણી જાણ હતી. એક મોટી મિલ (કેલિકો મિલ)ના શેઠનાં પત્નીને ટી.બી. થયેલો. કારભારીને શેઠ જોડે ઓળખાણ એટલે પૂજ્યશ્રી નારાયણભાઈને વિનંતી કરી શેઠના બંગલે લઈ ગયા. શેઠે પોતાની પત્નીને સાજા કરવા પ્રાર્થના કરી ત્યારે પૂજ્યશ્રી નારાયણભાઈએ કહ્યું કે હું તો શ્રીજીમહારાજને પ્રાર્થના કરું. મંદવાડ મટાડવો એ તો તેમના હાથમાં છે પણ ત્યાં સુધી હું તમને આ શ્રીજીમહારાજની મૂર્તિ આપું છું તેની આગળ રોજ દીવો કરજો ને શેઠાણીબા જે કંઈ પણ જમાડે તે આ ભગવાનની મૂર્તિને ધરાવી પછી જમે. શેઠ કહે ભલે. દિવ્ય ઉપચાર શરૂ થયો ને થોડા જ દિવસમાં અસર દેખાવા લાગી. ટૂંક સમયમાં શેઠાણી બિલકુલ સાજા થઈ ગયાં ને શેઠને પૂજ્યશ્રી નારાયણભાઈનો ગુણભાવ આવ્યો. શેઠને જ્યારે ખબર પડી કે પૂજ્યશ્રી નારાયણભાઈએ ડી. ટી. સી. કરેલું છે ને

નોકરીની શોધમાં છે ત્યારે તેમણે પોતાની મિલમાં જ ડાઈંગ આસિસ્ટન્ટ તરીકે મહિને રૂ.૩૫૦ના પગારથી રાખી લીધા. તે વખતે પૂજ્યશ્રી નારાયણભાઈના ઉપરી ડાઈંગ માસ્ટર મિસ્ટર ભટ્ટ કરીને હતા. તેઓ ડાઈંગ માટે વપરાતા રંગની ખરીદીમાં કમિશન લેતા. આથી તેમણે પૂજ્યશ્રી નારાયણભાઈને પણ વધારે કમિશન આપતી કંપનીના રંગ હલકી ગુણવત્તાના હોવા છતાં ખરીદવાની ભલામણ કરવા કહ્યું. આ મુક્તરાજ માટે તો આ વાત શક્ય હતી જ નહિ. એટલે નોકરી છોડવાનો નિર્ધાર કરી ઘેર આવતા હતા ત્યાં રસ્તામાં આવતી સરસ્વતી વિદ્યામંડળની શાળા બહાર શિક્ષકોની ભરતી માટેની લાઈન જોઈ. મુક્તરાજ પણ લાઈનમાં ઊભા રહી ગયા અને ઈન્ટરવ્યૂમાં પસંદ થયા. સરસ્વતી વિદ્યાલયમાં ગુણવત્તા ને પ્રામાણિકતાનું ઊંચું ધોરણ જણાતા નોકરી સ્વીકારી લીધી. અહીં તેમને પગાર મહિને રૂ.૬૦નો હતો અને વાર્ષિક રૂ.૫નો પગાર વધારો મળતો. આ શાળા સરસપુર વિસ્તારમાં હોવાથી ઘર પણ આ જ વિસ્તારમાં ભાડેથી લીધું. શિક્ષક થયા એટલે વડોદરા જઈ બી. ટી. (બેચલર ઈન ટિચિંગ) કર્યું. ભારતના ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી એચ. એમ. પટેલ તથા જાણીતા કેળવણીકારો શ્રી હરભાઈ ત્રિવેદી અને રઘુભાઈ નાયક સરસ્વતી વિદ્યામંડળના મુખ્ય સંચાલકો હતા. પૂજ્યશ્રી નારાયણભાઈની કાર્યદક્ષતા તથા વહીવટી સૂઝથી તેઓ ઘણા પ્રભાવિત થયા ને તેમને સરસ્વતી વિદ્યમંડળની જ જે. એન. વિદ્યાલય કન્યાશાળામાં આચાર્યપદ સોંપ્યું. નિષ્ઠાવાન તથા ઉચ્ચ ચારિત્ર્યવાન આચાર્ય તરીકે સેવા બજાવી પૂજ્યશ્રી નારાયણભાઈએ ઉજ્જવલ આદર્શો સ્થાપ્યા. સહકાર્યકર તથા

વિદ્યાર્થીઓ મુક્તરાજનો કેવળ આદર્શ આચાર્ય તરીકે જ નહિ, બલ્કે એક મહાન સંત તરીકે પણ આદર કરતા. કોઈ પણ કાર્ય કરતા પહેલાં તેઓ મુક્તરાજના આશીર્વાદ લેવા આવતા. મુક્તરાજ પણ સ્ટાફના સભ્યોને પરિવારના સભ્યોની જેમ જાળવતા અને વિદ્યાર્થીઓ પર કરુણાદૃષ્ટિ રાખતા. દયાળુ સ્વભાવ છતાં તેઓ સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, ચારિત્ર્યશીલતા ને કડક શિસ્તપાલનના આગ્રહી હતા. ભણવાની સાથે અધ્યાત્મની વાતો થઈ જાય, છતાં ય વિદ્યાર્થીને વિષય ભણવાનો સતત ઉત્સાહ રહે એવી મુક્તરાજમાં સમજાવવાની કળા હતી.

દરેક વિદ્યાર્થી મર્યાદામાં રહીને જ વર્તન કરે તેની તેઓ તકેદારી રાખતા. તેમની હાજરીમાં કોઈ મર્યાદા બહારનું વર્તન કરી શકતું નહિ, તેવો તેમનો પ્રભાવ હતો. શિસ્તપાલનની સાથે વિદ્યાર્થી નીડર અને સાહસિક બને તે પણ મુક્તરાજ જોતા. એક વખત પર્યટનમાં ગયા હતા ત્યારે રાત્રે એક ગામમાં ઉતરવાની ક્યાંય વ્યવસ્થા ન મળતા વિદ્યાર્થીઓને કબ્રસ્તાનમાં લઈ ગયા અને કહ્યું, “જેમ આ બધા સૂતા છે, તેમ આપણે પણ ભગવાનનું નામ લઈ ગભરાયા વગર સૂઈ જઈએ. ભગવાન કોઈને કાંઈ થવા નહિ દે. હિંમત રાખી બધા સૂઈ જાવ.” વિદ્યાર્થીઓ મુક્તરાજનો સંત તરીકે આદર કરતા, આથી તેમના વચનમાં વિશ્વાસ રાખી, ભગવાનનું નામ લઈ નિર્ભય થઈ બધા સૂઈ ગયા. મુક્તરાજ વિદ્યાર્થીઓને નીડર તથા હિંમતવાન બનવાનું કહેતા અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તેવું આયોજન પણ કરતા.

શાળામાં દરેક જીવનું કલ્યાણ થાય અને ચોમેર પ્રભુની દિવ્યતા પ્રસરે તે હેતુથી મુક્તરાજ પાણીની ટાંકીમાં

ચરણરજ નંખાવતા અને દરેક જણ તે પાણી પીવાના ઉપયોગમાં લે તેવો આગ્રહ રાખતા. તેમની શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન તેમના રિસર્ચ પેપર 'મોડર્ન એજ્યુકેશન થિયરી વીથ રિસ્પેક્ટ ટુ ટિચિંગ'ને રાષ્ટ્રીય એવૉર્ડ પણ એનાયત થયો હતો.

સંપૂર્ણ નીતિવાન રહી પોતાના આદર્શો ને સિદ્ધાંતો અનુસાર જ કાર્ય કરી ઈ. સ. ૧૯૭૭માં મુક્તરાજે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. ટ્રસ્ટના સભ્યોએ મુક્તરાજને વધુ સમય શાળાનું સંચાલન કરવા વિનંતી કરી, પરંતુ મુક્તરાજના મનમાં હવે આધ્યાત્મિક કાર્યો તરફ વધુ ઝોક આપવાનો વિચાર હોવાથી ટ્રસ્ટના સભ્યોને પ્રેમપૂર્વક ના પાડી દીધી. મુક્તરાજ નિવૃત્ત થયા ત્યારે શાળાના દરેક સભ્યોનાં મન ખિન્ન ને નેત્રો સજળ હતાં. તેઓ જાણતા હતા, દરેકનું ધ્યાન રાખનારા આવા પ્રેમાળ આચાર્ય તેમને હવે ક્યારેય નહિ મળે! આશરે ૨૯ થી ૩૦ વર્ષ સુધી શિક્ષણક્ષેત્રમાં સેવા બજાવી અનેકનાં જીવનઘડતર કર્યાં.

મુક્તરાજના હાથ નીચે અભ્યાસ કરી ચૂકેલા અનેક વિદ્યાર્થીઓ અત્યારે જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ હોદ્દા પર પહોંચેલા છે. વર્ષો બાદ તેમાંના કેટલાકને અનાયાસે જ મુક્તરાજનો ભેટો થઈ જાય ત્યારે મુક્તરાજને ઓળખી તેમને વંદન કરીને કહેતા કે સાહેબ! અમે જે કંઈ છીએ તે આપના જ માર્ગદર્શન ને કેળવણીનું તથા શુભાશીર્વાદનું પરિણામ છે. આપે તો અમારું સમગ્ર જીવન જ પલટી નાખ્યું. આવાં ઉદાહરણો દર્શાવે છે કે મુક્તરાજનું શિક્ષણક્ષેત્રમાં કેવું અપૂર્વ યોગદાન હતું!

# (૮) આધ્યાત્મિક દિવ્ય જીવન

મુક્તરાજનું સમગ્ર જીવન આધ્યાત્મિક અને દિવ્ય હતું. તેમનું દરેક કાર્ય, વાણી, વર્તન, ક્રિયા આધ્યાત્મિક જ. અખંડ અંતર્વૃત્તિ તેમને સહજ હતી. અખંડ ધ્યાનમાં જ તેઓ રહેતા. દરેક કાર્ય પ્રભુના સ્વરૂપમાં વૃત્તિ રાખીને કરતા. જો કે અનાદિમુક્તમાં રહીને તો ભગવાન પોતે કાર્ય કરતા હોય છે અને મુક્ત એ પ્રભુના સુખમાં અખંડ નિમગ્ન રહે છે. તેમ છતાં મુક્તરાજ જીવોની શિક્ષાર્થે દરેક કાર્ય કરતા અને જીવોને શીખવતા કે કઈ રીતે અખંડ તેલધારાવત્ વૃત્તિ ભગવાનમાં રાખવી અને ભગવાનમાં વૃત્તિ રાખીને કઈ રીતે દરેક કાર્ય સંપૂર્ણ ચોકસાઈપૂર્વક કરવું. પોતાના વર્તન દ્વારા તે શીખવતા.

પોતે સ્વતંત્ર અનાદિમુક્ત હતા. બીજા જીવોની જેમ તેમને સેવા-ભક્તિ દ્વારા પોતાના ચૈતન્યનો ઉત્કર્ષ સાધવાની આવશ્યકતા નહોતી. છતાં ય અવરભાવની દૃષ્ટિએ આ લોકમાં પધાર્યા, માટે આ લોકની રીતિ પ્રમાણે સદ્‌ગુરુ શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.

સદ્‌ગુરુ શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામીએ પણ મુક્તરાજને કંઠી બાંધી વર્તમાન ધરાવ્યાં હતાં. મુક્તરાજ નાના હતા ત્યારે મહારાજના અલૌકિક પ્રતાપ તથા મહિમાની ઘણી વાતો સ્વામી કરતા. આ સદ્‌ગુરુ મહાસમર્થ હતા. ત્રણે અવસ્થામાં ભગવાનની મૂર્તિ અખંડ દેખતા. તેમને વચનામૃતના શબ્દે-શબ્દ

કંઠસ્થ હતા. તેઓ કેરી, કેળા, ચીકુ વગેરે ફળો પ્રતિમા સ્વરૂપને ધરાવતા તે મહારાજ પ્રતિમા સ્વરૂપમાંથી પ્રગટ થઈ પ્રત્યક્ષપણે ગ્રહણ કરતા. બાપાશ્રીએ તેમને મહારાજની વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર છપૈયા મંદિરમાં કરાવ્યો હતો. ત્યાર પછી તેઓ સદાય એ મૂર્તિનું દિવ્ય સુખ ભોગવતા. આવા મહાસમર્થ સદ્‌ગુરુ મુક્તરાજના ગુરુ હતા. તેઓએ જ્યારે છેલ્લો મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે મુક્તરાજે સ્વામીશ્રીની અંતઃપૂર્વક દિવ્યભાવે સહિત સેવા કરી. સંતો અને હરિભક્તોએ મુક્તરાજને કહ્યું, “બધાને સમાસ થાય તે માટે તમે સમાધિ કરી મહારાજને પૂછી જુઓ કે સ્વામીશ્રીને ક્યારે ધામમાં તેડી જશે?” મુક્તરાજે સમાધિ કરી મહારાજને અંતર્વૃત્તિએ પૂછીને કહ્યું, “ચાર વાગે મહારાજ સ્વામીશ્રીને તેડી જશે.” તે પ્રમાણે જ મહારાજ સદ્‌ગુરુશ્રીને સવારના ચાર વાગે તેડી ગયા ને મૂર્તિને સુખે સુખિયા કર્યા. તે વખતે મહારાજે સદ્‌ગુરુ દ્વારા દેહના ભાવ દેખાડ્યા અને મુક્તરાજે સ્વામીશ્રીના એ અંતિમ સમયમાં શ્રદ્ધાપૂર્વક સેવા કરી. જીવોને શીખવ્યું, પોતાના ગુરુને પોતાના આત્મિયજન કરતાં પણ વધુ માની, ભગવાનની સેવા માનીને કરવી. મહાસમર્થ સદ્‌ગુરુશ્રીની દિવ્યભાવે સેવા કરી મુક્તરાજે તેમનો રાજીપો પ્રાપ્ત કર્યો. ધ્રાંગધ્રામાં ભોગાવો નદી પાસે સ્વામીશ્રીની દેરી છે. આજે પણ શ્રદ્ધાએ સહિત ત્યાં જઈને જે કોઈ શુભ સંકલ્પ કરે તેના સંકલ્પ સત્ય થાય છે.

અનાદિમુક્ત પૂર્ણ જ હોય છે. તેઓ અખંડ મહારાજની મૂર્તિના રોમેરોમનું સુખ ભોગવતા હોય છે, માટે તેમને તે સુખના જ્ઞાનની આવશ્યકતા હોતી નથી. તેમ છતાં અવરભાવમાં સદ્‌ગુરુ સ્વામીશ્રી વૃંદાવનદાસજી સ્વામીને પોતાના

જ્ઞાનગુરુ તરીકે સ્વીકાર્યા.

સ્વામીશ્રી ભગવત્સ્વરૂપદાસજીએ એક વખત મુક્તરાજને સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી મંદવાડ જણાવતા હોવાથી તેમના દર્શન કરી આવવાનું કહ્યું હતું. મુક્તરાજ અને તેમના ભાઈ ડૉ. અમૃતલાલભાઈ બંને સ્વામીનાં દર્શને અમદાવાદ વાડજમાં ચાંપાનેર સોસાયટીમાં એક હરિભક્તના મકાનમાં ગયા. સ્વામીશ્રીનાં દર્શન કરી રાત ત્યાં જ રોકાયા. વહેલી સવારે અગાશી પરથી નીચે ચોકમાં સ્વામીશ્રી સાજા હોય અને આંટા મારતા હોય તેવા બંને ભાઈઓને દર્શન થયાં. નીચે આવી જોયું તો સ્વામીશ્રી પથારીવશ હતા. આમ તેમણે જણાવ્યું કે મંદવાડ તો દેખાડવા માત્ર છે; બાકી તે મુક્તોને નડી શકતો નથી. તેમણે મુક્તરાજને નજીક બોલાવી કાનમાં કહ્યું, “મારાથી બોલી શકાય તેમ નથી. તમે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી પાસે જાઓ તેઓ તમને છેલ્લા વર્તમાન સમજાવશે.” મુક્તરાજ સદ્‌ગુરુ સ્વામીશ્રી વૃંદાવનદાસજી પાસે ગયા. સ્વામીએ છેલ્લા વર્તમાન વિષે જાણો છો? એમ પૂછતા મુક્તરાજે હા પાડીને કહ્યું, “મને ખબર છે. એમાં શું? મને તો અખંડ મહારાજની મૂર્તિ પણ દેખાય છે. અને મૂર્તિનું સુખ પણ આવે છે.” વૃંદાવનદાસજી સ્વામી મર્મમાં હસ્યા અને બોલ્યા, “હજી તો સમુદ્રના જળમાં પગની પેની ડૂબી છે ને છબછબિયાં કરો છો, તેમાં આટલો આનંદ! સુખના મહાસાગરમાં ડૂબકી લગાવશો ત્યારે ખરી ખબર પડશે.” એમ કહી અનાદિમુક્તની સ્થિતિ સમજાવી ને પ્રતિલોમ ધ્યાન કરાવી મહારાજના દિવ્ય સાક્ષાત્કાર દર્શન કરાવ્યા. પછી બોલ્યા, “આને છેલ્લા વર્તમાન કહેવાય.” મુક્તરાજની તો પ્રથમથી જ એવી દિવ્ય સ્થિતિ હતી અને તેઓ અખંડ એવા દર્શન કરતા

જ હતા, છતાં ય સ્વામીશ્રીએ જ્યારે તેમને દિવ્ય દર્શન કરાવ્યા ત્યારે ઘણા રાજી થયા. સ્વામીશ્રીએ દર્શન કરાવ્યા એ પહેલાં પોતે કોઈને એ વિષે જણાવતા નહિ, પરંતુ પછી તો બધાને જાણ થઈ કે મુક્તરાજને તો સદાય એવી અલૌકિક સ્થિતિ વર્તે છે.

# ૯ અલૌકિક મુક્તમંડળ

મુક્તરાજ પૃથ્વી પર પધાર્યા ત્યારે પૃથ્વી પર સ્થિતિવાળા ઘણા હરિભક્તો અને સંતો હતા. જેઓ અવસ્થામાં મુક્તરાજ કરતાં મોટા હોવા છતાં મુક્તરાજની દિવ્ય સ્થિતિ જોઈ ઘણો મહિમા જાણતા. હરિભક્તોમાં અ. મુ. સોમચંદબાપા, અ. મુ. મનસુખબાપા, અ. મુ. ચતુરબાપા, અ. મુ. આશાબાપા અને પૂ. દીવાળીબા વગેરે મુક્તમંડળ હતું. જેઓ મુક્તરાજને ઓળખતા ને તેમનો ઘણો મહિમા જાણતા. ઘણી વખત તો કોઈ કાર્ય કરવું હોય ત્યારે મુક્તરાજની સલાહ લઈ, મહારાજની શી મરજી છે તે તેમની પાસેથી જાણીને પછી કાર્ય કરતા. બીજા જીવોને મુક્તરાજની ઓળખાણ કરાવતા અને તેમને મુક્તરાજનો મહિમા કહી મુક્તરાજ સાથે હેત રાખવા જણાવતા. અ. મુ. સોમચંદબાપા અને પૂ. દીવાળીબા તો લાંબો સમય મુક્તરાજના સંપર્કમાં હતા.

સંતમંડળમાં મોટા-મોટા સદ્‌ગુરુઓ પણ મુક્તરાજનો મહિમા જાણતા. અ. મુ. સદ્‌ગુરુ મુનિસ્વામી, અ. મુ. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, અ. મુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, અ. મુ. દેવજીવનદાસજી સ્વામી, અ. મુ. વૃંદાવનદાસજી સ્વામી, અ. મુ. ધર્મકિશોરદાસજી સ્વામી, અ. મુ. ભક્તિજીવનદાસજી સ્વામી વગેરે ઘણા સંતો આ મુક્તરાજનો મહિમા જાણતા અને તેમનાં દર્શન કરવા આવનારને મુક્તરાજનો જોગ-સમાગમ કરી રાજીપો તથા આત્યંતિક મોક્ષના આશીર્વાદ લેવા ભલામણ

કરતા. વિશેષે કરીને સ. ગુ. દેવજીવનદાસજી સ્વામીએ તો અનેકને મુક્તરાજનો મહિમા કરાવી તેમની પાસે મોકલી અવરભાવ તથા પરભાવ બંને રીતે સુખિયા કરાવ્યાં હતાં.

અ. મુ. સદ્‌ગુરુ મુનિસ્વામીએ ૧૯૭૪માં છેલ્લો મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે તેમણે હરિભક્તોને ભલામણ કરી હતી, હવે તમે અ. મુ. પૂ. નારાયણભાઈનો જોગ સમાગમ-સેવા કરજો. તેઓ અતિ સમર્થ છે. દેખાય છે સાદા, પરંતુ મહારાજના અનાદિમુક્ત છે. તેઓ આખા સત્સંગને સાચવશે અને સાચે જ મુક્તરાજે એક આદર્શ 'મા'ની જેમ સારાયે સત્સંગને સાચવી લીધો, જે સર્વને સુવિદિત છે.

અ. મુ. ભક્તિજીવનદાસજી સ્વામીએ મુક્તરાજને વઢવાણમાં કંઠી બાંધી હતી. ઘણા વખત પછી મુક્તરાજ જ્યારે ફરી વઢવાણ પધાર્યા ત્યારે સ્વામીએ મુક્તરાજને ઓળખ્યા અને ઘણા રાજી થયા. મુક્તરાજે અબજીબાપાશ્રીના મતમાં ભળી ગયા છે તેવું સ્વામીએ સાંભળ્યું હતું. આથી સ્વામી મુક્તરાજને પાસે બેસાડી કહેવા લાગ્યા, "એ બધું ખોટું છે, તમે ક્યાં એમાં ફસાયા?" મુક્તરાજે સ્વામીને કહ્યું, "મહારાજે ક્યારેય તમને દર્શન આપ્યાં છે? વાતો કરી છે? અને મારી સાથે તો પ્રભુ અખંડ રહે છે, મારી સાથે વાતો કરતા અને હેત જણાવતા તેના તમે સાક્ષી છો. તો એ પ્રભુજી મને ગમે ત્યાં કેવી રીતે ફસાવા દે?" આમ કહી મુક્તરાજે મહારાજ અને બાપાશ્રીનો જેમ છે તેમ મહિમા સ્વામીને સમજાવ્યો. સ્વામી ઘણા જ રાજી થયા અને બોલ્યા, "આમ તો હું તમારો દીક્ષાગુરુ, પરંતુ આજે તમે મારા ખરા ગુરુ તરીકે આવ્યા ને મારું અજ્ઞાન ટાળી મને ન્યાલ કર્યો." આમ તેઓ પણ મુક્તરાજનો અત્યંત મહિમા

જાણવા લાગ્યા.

આવા હરિભક્તો અને સંતમુક્તોનું અલૌકિક મંડળ મુક્તરાજનો મહિમા જાણી હેત રાખતું અને મુક્તરાજ પણ આ સંતમંડળની અવારનવાર સેવા કરી તેમનો રાજીપો મેળવતા. સંતપુરુષો વિશે કેવી રીતે દિવ્યભાવ રાખવો, કેવી રીતે તેમનો આદર કરવો, તેમનો જોગ-સમાગમ કરવામાં કેવો વિવેક જાળવવો, તન-મન-ધનથી સેવા-શુશ્રૂષા કેવી રીતે સંકલ્પ રહિત થઈને કરવી વગેરે પોતાનાં દૃષ્ટાંત દ્વારા મુમુક્ષુઓને શીખવતા.

# ૧૦ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની સ્થાપના

મુક્તરાજ સરસપુર તળિયાની પોળમાં રહેતા હતા ત્યાંથી ઈ. સ. ૧૯૬૭ના જાન્યુઆરી મહિનામાં સર્વમંગલ સોસાયટીમાં રહેવા આવ્યા. સોસાયટીમાં ઘર માટે ડ્રો કર્યો તેમાં સર્વ સત્સંગમાં અગ્રગણ્ય મુક્તરાજને એક નંબરનું ઘર મળ્યું. સર્વમંગલમાં રહેવા આવ્યા ત્યારથી મુક્તરાજના મનમાં સર્વજીવહિતાવહ તથા સર્વમંગલ કાર્ય કરવાની ઈચ્છા હતી. પોતે તેવાં કાર્યો નાના પાયે તો કરતા જ હતા, પરંતુ તેમના સંકલ્પ પ્રમાણેનું સાકાર સ્વરૂપ તો તેમને થોડાં વર્ષ બાદ પ્રદાન થયું.

ઈ. સ. ૧૯૭૭માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના મનમાં સર્વજીવહિતાવહ તથા સર્વમંગલ કાર્ય કરવાનો સંકલ્પ હતો. પોતે તેવાં કાર્યો નાના પાયે તો કરતા જ હતા, પરંતુ મુક્તરાજને સમગ્ર જનસમુદાય માટે વિશેષ કંઈક કરવાની ઈચ્છા હતી, જેમાં જીવન ઉત્કર્ષના વિકાસલક્ષી કાર્યો જેની અંદર સામાજિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કાયમ ચાલતી રહે અને જીવોનું ઊર્ધ્વીકરણ થતું રહે. આ માટે એક સંસ્થા સ્થાપવાનો મુક્તરાજનો વિચાર હતો. મનના વિચારો શ્રીજીમહારાજ સમક્ષ પ્રગટ કરવા તેઓ કાળુપુર, શ્રી સ્વામિનારાયણ મંદિરે રંગમહોલના ઘનશ્યામ મહારાજના દર્શન કરવા ગયા. ત્યાં જ મહારાજની પ્રત્યક્ષ પ્રેરણા થઈ અને મહારાજે આશીર્વાદ આપ્યા. મહારાજે પોતે સંસ્થાનું નામ પણ સૂચવ્યું

**'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'** આવું દિવ્યરૂપે લખીને મહારાજે પોતાના દિવ્ય હસ્તાક્ષરમાં અનુમતિની મહોર પણ મારી આપી. મહારાજ તરફથી અનુમોદન મળતાં અત્યંત આનંદિત થઈ તા. ૮ ઑક્ટોબર ઈ. સ. ૧૯૮૧ વિજ્યા દશમીના શુભ દિને મુક્તરાજે **'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'**ની સ્થાપના કરી. સત્સંગ સમાજમાં પ્રતિષ્ઠિત, સાધન સંપન્ન, આગેવાન અને શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અનન્ય નિષ્ઠાવાળા તથા મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ વિશે સ્નેહભાવ ધરાવતા એવા હેતરૂચિવાળા હરિભક્તોનું સંસ્થાના ટ્રસ્ટીઓ તરીકે મંડળ રચી ચૅરિટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિ:સ્વાર્થ વગેરે સાધુતાના ગુણોથી અભિભૂત એવા સંતવિભૂતિ પૂજ્યશ્રી નારાયણભાઈને સત્સંગ સમાજે સંસ્થાના આજીવન પ્રમુખ તરીકે સ્થાપ્યા. સંસ્થાનાં વિકાસલક્ષી કાર્યો માટે ફાળો આપવાની શરૂઆત પૂજ્યશ્રી નારાયણભાઈ દ્વારા થઈ, ત્યાર બાદ તેમની પ્રેરણા લઈ ધીમે ધીમે અન્ય દાતાઓ સક્રિય થતા ગયા. મિશનમાં ફાળા માટે મુક્તરાજે ક્યારેય કોઈ પાસે હાથ લાંબો કર્યો નહોતો. દાતાઓ સ્વેચ્છાએ મિશનની કલ્યાણકારી પ્રવૃત્તિઓ જોઈ તન, મન, ધનથી સેવા આપવા આકર્ષાયા. શ્રીજીમહારાજની પ્રેરણાથી અને મુક્તરાજના બળવાન સંકલ્પથી શુભ સંસ્કારોવાળા પ્રતિષ્ઠિત અને ભણેલા હરિભક્તોનો એક વર્ગ પણ મુક્તરાજના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનને સેવા અર્પણ કરવા તૈયાર થયો અને સર્વજીવહિતાવહ કાર્યોનું સદાવ્રત શરૂ થયું.

## હેતુ અને ઉદ્દેશો

મિશનની સ્થાપના કરી ત્યારે જ મુક્તરાજે તેના ઉદાત્ત હેતુઓ, આદર્શ ઉદ્દેશો અને મિશનની પ્રવૃત્તિઓ વિષે સુંદર માળખું તૈયાર કરી રાખ્યું હતું, જેથી સુવ્યવસ્થિત રીતે અવિરતપણે કાર્ય પ્રવાહ વહેતો રહે. આ મિશન ટ્રસ્ટમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સિદ્ધાંતોનુસાર માનવ કલ્યાણની પ્રવૃત્તિઓ ચાલુ કરી. જેના દ્વારા સુંદર ચારિત્ર્ય ઘડતર થઈ જીવનનો સર્વોચ્ચ ધ્યેય જે પ્રભુ પ્રાપ્તિ તથા આત્યંતિક કલ્યાણ થાય તેવા ઉદાત્ત હેતુ, આ મિશનની સ્થાપના પાછળ અભિપ્રેત છે.

### ઉદ્દેશો

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો – ઔષધાલયો સ્થાપવાં- ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો વગેરેનાં નિર્માણ–નિભાવ–વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય,

સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

સંસ્થાનું નાણાકીય તથા વહીવટી માળખું સુવ્યવસ્થિત રીતે ચાલ્યા કરે તે માટે સેવાભાવી કાર્યકરોને યોગ્યતા પ્રમાણે કાર્યની સોંપણી કરવામાં આવી. તા.૧૧-૬-૧૯૮૨એ ઈન્કમટેક્સ રજિસ્ટ્રેશન કરાવ્યું.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના સર્વધર્મ સમન્વયકારી ને સર્વજીવહિતાવહ ઉદ્દેશો સરળતાથી બર આવે ને મિશનની પ્રવૃત્તિઓ અવિરત ચાલ્યા કરે એ આશયથી

ઈન્કમટેક્સ એક્ઝમ્પશન મેળવવાનો વિચાર કર્યો. આ વખતે એક ઉલ્લેખનીય પ્રસંગ બન્યો. અધિકારીશ્રી પાસે ઈન્કમટેક્સ એક્ઝમ્પશનનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે તેમણે મુક્તરાજ નારાયણભાઈને કહ્યું, "તમારા ટ્રસ્ટના ઉદ્દેશો ખૂબ જ સારા છે, પરંતુ ટ્રસ્ટના નામમાં 'શ્રી સ્વામિનારાયણ' નામ આવે છે તે બદલીને બીજું નામ રાખો, કારણ કે સાર્વજનિક હેતુઓ માટેની સંસ્થામાં સાંપ્રદાયિકતા યોગ્ય ન ગણાય, જેથી અમે ઈન્કમટેક્સ માફી ન આપી શકીએ." પૂજ્યશ્રી નારાયણભાઈએ ભગવાન સ્વામિનારાયણનો સંક્ષિપ્ત પરિચય આપી અધિકારીશ્રીને વિનમ્રભાવે કહ્યું, "સાહેબ, એ પરમ કૃપાળુ પરમાત્મા તો આ સંસ્થાના આત્મા છે. એ આત્મા વગર સંસ્થારૂપ શરીરની કોઈ જ કિંમત નથી. Body without Soul has no value at all. સ્વામિનારાયણ નામ કોઈ સાંપ્રદાયિક નામ નથી. એ અનંત વિશ્વના આત્મા એવા પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માનું દિવ્ય નામ છે. એ નામમાંથી વહેતા પ્રાણશક્તિના સ્રોતથી સમગ્ર વિશ્વનું નિયમન ને સંચાલન થાય છે. અમારી સંસ્થાના પ્રાણ અને સંસ્થાની કલ્યાણકારી પ્રવૃત્તિઓના તે પરમાત્મા કેન્દ્રબિંદુ છે." આવું વિધાન સાંભળી અધિકારીશ્રી પ્રભાવિત થઈ મુક્તરાજની વાતો સાથે સંમત થઈ ગયા ને તા. ૨૯-૬-૧૯૮૨એ 'Income Tax Exemption 80 G (5) from 8-10-1981 to 31-3-1983'નું સર્ટિફિકેટ આપ્યું.

પૂજ્યશ્રી નારાયણભાઈના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ઉદ્દેશો અનુસાર પ્રવૃત્તિઓ સુંદર રીતે ચાલતી જણાતા ઈન્કમટેક્સ અધિકારીશ્રી તરફથી ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન 80G (5) અવારનવાર મળતું જ રહ્યું. તે આજદિન સુધી ચાલુ જ છે, જે

સંસ્થાની માનવકલ્યાણની પ્રવૃત્તિઓનું સંચાલન સુંદર રીતે થઈ રહ્યું છે તે સાબિત કરે છે. દાતાશ્રીઓ આ બાબતથી પ્રોત્સાહિત થતા ગયા ને દાનપ્રવાહ વધુ ને વધુ વેગીલો બનતો ગયો. જે સંસ્થા માટે ગૌરવની વાત છે.

નાણાભંડોળને વ્યવસ્થિત ગોઠવવા જુદી જુદી બેંકોમાં ખાતાં ખોલાવ્યાં. થાપણો ગોઠવી, જેથી તેના વ્યાજમાંથી મિશનની પ્રવૃત્તિઓ ચાલ્યા કરે.

## પ્રવૃત્તિઓ

"જે તળાવમાં પાણીની નાનકડી પણ અખંડ સરવાણી વહેતી હોય તે તળાવ કદી સુકાતું નથી, જ્યારે મોટી મોટી નદીઓ પણ કાળાંતરે સુકાઈ જાય છે."

- પરમ પૂજ્ય બાપાશ્રી

અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈએ ગોઠવેલી શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનની કાર્યપદ્ધતિમાં ઉપરના સિદ્ધાંતને જ કેન્દ્રબિંદુએ રાખવામાં આવેલો છે. મુક્તરાજના માર્ગદર્શન હેઠળ મિશનની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ શરૂ થઈ તેની ઝાંખી કરીએ.

## આધ્યાત્મિક પ્રવૃત્તિ

ઈ. સ. ૧૯૮૪માં સર્વમંગલ સોસાયટીમાં જ ટેનામેન્ટ નં.૮ એટલે કે સંસ્થાના પ્રથમ મકાનની ખરીદી કરવામાં આવી. આ મકાનના નીચેના ભાગમાં કાર્યાલય શરૂ થયું અને સાધક ખંડ તથા રસોડું પણ તેમાં સાધકને રહેવા માટે ફાળવવામાં આવ્યા. જ્ઞાન-ધ્યાન-ઉપાસના વગેરે જીવનના આંતરિક વિકાસ માટેની પ્રવૃત્તિઓ માટે યોગ્ય સ્થાનની જરૂર ઊભી થતાં ટેનામેન્ટ નં.૮ ઉપર ઈ. સ. ૧૯૮૫માં ભાઈઓ માટે પ્રાર્થના ખંડ બાંધવામાં

આવ્યો. એ પહેલાં આ પ્રવૃત્તિઓ મુક્તરાજના ઘરના ઉપરના માળે ચાલતી જ હતી.

શરૂઆતમાં બહેનોની સત્સંગસભા મકાન નં.૮ના ગ્રાઉન્ડ ફ્લોરમાં થતી હતી. દિન-પ્રતિદિન ભાવિક બહેનોની સંખ્યા વધતા મકાન નં.૨૦નો પ્રથમ માળ ખરીદવામાં આવ્યો. ત્યાર બાદ તે જ મકાનનો ગ્રાઉન્ડ ફ્લોર ખરીદી તેનો જિર્ણોદ્ધાર કરી તેને બહેનોના સભાખંડમાં રૂપાંતરિત કરવામાં આવ્યો. જેથી વધુ ને વધુ બહેનો સત્સંગ સભાનો મોકળાશથી લાભ લઈ શકે. આ સભાખંડમાં શ્રી ઘનશ્યામ મહારાજનું પૂરા કદનું અતિ સુંદર ભવ્ય સ્વરૂપ પધરાવવામાં આવ્યું. ઘનશ્યામ મહારાજનું આ સ્વરૂપ મૂળીમાં અનાદિમુક્ત સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય અનાદિમુક્ત સ. ગુ. શ્રી હરિનારાયણદાસજી સ્વામીએ તૈયાર કરાવેલું. કોઈ કારણવશાત્ આ સ્વરૂપ મૂળી મંદિરમાં પધરાવવામાં ન આવ્યું અને વર્ષો સુધી મૂકી રખાયેલું.

જ્ઞાન-ધ્યાન-ઉપાસના કેન્દ્ર જેમાં નિયમિત રીતે હરિભક્તો ભેગા થઈ પ્રભુનું ધ્યાન, આરતી-ધૂન, કીર્તન-ભજન, કથા-વાર્તા વગેરે આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરી પોતાનો ઉત્કર્ષ સાધવાના પ્રયત્નો કરે છે. ઉપરાંત દર મહિનાના છેલ્લા રવિવારે મુક્તરાજે સભાનું આયોજન કર્યું છે. જેમાં ગમે તે વ્યક્તિ આવી શકે. અહીં આવી તેઓ આધ્યાત્મિક બાબતે પોતાની સમજ રજૂ કરે અને પોતાને ન સમજાતી બાબતો વિષે બીજા પાસેથી સમજ મેળવે. આ કાર્યક્રમમાં બાળકો પણ સહભાગી થાય તેવું મુક્તરાજ આયોજન કરતા, જેથી તેમનામાં છુપાયેલી વિવિધ કળા અને શક્તિનો વિકાસ થાય. સભાને અંતે પૂજ્યશ્રી નારાયણભાઈ સ્વયં કૃપા કરી સભાને સંબોધે અને પ્રવચન કરે,

જેમાં પ્રશ્ન પૂછ્યા વગર આપોઆપ જ દરેકની મૂંઝવણ દૂર થાય. કોઈને આધ્યાત્મિક બાબતે ગૂંચવણ હોય તો તે પણ ઉકેલાઈ જાય. આશીર્વચનો વરસાવે જેથી જીવો ઊર્ધ્વીકરણ પામે. આ સભાના કાર્યક્રમોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધ્યાન, સ્વરૂપ ચિંતન, ઉપાસના, સમગ્ર જીવનને યોગમય બનાવી દિવ્ય જીવન જીવવાની કળા તથા વચનામૃત, બાપાશ્રીની વાતો વગેરેમાં રહેલા જ્ઞાનગાંભીર્ય તથા ધર્મશુદ્ધિ અને વહીવટશુદ્ધિ વગેરે વિવિધ પાસાંઓ સાહજિક રીતે જ પ્રવાહિત થાય છે. ભક્તગણને પણ આ સભાને વિષે ઘણો દિવ્ય ભાવ છે. કોઈ ધામમાં ગયા હોય તેમને વધુ ને વધુ શ્રીજીસુખ પ્રાપ્ત થાય તેવી સમગ્ર સભા શ્રીજીમહારાજ અને તેમના મુક્તોને પ્રાર્થના કરે છે.

સભામાં પણ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે ભાઈઓ અને બહેનોની ધર્મમર્યાદા સાહજિક રીતે જળવાઈ રહે તે હેતુથી ભાઈઓ અને બહેનોના પહેલેથી જ અલગ ખંડો તૈયાર કરાવી સુંદર મૂર્તિઓ પધરાવેલી છે અને એવા નિયમ બનાવવામાં આવ્યા છે કે બહેનોના ખંડમાં બહેનો દર્શન કરતાં હોય ત્યારે ભાઈઓએ દર્શન કરવા જવું નહિ અને ભાઈઓના ખંડમાં ભાઈઓ દર્શન કરતા હોય ત્યારે બહેનોએ જવું નહિ. સત્સંગ સમુદાય વધવાથી ખંડો નાના પડતા હતા.

મિશનની વિકસતી જતી પ્રવૃત્તિઓથી આકર્ષાઈ સર્વમંગલ સોસાયટીમાં રહેતા એક સાધન-સંપન્ન ને નિષ્ઠાવાન હરિભક્તે પોતાનું ટેનામેન્ટ નં.૭ સંસ્થાને સેવાર્પણ કરવાનું વિચાર્યું. પ્રભુપ્રેરણાથી સ્વેચ્છાએ અર્પણ કર્યું, જે સંસ્થા માટે અત્યંત ગૌરવની વાત બની રહી. એ મકાનને ટેનામેન્ટ નં.૮ સાથે

સાંકળી લઈ ઉપર ભાઈઓ માટે વિશાળ પ્રાર્થના હોલ નિર્માણ કરવામાં આવ્યો અને નીચેના ભાગમાં બહેનો માટે અલગ પ્રાર્થના હોલ પણ બનાવવામાં આવ્યો. જેથી વધુ લોકો લાભ લઈ શકે.

પૂજ્યશ્રી નારાયણભાઈના અમૃતોત્સવ નિમિત્તે યોજાયેલા **શ્રીહરિ કૃપાવર્ષા બ્રહ્મયજ્ઞ**નો પ્રારંભ તા. ૨૭-૨-૧૯૯૭ના રોજ થયો. તે પ્રસંગે સરસપુરના વયોવૃદ્ધ પવિત્ર સંતમૂર્તિ સ. ગુ. શ્રી હરિજીવનદાસજી સ્વામીને સાથે રાખી પૂજ્યશ્રી નારાયણભાઈએ ભાઈઓના સભાખંડમાં પ્રભુનાં અતિશય સુંદર અને ચિત્તાકર્ષક સ્વરૂપો પધરાવ્યાં. તેમ જ બહેનોના સભાખંડમાં અગાઉના સભાખંડમાં પધરાવેલ ઘનશ્યામ મહારાજની પૂરા કદની ભવ્ય મૂર્તિ તથા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની નાની મૂર્તિનું સ્થાપન કર્યું અને આશીર્વાદ આપ્યા, “આ સ્થાનમાં આવીને ધ્યાન, ભજન, કથા-વાર્તા, ઉપાસના કરનારને અંતરમાં અલૌકિક સુખ-શાંતિની અનુભૂતિ તથા આત્યંતિક કલ્યાણ થશે. ભગવાનનાં આ પ્રતિમા સ્વરૂપો સમક્ષ ગદ્ગદ કંઠે, સાચા ભાવથી કરેલી પ્રાર્થના શ્રીજીમહારાજ જરૂરથી સાંભળશે અને તેના શુભ મનોરથ પૂર્ણ કરશે.” આવા અનુપમ આશીર્વાદને લઈને મિશન સંસ્થા શ્રીજીમહારાજના કૃપાપ્રસાદની ચિરકાલીન અમૃતસરિતા બની છે.

સભાખંડોમાં શ્રીજીમહારાજના સમકાલીન સંતોનાં તથા બાપાશ્રીના સમકાલીન સદ્ગુરુઓનાં પ્રેરણાદાયી પ્રતિમા સ્વરૂપો પણ પધરાવવામાં આવ્યાં છે, જેથી તેમને સંભારવાથી જીવોને તેમના કલ્યાણકારી ગુણો પોતાના જીવનમાં ઉતારવાની પ્રેરણા મળી રહે. આજે પણ અનેક લોકો આ મૂર્તિઓનાં દર્શન કરી

પોતાના દિવસની શુભ શરૂઆત કરે છે. કોઈ વ્યાવહારિક મુશ્કેલી હોય, કોઈ માંદુ હોય કે અન્ય કોઈ પણ મૂંઝવણમાં આ મૂર્તિઓ પાસે ગદ્ગદ કંઠે સાચા ભાવથી પ્રાર્થના કરવાથી મૂંઝવણ દૂર થયાની અનુભૂતિ અનેકને થાય છે.

ઈ. સ. ૧૯૯૩ના ઑગસ્ટ માસમાં મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ શ્રીજીમહારાજની પ્રત્યક્ષ પ્રેરણાથી અનેક જીવોના આત્યંતિક કલ્યાણ અંગેના સંકલ્પ સાથે શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના સર્વધર્મ સમન્વયકારી ને સર્વજીવહિતાવહ ઉદ્દેશોને વિદેશમાં રહેલા હરિભક્તોને પહોંચાડવા મિશન સંસ્થાના પ્રભાવક પ્રતિનિધિ તરીકે વિદેશ યાત્રાએ ગયા. લંડન તથા અમેરિકાનાં વિવિધ રાજ્યોમાં વસતા હરિભક્તોને લાભ આપી પોતાની યાત્રાનો ઉદ્દેશ પાર પાડી તા. ૨૧-૧૧-૧૯૯૩માં સ્વદેશ પાછા ફર્યા અને મિશનની પ્રવૃત્તિમાં પુનઃ પ્રવૃત્ત થયા. એક વખત મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈએ સંસ્થાની માસિક રવિવારીય સભામાં કહેલું : "આ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા એ શ્રીજીમહારાજનું સ્વરૂપ છે. આ સ્થાનેથી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને કારણ સત્સંગનો સારા ય વિશ્વમાં ફેલાવો થશે." મુક્તરાજની વિદેશયાત્રા પાછળ પણ આવો જ ગર્ભિત ઉદ્દેશ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરીપણાનો ડંકો વગાડનાર જ્ઞાનગુરુ ને શ્રીજીસંકલ્પ એવા અનાદિ મહામુક્તરાજ પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના સાર્ધશતાબ્દી વર્ષની (ઈ. સ. ૧૯૯૪) ઉજવણીનો સંકલ્પ કરી મુક્તરાજે તેનું આયોજન સંભાળી લીધું. તેમના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન ટ્રસ્ટ તથા છત્રી ટ્રસ્ટના કાર્યકરોએ

સાથસહકારથી સેવાકાર્ય ઉપાડી લીધું ને એ પર્વને ભવ્યાતિભવ્ય રીતે ઉજવી શ્રીજીમહારાજ ને તેમના મુક્તોની પ્રસન્નતાના અધિકારી થયા. આ મહાન આયોજનમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનો ફાળો અપૂર્વ હતો.

મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈને ૭૫ વર્ષ પૂરાં થતાં હોવાથી તેમના અમૃતોત્સવ નિમિત્તને લક્ષમાં રાખી બ્રહ્મયજ્ઞ કરવો તેવું વિચારાયું. મુક્તને તો એવી ઉજવણીમાં રૂચિ હોતી જ નથી, પરંતુ શ્રીજીમહારાજને પોતાના અનાદિમુક્ત પોતાના સ્વરૂપ કરતાં પણ અતિ વહાલા હોય છે. કારણ કે એ મુક્તો પ્રભુનું સંપૂર્ણ સાધર્મ્યપણું પ્રાપ્ત કરેલા હોય છે, જેથી તેમના નિમિત્તે જે કાંઈ થાય તે પ્રભુ અર્થે-પ્રભુ પ્રસન્નતાર્થે જ થાય છે એ નિ:સંશય વાત છે. આ બ્રહ્મયજ્ઞમાં પણ વર્ષ દરમ્યાન કથા-વાર્તા, ધ્યાન ભજન, ધૂન-કીર્તન વગેરે પ્રભુના સ્વરૂપમાં જોડાવાની સાત્વિક પ્રવૃત્તિઓમાં હરિભક્તોની વિશેષ અભિરૂચિ થાય એ હેતુથી તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

પરંતુ આ દરમ્યાન એક આઘાતજનક ઘટના એ ઘટી કે સદ્‌ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈ પોતે જે સંકલ્પ લઈને પ્રગટ થયેલા તે પૂર્ણ થતા તા. ૨૦-૯-૧૯૯૭ શનિવાર, ભાદરવા વદ પાંચમના પાવન દિવસે ૧૨:૨૫ કલાકે ભૌતિક દેહ અદૃશ્ય કરી સદાકાળ માટે મૂર્તિમાં લીન થઈ ગયા. પોતાને આવવા-જવાપણું ન હોવાથી દિવ્યરૂપે તો સદાય પ્રગટ છે જ તેની અનેક હરિભક્તોને પ્રતીતિ કરાવી હતી અને હજુ પણ કરાવી રહ્યા છે. તેઓશ્રીની સત્સંગને બહુ મોટી ખોટ તો પડેલી જ છે. કારણ કે, અનાદિમુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય ત્યારે અસંખ્ય હરિભક્તોને જે પ્રત્યક્ષપણાના સુખની પ્રાપ્તિ થાય છે તે

મનુષ્યદેહ અદૃશ્ય થતાં લુપ્ત થાય છે. હવે તો દિવ્યરૂપે સદાય ભેળા છે તેવી શ્રદ્ધાની દૃઢતા કરવી એ જ આપણું કર્તવ્ય, ગુરુવર્યશ્રીને દિવ્યાંજલિ અર્પવા તારીખ ૫ ઑક્ટોબર, ૧૯૯૭ના રોજ એક સભાનું આયોજન થયેલ. તેમાં સૌ સંત-હરિભક્તોએ ગુરુદેવની સ્મૃતિ કરી હૃદયપૂર્વક દિવ્યાંજલિ અર્પણ કરેલી.

પૂર્વાયોજીત કૃપાવર્ષા બ્રહ્મયજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૨-૨-૧૯૯૮થી તા. ૧૬-૨-૧૯૯૮ સુધી ગ્રંથરાજ ‘શ્રીમદ્ સત્સંગિભૂષણ’નું પારાયણ યોજેલું. પાંચેય દિવસોએ અનેક સંતો તથા હજારો હરિભક્તોએ બ્રહ્મયજ્ઞનો તથા મહાપ્રસાદનો તથા પ્રભુપ્રસન્નતાનો દિવ્ય લાભ લીધેલો. જેનું વર્ણન અશક્ય છે.

રવિવારીય માસિક સભામાં લાભ લેવા આવતા બાળ-યુવાનોએ સભાની સાત્ત્વિક પ્રવૃત્તિઓથી પ્રેરિત થઈ બાળ-યુવાનોની નોખી સભા કરવાનું સૂચન કર્યું. તેને વડીલ હરિભક્તોએ સ્વીકૃતિ સાથે અનુમોદન આપતાં માસિક દ્વિતીય રવિવારે બાળ-યુવક સભા શરૂ કરવામાં આવી. જેમાં કથા-વાર્તા, જ્ઞાનગોષ્ઠી, પ્રશ્નોત્તરી, વક્તવ્યો, વિવિધ આયોજનો અને કાર્યક્રમો અંગેની ચર્ચા-વિચારણા વગેરે પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

બાળકો અને યુવાનોના શારીરિક, માનસિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક વિકાસ એમ સર્વાંગી વિકાસના હેતુને ધ્યાનમાં લઈ મિશન દ્વારા શિબિરોનું પણ આયોજન થાય છે. જેમાં વિદ્વાન અનુભવી વડીલોનું માર્ગદર્શન તથા વિદ્વાન વ્યાખ્યાનકારો, યોગપ્રશિક્ષકો, તાલીમાર્થિઓનો લાભ પણ લેવામાં આવે છે. તદુપરાંત શ્રીજીમહારાજ અને મુક્તોના પ્રસાદીભૂત યાત્રાસ્થળોની મુલાકાતની સાથે આનંદમય વાતાવરણમાં જ્ઞાનગોષ્ઠીનો લાભ મળી રહે એવું આયોજન પણ સમય-સંજોગોને અનુરૂપ

કરવામાં આવે છે.

પૂજ્યશ્રી નારાયણભાઈને બાળકોનો ઉત્કર્ષ થાય તેમાં વિશેષ અભિરૂચિ હતી. કારણ કે બાળકો નિર્દોષ હોવાથી તેમનામાં સદ્‌સંસ્કારોનું સિંચન સરળતાથી થઈ શકે તેવું તેમનું ચિત્ત કોમળ અને નિર્મળ હોય છે. આ હેતુને લક્ષ્યમાં લઈ સદ્‌ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈના પ્રાગટ્ય દિનને 'સત્સંગ બાલદિન' તરીકે ઉજવવો એવો સર્વે હરિભક્તોનો ભાવ હોવાથી તા. ૧૬ ફેબ્રુઆરી જે ગુરુવર્યનો પ્રાગટ્ય દિન છે તે દિવસે મોટા બ્રહ્મયજ્ઞનું આયોજન કરવાનું સર્વાનુમતે નક્કી થયું, ત્યાર પછી દર વર્ષે તા. ૧૬ ફેબ્રુઆરીએ 'સત્સંગ બાલદિનરૂપે' બ્રહ્મયજ્ઞ ઉજવાય છે, તેનો અસંખ્ય હરિભક્તો લાભ લે છે.

અનાદિમુક્ત સદ્‌ગુરુવર્ય પ. પૂ. શ્રી નારાયણભાઈની અંતર્ધાન તિથિ ભાદરવા વદ-૫ આવે છે. યોગાનુયોગ પરમ કૃપાળુ અબજીબાપાશ્રીની પણ શ્રાદ્ધ તિથિ આ દિવસે છે. આ સુભગ અવસરે 'પૂજ્યશ્રી નારાયણભાઈ સ્મૃતિ દિન' તરીકે ઉજવવામાં આવે છે. તે દિવસે મોટા બ્રહ્મયજ્ઞનું આયોજન કરવામાં આવે છે.

અનાદિમુક્ત પ. પૂ. શ્રી સોમચંદબાપા સત્સંગમાં 'હરતા-ફરતા બ્રહ્મયજ્ઞ' તરીકે સુપ્રસિદ્ધ હતા. તેમની પુણ્યતિથિ માગશર સુદ-૪ના દિવસે આવે છે. તે જ દિવસે 'વચનામૃત જયંતી' પણ આવે છે. તેથી આ બંને સુભગ અવસરે સંસ્થા તરફથી મોટા બ્રહ્મયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ ત્રણેય મોટા બ્રહ્મયજ્ઞમાં કથા-વાર્તા, સમૂહપારાયણ, ધૂન-કીર્તન, મુક્તપુરુષના સંસ્મરણો ઉપર પ્રવચનો, વ્યાખ્યાનો, વિદ્વાન સંતો-હરિભક્તોના જ્ઞાનસભર વક્તવ્યો વગેરેનો ભક્તિરસથી તરબોળ

કરતો કાર્યક્રમ થાય છે. તેમાં અસંખ્ય હરિભક્તો લાભ લે છે. સાથે સાથે પ્રભુના મહાપ્રસાદનો લાભ લઈ હરિભક્તો કૃતજ્ઞતા ને ધન્યતા અનુભવે છે.

## સેવા-સદાવ્રત

મિશન દ્વારા ચાલતી સદાવ્રતની પ્રવૃત્તિમાં કોઈ પણ પ્રકારના નાત-જાતના ભેદભાવ વગર ગરીબ વિદ્યાર્થી તેમ જ ગરીબ કુટુંબો માટે સદાવ્રત ચાલુ કર્યું. જેમાં વિદ્યાર્થીઓની સ્કૂલ ફી, પાઠ્યપુસ્તકો, નોટબુકો વગેરે અપાવવા માટેની આર્થિક સહાય શરૂ કરી તથા ગરીબ સંસ્કારી પરિવારો અનાજ, દવા, કપડાં વગેરેની સહાયતા મેળવી, તેમની આર્થિક સંકળામણને હળવી બનાવી શકે તેવી વ્યવસ્થા કરી. આવા સદાવ્રત દ્વારા એવા ઘણા દાખલા બન્યા છે કે જે વ્યક્તિએ મિશન પાસેથી સહાયતા મેળવી હોય તે પછી પોતાના પગભર થઈ હોય ને તેને ફરી ક્યારેય સહાયની જરૂર ન પડી હોય, બલ્કે તેણે જ મિશનને દાન આપ્યું હોય. આવા ઉદાહરણમાં પ્રભુ પ્રસન્નતાની ઝાંખી થયા વગર રહેતી નથી. સેવા સદાવ્રતનાં કલ્યાણકારી કાર્યો કરતી અન્ય સંસ્થાઓ જેવી કે: રેડક્રોસ સોસાયટી, ગુજરાત કેન્સર સોસાયટી, સદ્‌વિચાર પરિવાર, રક્તપિત્ત હોસ્પિટલ, અંધજન મંડળ, બહેરા-મૂંગાની શાળા, જલારામ મંડળ, સંતરામ આશ્રમ, હરિ ૐ આશ્રમ, અનાથ આશ્રમો વગેરેમાં પણ ફાળો આપવો, ગામડાંઓમાં આવેલાં હરિમંદિરોના જિર્ણોદ્ધારમાં સહાય કરવી વગેરે પ્રવૃત્તિઓ અવિરતપણે ચાલતી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા સમાજ વિકાસનાં

અનેક કાર્યો થયાં છે. માનવ સમાજના સામાજિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે કાર્યરત એવી અનેક સંસ્થાઓને શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશને સહાય કરી-કરાવી છે. જેમાં અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના છત્રી સ્થાનમાં મંદિર, ઉતારા, છાત્રાલય, વિદ્યાલય વગેરે બાંધકામો તથા કાર્યાલય વ્યવસ્થા, વહીવટી વ્યવસ્થા, બ્રહ્મયજ્ઞ આયોજનો વગેરે; સરસપુર, શ્રી સ્વામિનારાયણ મંદિર બાઈઓ-ભાઈઓનાં મંદિરોનો વિકાસ, પુંસરી સત્સંગભવનનો ઉદ્‌ભવ અને વિકાસ, પાટડી સત્સંગભવનનો વિકાસ, મૂળી મંદિરના બ્રહ્માનંદ ભોજનાલયમાં આર્થિક સહાય તેમ જ લીમલી મંદિર, સરા હરિમંદિર, ધ્રાંગધ્રા બાઈઓનું હરિમંદિર, અયોધ્યા મંદિર, રામપરા સત્સંગભવન, જોરાવરનગર હરિમંદિર, ટોરડા મંદિર વગેરે અનેક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના પ્રથમ ઉદ્દેશ સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદ-ભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતા ભાઈ-બહેનોને જરૂરી રાહત પહોંચાડવી.

એ હેતુને લક્ષ્યમાં લઈ સેવા-સદાવ્રતની થતી અન્ય પ્રવૃત્તિઓમાં ઉમેરો કરતી વધુ એક પ્રવૃત્તિ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા નોટબુક અને ફૂલસ્કેપ ચોપડા રાહત-દરે વિતરણ ઈ. સ. ૨૦૦૦ની સાલથી શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં તેનો લાભ અસંખ્ય વિદ્યાર્થીઓ લઈ ચૂક્યા છે ને લઈ રહ્યા છે. આ નોટબુક-ચોપડાઓમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરમ કૃપાળુ અબજીબાપાશ્રી તથા સદ્‌ગુરુવર્ય પૂજ્ય શ્રી નારાયણભાઈના પ્રેરણાદાયી, દર્શનીય આકર્ષક સ્વરૂપો મૂકવામાં આવ્યા છે. સાથે સાથે અંદર પૂજ્યશ્રી નારાયણભાઈના પ્રેરણાદાયી સુવિચારો અને મૌક્તિકો પણ મૂકવામાં આવ્યા છે. જે

વિદ્યાર્થીઓને નીતિમય, સદાચારયુક્ત અને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા અને બળ પૂરું પાડે છે.

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના બીજા ઉદ્દેશ - આરોગ્ય પ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારના સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવા-ચલાવવા, અગર તેવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું.

એ હેતુની પરિપૂર્તિ કરવા માટે ઈ. સ. ૨૦૦૧ની સાલમાં પ્રાયોગિક ધોરણે પ્રથમ સવારનું દવાખાનું શરૂ કરવામાં આવ્યું. જેનું નામાભિધાન 'પૂજ્યશ્રી નારાયણભાઈ સાર્વજનિક દવાખાનું' કરવામાં આવ્યું. વખત જતાં દર્દીઓની સંખ્યામાં વૃદ્ધિ થતાં અને બહોળો પ્રતિભાવ મળતાં ઈ. સ. ૨૦૦૩થી સાંજનું દવાખાનું પણ શરૂ કરવામાં આવ્યું. તેમાં નિષ્ણાત તબીબોની સેવા ઉપરાંત તપાસ, નિદાન, ઉપચાર અને દવાઓ વગેરેની નિઃશુલ્ક સેવાઓ ઉપલબ્ધ થવાથી અનેક દર્દીઓ લાભાન્વિત થઈ રહ્યાં છે.

## પ્રકાશન કાર્ય

સંસ્થાની કલ્યાણકારી પ્રવૃત્તિઓમાંની એક અત્યંત અગત્યની પ્રવૃત્તિ એ પ્રકાશન પ્રવૃત્તિ છે, કારણ કે તેના દ્વારા પરમાત્માના સ્વરૂપના શુદ્ધ જ્ઞાન, ધ્યાન, ઉપાસના, ભક્તિ, ધર્મ વગેરે આત્મોદ્ધારનાં કલ્યાણકારી સાધનો અંગેની સ્પષ્ટ સમજણ પ્રસરે છે ને સામાજિક ચેતના જાગૃત થઈ જીવનના સર્વોચ્ચ ધ્યેય એવી પ્રભુપ્રાપ્તિ તરફ વળે છે. પ્રકાશનો એ માનવજીવન માટેના સામાજિક, શૈક્ષણિક ને આધ્યાત્મિક વિકાસ માટેનું પ્રબળ ઉપકરણ છે. આ હેતુ માટે 'સર્વજીવહિતાવહ ગ્રંથમાળા' શીર્ષક હેઠળ ઉત્તમ પ્રકાશનો બહાર પાડવાનો નિર્ણય

કરી તા. ૨૬-૯-૧૯૮૨ના રોજ પ્રકાશન સમિતિની રચના કરવામાં આવી. સમાજના આર્થિક રીતે પછાત વર્ગો પણ સંસ્કારિતાનાં ઉચ્ચતમ મૂલ્યો કેળવી શકે અને સર્વોપરી પરમાત્મ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન મેળવી આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે એવી શુભ ભાવનાથી સંસ્થા દ્વારા પ્રકાશિત પુસ્તકો પડતર કિંમતના પચાસ ટકાથી પણ ઓછી કિંમતે એટલે કે સેવામૂલ્યે વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું, જે એક ઉલ્લેખનીય બાબત છે. સંસ્થાની વિકસતી જતી પ્રવૃત્તિઓ તેમ જ પ્રકાશનકાર્યના ઉપયોગ માટે સૂરેશ્વરી સોસાયટી મકાન નં. ૨/Aની ખરીદી કરવામાં આવી.

અત્યાર સુધીમાં મિશન તરફથી ૭૩ ઉત્કૃષ્ટ પુસ્તકોનું પ્રકાશન થઈ ચૂક્યું છે. મિશન તરફથી બહાર પડેલ 'અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપાશ્રીનું જીવન ચરિત્ર' એ ગ્રંથને The Federation of Indian Publishers, New Delhi તરફથી Award for Excellence in Publication, ૧૯૯૩નો મેરિટ એવૉર્ડ એનાયત થયો છે, જે પ્રકાશનની ઉચ્ચ ગુણવત્તા સાબિત કરે છે. સંસ્થાનાં અન્ય પ્રકાશનો પણ સમાજમાં સ્વીકૃતિ પામી લોકભોગ્ય બન્યાં છે. મિશન દ્વારા આવાં ઉત્કૃષ્ટ પ્રકાશનોનું કાર્ય હજુ ચાલુ જ છે.

### પ્રકાશિત થયેલ પુસ્તકોની યાદીઃ

**(૧) સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિશ્વધર્મ**

**(૨) અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી**

**(૩) શ્રીહરિ પ્રાર્થના**

(૪) જનમંગલ સ્તોત્ર નામાવલિ
(૫) શિક્ષાપત્રી
(૬) અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો
(૭) દિવ્ય જ્ઞાનામૃત
(૮) અનાદિમુક્ત પરમ પૂજ્ય શ્રી સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા -જીવનદર્શન અને પત્રો દ્વારા ઉપદેશ
(૯) ઓળખ્યા એના અહોભાગ્ય-વાત્સલ્યમૂર્તિ સદ્‌ગુરુઓ
(૧૦) જ્ઞાનાચાર્ય અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુવર્ય શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતો
(૧૧) કીર્તન માધુરી
(૧૨) અનાદિ મુક્તરાજ સ. ગુ. શ્રી તદ્રૂપાનંદ સ્વામીની નિત્ય સ્મરણીય વાતો
(૧૩) અનાદિમુક્ત પ. પૂ. શ્રી સોમચંદભાઈનો પત્રો દ્વારા ઉપદેશ
(૧૪) પ. પૂ. ધ. ધુ. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ રચિત કીર્તનાવલિ
(૧૫) શિક્ષાપત્રી રહસ્યસાર મનનીય અધ્યયન ખંડ–૧
(૧૬) વચનામૃતમ્ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકોપેતમ્ ભાગ-૧,૨
(૧૭) વચનામૃત-ધ્યાનાદિ અધ્યયન
(૧૮) અવતાર–અવતારી ભેદનિરૂપણ
(૧૯) અનાદિ મુક્તરાજ અબજીબાપા કૃત અધ્યાત્મજ્ઞાન
(૨૦) શિક્ષાપત્રી રહસ્યાર્થ ભાગ-૧,૨

(૨૧) અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર ભાગ-૧,૨
(૨૨) સમગ્ર જીવનનો યોગ
(૨૩) અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત
(૨૪) Supreme Lord Shri Swaminarayan and the World Religion
(૨૫) Yoga for Entire Life
(૨૬) બાપાશ્રીની વાતોનું ચિંતન
(૨૭) Let us Breathe the Fragrance Divine
દિવ્ય સૌરભ અનુભવીએ
(૨૮) શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતસાગર
(૨૯) શ્રીજી પ્રસાદ
(૩૦) કચ્છના કરુણામૂર્તિ સંત શ્રી અબજીબાપા
(૩૧) 'રસબસ હોઈ રહી રસિયા સંગ.....!'
(ચૂંટેલાં સારરૂપ કીર્તનપદો ને છંદો)
(૩૨) નિત્ય નિયમાવલી
(૩૩) દિવ્ય દર્શન - Divine Darshan
(૩૪) સ્તોત્રમ્
(૩૫) પૂજ્યશ્રી નારાયણભાઈ
(૩૬) Pujya Shri Narayanbhai
(૩૭) બાપાશ્રીની વાતોનું એકીકરણ
(૩૮) અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી કૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાની વિશિષ્ટતાઓ

(૩૯) પરમ સાધર્મ્યે

(૪૦) બાળકોના બાપાશ્રી

(૪૧) શિક્ષાપત્રી રહસ્યસાર ખંડ-૨

(૪૨) જીવન પાથેય

પૂજ્યશ્રી નારાયણભાઈએ પ્રબોધેલ

અનુભવસિદ્ધ અધ્યાત્મસાર

(૪૩) ધ્યાન

(૪૪) Essence of Shikshapatri -Part-2

(૪૫) Jeevan Patheya

**(Life Enhancing Principles)**

Self-experienced spiritual essence taught by Pujyashri Narayanbhai

(૪૬) બાળકોના મામાશ્રી

(૪૭) પંચવર્તમાન - વિશદ્ અર્થમાં

પૂજ્યશ્રી નારાયણભાઈએ પ્રબોધેલ અધ્યાત્મસાર

(૪૮) Wisdom of Bapashri : Book-1

(૪૯) Bapashri as Experienced by Kids

(૫૦) Mamashri as Experienced by Kids

(૫૧) Wisdom of Bapashri : Book-2

(૫૨) Five Moral Codes -Elaborated

Spiritual Essence as explained by Pujyashri Narayanbhai

(૫૩) પ્રેરણા સ્રોત

પૂજ્યશ્રી નારાયણભાઈએ પ્રબોધેલ અધ્યાત્મસાર

(૫૪) ધર્મનો મર્મ

પૂજ્યશ્રી નારાયણભાઈએ પ્રબોધેલ અધ્યાત્મસાર

(૫૫) મનોયાત્રા
(૫૬) પ્રસંગ માળા-૧
(૫૭) પ્રસંગ માળા-૨
(૫૮) અમૃત સરિતા-૧
(૫૯) અમૃત સરિતા-૨
(૬૦) કીર્તન માધુરી-૨
(૬૧) વચનામૃત માર્ગદર્શિકા-૧
(૬૨) વચનામૃત માર્ગદર્શિકા-૨
(૬૩) વચનામૃત માર્ગદર્શિકા-૩
(૬૪) વચનામૃત મૌક્તિકો
(૬૫) અમૃત બિન્દુઓ
(૬૬) સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિશ્વધર્મ (હિંદી)
(૬૭) સમગ્ર જીવનનો યોગ (હિંદી)
(૬૮) દિવ્ય સૌરભ અનુભવીએ (હિંદી-અંગ્રેજી)
(૬૯) જીવન પાથેય (હિંદી)
(૭૦) પૂજ્યશ્રી નારાયણભાઈ (હિંદી)
(૭૧) મનોયાત્રા (હિંદી)
(૭૨) અમૃત સરિતા-૩
(૭૩) કીર્તન માધુરી-૩

આ રીતે પ્રકાશન પ્રવૃત્તિ અવિરતપણે ચાલે છે. આવા ઉત્કૃષ્ટ પ્રકાશનોની સાથે સત્સંગ સમુદાયની માંગને માન આપી વિવિધ સાઈઝની ભગવાનની તથા મુક્તની મૂર્તિઓ, લેમીનેટેડ ફોટોગ્રાફ્સ, પૂજા પેટી, માળા-કંઠી, ઓડિયો કેસેટ, સી. ડી.

વગેરેનું વિતરણ પણ કરવામાં આવે છે.

## ગ્રંથાલય

સમાજની ગમે તે વ્યક્તિને વિવિધ વિષયો પરનાં પુસ્તકો કોઈ એક સ્થાનમાં જ વાચન માટે ઉપલબ્ધ થાય અને વ્યક્તિને તેના જીવનઘડતરમાં ઉપયોગી થાય તેવા આશયથી મુક્તરાજે ગ્રંથાલયની પણ સ્થાપના કરી છે. જેમાં જિજ્ઞાસુ વ્યક્તિને તેના રસના વિષયનાં પુસ્તકો મળી રહે અને સંશોધનાત્મક અભ્યાસ કરી શકે. દરેક ધર્મનાં પુસ્તકો પણ ગ્રંથાલયમાં વસાવ્યાં છે, જેથી મુમુક્ષુ જીવ તુલનાત્મક અભ્યાસ કરી, સ્વામિનારાયણ ધર્મ સર્વોપરી ને શ્રેષ્ઠ વિશ્વધર્મ છે તે જાણી શકે અને સર્વધર્મ સમન્વયકારી વિશાળ દૃષ્ટિ વિકસાવી શકે, જેથી સંકુચિતતા અને ભેદદૃષ્ટિ દૂર થાય.

શરૂઆતમાં ગ્રંથાલય પૂજ્યશ્રી નારાયણભાઈના ઘરના ઉપરના માળે ચાલતું હતું. ઈ. સ. ૧૯૯૮માં શ્રીહરિ કૃપાવર્ષા બ્રહ્મયજ્ઞ પ્રસંગે સૂરેશ્વરી સોસાયટીના મકાન નં. ૨/Aના નવનિર્મિત પ્રથમ અને બીજા માળમાં ફેરવવામાં આવ્યું. આ ગ્રંથાલયનું ‘પૂજ્યશ્રી નારાયણભાઈ જ્ઞાનભવન ગ્રંથાલય’ એવું નામાભિધાન નીચે દર્શાવેલ કારણોને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યું છે.

ગ્રંથાલયમાં પુસ્તકો વસાવવાનાં હોય ત્યારે પૂજ્યશ્રી નારાયણભાઈ જાતે જ તે ખરીદવા જતા. દરેક પુસ્તક ચોકસાઈપૂર્વક જોઈ–તપાસીને પછી જ ખરીદતા. જીવનઘડતરમાં ઉપયોગી થવા યોગ્ય હોય તો જ તે પુસ્તક પસંદગી પામતું. ગ્રંથાલયમાં પુસ્તકોની સાફસૂફી, પુસ્તકોની રજિસ્ટરમાં નોંધણી

અને પુસ્તકોની વિષયવાર ગોઠવણી, આ દરેક બાબતમાં સ્વયં કાળજી તથા પરિશ્રમ લઈ કાર્ય કરતા. પોતાના માર્ગદર્શન હેઠળ કાર્યકરો પાસે પણ કામ કરાવતા. પોતાની ટૂંકી આવકમાંથી પણ બચત કરી ટીપે ટીપે સરોવર ભરાય એ રીતે વિશાળ ગ્રંથાલયની સ્થાપના કરી. પચાસેક વર્ષના લાંબા ગાળાના અથાગ પરિશ્રમની ફલશ્રુતિરૂપે આશરે પચીસ હજાર પુસ્તકો સમાવતું આ અદ્‌ભુત ગ્રંથાલય આકાર પામ્યું. આ સાહિત્ય-સમુદ્રમાં ગુજરાતી, અંગ્રેજી, હિંદી ને સંસ્કૃત જેવી વિવિધ ભાષામાં લખાયેલાં જીવનઘડતર, ચારિત્ર્યઘડતર, ચિંતનાત્મક, શિક્ષણક્ષેત્રના ઈતિહાસ, વિજ્ઞાન વગેરે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો; જગતના વિવિધ ધર્મો તથા સ્વામિનારાયણ ધર્મનાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો; મહાપુરુષોનાં જીવનચરિત્રો; ગાંધી સાહિત્ય; રામકૃષ્ણ મિશન, ચિન્મય મિશન, અરવિંદ આશ્રમ, દિવ્ય જીવન સંઘ વગેરે જગવિખ્યાત મહાન વિભૂતિની સંસ્થાઓનાં પ્રકાશનો; દેશ-વિદેશના તત્ત્વચિંતકોનાં પ્રકાશનો; આરોગ્યને લગતાં પ્રકાશનો; શબ્દકોશો, જ્ઞાનકોશો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. આ રીતે સામાજિક, શૈક્ષણિક ને આધ્યાત્મિક એમ સર્વાંગી વિકાસ સાધવામાં અત્યંત ઉપયોગી એવા પુસ્તકોને લોકભોગ્ય બનાવવા માટે એક આદર્શ ગ્રંથાલયનું નિર્માણ કર્યું છે.

આવા ઉત્કૃષ્ટ પ્રકારના ગ્રંથાલયની સાથે વિદ્યાર્થીઓ એકાગ્ર ચિત્તે પોતાનો અભ્યાસ કરી શકે તે હેતુથી ગ્રંથાલયના મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર 'વાંચનાલય'ની વ્યવસ્થા પણ વિનામૂલ્યે કરવામાં આવી છે.

આ રીતે જોતાં સહજ જ ખ્યાલ આવે છે કે, મુક્તરાજ

જે હેતુ ને સંકલ્પ લઈને પૃથ્વી ઉપર પ્રગટ થયા તે હેતુને બર લાવવા માટેની કલ્યાણકારી, સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓની ગંગોત્રી સુદીર્ઘકાળ પર્યંત વહેતી મૂકી, જેથી આપણી પેઢી તથા આવનાર પેઢી તેનો અવિરતપણે લાભ ઉઠાવી શકે.

સમય અને સંજોગોને લઈને સંસ્થાના ટ્રસ્ટીમંડળમાં ફેરફાર થતા આવ્યા છે અને થશે. કોઈ પણ સંસ્થાના વિકાસ માટે વડીલોનું યોગ્ય માર્ગદર્શન ને સંનિષ્ઠ કાર્યકરોની કર્તવ્યનિષ્ઠા અત્યંત જરૂરી છે. સાચા ભાવથી આવી સેવા આપનાર જ ખરા અર્થમાં ટ્રસ્ટી છે. હોદ્દો તો લોકવ્યવહારમાં અનિવાર્ય કાયદાકીય વ્યવસ્થા છે. પ્રભુની પ્રસન્નતા દરેક સાચા સેવાભાવી કાર્યકર ઉપર અચૂક ઊતરે છે. પૂજ્યશ્રી નારાયણભાઈ આ પ્રકારની સમજણ આપતા, જે કાર્યકરોમાં અખૂટ બળ પૂરું પાડે છે.

'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન' સંસ્થા અને ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈના નામને ગૌરવ પ્રદાન કરતી એક અત્યંત આનંદકારી ઘટના એ બની કે તા. ૨૬-૯-૨૦૦૨ના રોજ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા પાસેથી પસાર થતો અને આગળ 'નવરંગ હાઈસ્કૂલ' સુધીનો માર્ગ છે તેને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ' તથા આગળના ચાર રસ્તાને 'સહજાનંદ ચોક' એવું નામાભિધાન કરવામાં આવ્યું છે. આ માર્ગે આવતી-જતી દરેક વ્યક્તિને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈની સહેજે જ સ્મૃતિ થતાં કલ્યાણનું બીજબળ થતું રહેશે.

## ઉપસંહાર

માનવજીવનના શૈક્ષણિક, સામાજિક, વ્યાવહારિક તેમ જ આધ્યાત્મિક વિકાસના ઉદાત્ત હેતુને ફળીભૂત કરવા માટે મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રત્યક્ષ પ્રેરણા ને આદેશથી શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાની રચના કરી મુમુક્ષુઓને શ્રેય ને પ્રેય બંનેની પ્રાપ્તિ માટે ઉત્તમ ભૂમિકા પૂરી પાડી છે. નિઃસ્વાર્થ ને નિષ્કામ એવા આ સંતમૂર્તિએ પોતાનું સમગ્ર જીવન માનવ-સેવા પરાયણ બનાવી દીધેલું. પોતાની સમગ્ર આધ્યાત્મિક શક્તિનો સર્વજીવહિતાવહ કાર્યોમાં સદ્‌ઉપયોગ કર્યો. જણ-જણ પ્રત્યે કરેલા તેમના અનંત ઉપકારોનો બદલો આપણે કદી આપી ન શકીએ. તેમનું ઋણ અદા કરવા આપણે અસમર્થ છીએ તે માનવું જ રહ્યું. પ્રભુ સ્વરૂપ એવી આ સંસ્થા અને તેની કલ્યાણકારી પ્રવૃત્તિઓ માનવ સમુદાયનું ઊર્ધ્વીકરણ કરી પ્રભુપ્રાપ્તિ તરફ દોરી જવાની સેવા બજાવે છે.

આ રીતે ઉત્તરોત્તર વિકસતી જતી મિશનની પ્રવૃત્તિઓ જનસમૂહને વધુ ને વધુ આકર્ષિત કરે છે. તેનો બહોળો પ્રતિભાવ પણ સાંપડતો રહે છે. સાથે સાથે મિશનના સર્વજીવહિતાવહ ઉદ્દેશોની પરીપૂર્તિ પણ થતી રહે છે. આ બધું કેવળ પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ, બાપાશ્રી તથા સદ્‌ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈની અસીમકૃપાનું પરિણામ છે.

ભવિષ્યમાં પણ સદ્‌પ્રવૃત્તિઓના ધામરૂપ આ સંસ્થાના ઉદ્દેશોને અનુરૂપ પ્રવૃત્તિઓ વિકસતી રહે અને વધુ ને વધુ મુમુક્ષુ ચૈતન્યો આત્યંતિક કલ્યાણના પથયાત્રી બને એવી પ્રભુ તથા સદ્‌ગુરુને પ્રાર્થના કરીએ અને સર્વના સાથ - સહકારની

અપેક્ષા સાથે શ્રદ્ધાપૂર્વકના પુરુષાર્થમાં જોડાઈ પ્રભુ પ્રસન્નતાના અધિકારી બનીએ.

અસ્તુ!!!

## ૧૧ મુક્તરાજનું વ્યક્તિત્વ, કલ્યાણકારી ઉદાત્ત ગુણો અને સામર્થ્ય

મુક્તરાજ મધ્યમ કદના છતાં ય સશક્ત, વિશાળ ભાલ, આંખોમાં કરુણા અને તેજસ્વી મુખારવિંદ ધરાવતા. પહેરવેશ સાવ સાદો. ઘરમાં પહેરણ, ઝભ્ભો અને લેંઘો પહેરે અને બહાર જાય ત્યારે ખાદીની ટોપી, ઝભ્ભો, ધોતિયું અને પગમાં સ્લીપર ધારણ કરતા. ચાલે ત્યારે એક લાઈનમાં પગલાં પડે. મહારાજના સ્વરૂપમાં વૃત્તિ રાખી અંતર્વૃત્તિએ અર્ધબીડેલી આંખે ખૂબ જ ઝડપથી ચાલતા. બાહરી વ્યક્તિત્વ સાવ સાદું, જાણે મૂર્તિમાન સાદગી ઝળહળતી હોય! વ્યક્તિત્વ એવું આકર્ષક કે ગમે તે વ્યક્તિ હોય, તેમના તરફ આકર્ષાઈ પ્રભાવિત થયા વગર રહી શકતી નહિ. ઘણાને એવા અનુભવો છે કે મુક્તરાજનાં દર્શને જાય ત્યારે મુક્તરાજના સ્વરૂપમાંથી તેજ નીકળતું હોય, દિવ્ય સૌરભ વહેતી હોય. મુક્તરાજની રહેણી-કરણી, પહેરવેશ, ભોજન બધું જ સાદું, સુઘડ ને સુવ્યવસ્થિત.

સત્સંગમંડળ મુક્તરાજને ‘મામા’ના હુલામણા નામથી સંબોધતું. આ લોકમાં મા જેમ પોતાના બાળકને સાચવે છે, તેમ મુક્તરાજ પણ અવરભાવમાં માતાની જેમ જીવોની સાંસારિક મુશ્કેલીઓથી રક્ષા કરતા અને માની જેમ જ સાચવીને જીવોનો મોક્ષ કરી પરભાવનું સુખ પણ આપતા. બંને પ્રકારે સુખ આપે, તેથી બે વખત ‘મા’ ‘મા’. આ લોક અને પરલોક બંનેમાં સુખિયા કરે એવા અલૌકિક મા એટલે મામા. આવું જ અર્થઘટન તેમના માટે ઉચિત ગણાય.

નાના કે મોટા ગમે તે સંત હોય, મુક્તરાજ તેમને દંડવત કરે, પગે લાગે. વિનમ્રભાવે બોલાવે, સંતોને ધોતિયાં ઓઢાડે, ફળો આપે. દરેક હરિભક્તનું આતિથ્ય કરે, કોઈ આવે તો ઊભા થાય, આવકાર આપે, તેમને ચાંદલો કરે, હાર પહેરાવે, તેમને કંઈક પ્રસાદી જમાડીને જ મોકલે. કોઈ ના પાડે તો ફળો, લીંબુપાણી વગેરે મહારાજને ધરાવીને આપે. દરેક નાની-મોટી વ્યક્તિને તમે કહીને જ આદરપૂર્વક બોલાવે. તહેવારો આવે ત્યારે દરેકને પૈસા પ્રસાદીના કરીને આપે. દુઃખી ને વ્યથિત લોકોને વિનમ્ર અને મધુર વાણીમાં આશ્વાસન આપે, જેથી તેઓનું અર્ધું દુઃખ ત્યાં જ દૂર થઈ જતું.

'કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય' એ ઉક્તિ અનુસાર કોઈને દુઃખી જુએ તો પોતે ગળગળા થઈ જાય, તેમને ચરણરજ આપે, તેઓનું દુઃખ દૂર કરવા મહારાજને પ્રાર્થના કરે, તેઓનાં દુઃખ દૂર થાય ત્યારે તેમને શાંતિ થાય, જેઓ દૂર રહેતા હોય તેમને ફોન દ્વારા પણ સમાચાર પૂછે. હિતશત્રુઓ અને તેજોદ્વેષીઓ ક્યારેક વિઘ્નકર્તા બને ત્યારે સમર્થ થકા જરણા કરતા અને તેવા જીવો પ્રત્યે પણ કરુણા દર્શાવી ક્ષમા આપતા. ક્યારેક પોતે એમ પણ કહેતા, "જો હું ખરો અનાદિમુક્ત હોઉં તો મારો દ્વેષ કરનાર કે અપરાધ કરનારનું પહેલું કલ્યાણ કરું." અહો! મુક્તરાજની કેવી વિશાળ ભાવના અને કેવી સહૃદયતા!! સત્સંગમાં સદાય દાસભાવ રાખે. જ્યારે કોઈને પત્ર લખે કે કોઈ લખાણ લખે ત્યારે 'સત્સંગનો દાસાનુદાસ' કે પછી 'દીનદાસ' એવું લખે, અને 'દંડવત્ સહિત સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ' એવું પણ લખે. પોતાને ઉદ્‌ઘોષ જરા ય ગમે નહિ. પોતાના પ્રાગટ્ય દિન નિમિત્તે અથવા કોઈ

શુભ પ્રસંગે મુક્તમંડળ હાર પહેરાવવા જાય તો ઘણો જ અણગમો દર્શાવે અને મહારાજને અડાડી હરિભક્તોને જ તે હાર પાછો પહેરાવી દે.

વાણી વર્તનમાં એકતા પણ એવી જ. પોતે જે ઉપદેશ આપતા તે તેમના વર્તનમાં મૂર્તિમાન જણાઈ આવતું. વાણી-વર્તનમાં હંમેશા સત્યનું પાલન કરતા. પ્રામાણિક પણ શતપ્રતિશત. નોકરી કરતા ત્યારે પોતાના કામથી કોઈને પત્ર લખવો હોય તો ત્યારે પોતાનો જ કાગળ વાપરે, તે વખતે ઑફિસની ટાંકણી પણ વાપરે નહિ. આવું બીજાને પણ શીખવતા, ધર્માદાનો એક પણ પૈસો ગેરવલે જવો જોઈએ નહિ. પોતાની કમાણીના પૈસા પણ પ્રભુના જ છે, તેથી તેનો પણ દુરુપયોગ ન થવો જોઈએ તેમ કહેતા. નૈતિકતાના તો પ્રખર હિમાયતી હતા.

નીડર પણ એવા જ. વિદ્યાર્થીકાળમાં ૧૯૪૨ની સ્વાતંત્ર્યતાની ચળવળમાં પોતે ભાગ લીધેલો. લોકચેતના જાગૃત થાય અને દેશપ્રેમ વધે તેવાં પ્રવચનો પોતે કરતાં. મદ્રાસમાં જ્યારે તેમના રિસર્ચ પેપરને મળેલ રાષ્ટ્રીય એવૉર્ડ લેવા ગયા ત્યારે ત્યાં કોંગ્રેસ વિરોધી આંદોલન ચાલતું હતું. મુક્તરાજની ટોપી જોઈ તેમને કોંગ્રેસી ધારી છોકરાઓ ઘેરી વળ્યા. મુક્તરાજે નીડરતાપૂર્વક શાંતચિત્તે તેઓને અંગ્રેજીમાં એવું સરસ રીતે સમજાવ્યું કે છોકરાઓ શાંત થઈ ગયા અને મુક્તરાજથી પ્રભાવિત થઈ ગયા. ધર્મશુદ્ધિ અને વહીવટશુદ્ધિની કોઈ બાબત હોય ત્યારે નીડર થઈ ગમે તેને સ્પષ્ટપણે કહી દેતા. તેમાં કોઈની શેહશરમ રાખતા નહિ.

પોતે દીર્ઘદૃષ્ટિ વાપરી લાંબુ વિચારીને જ લોકોને વ્યાવહારિક કે આધ્યાત્મિક માર્ગદર્શન આપતા. તેમને ભૂત-

ભવિષ્ય અને વર્તમાન હસ્તામળ હતા. ઘણી વાર ભવિષ્યમાં આમ થશે એવું પહેલેથી કહી દેતા. તે પછી તેમ જ થતું. ઘણી વખત અનિવાર્ય સંજોગોમાં પોતે મહારાજને પ્રાર્થના કરી વાતાવરણ પણ બદલી નાખતા. વરસાદ ન પડતો હોય તો વરસાદ વરસાવતા તો કોઈ વખત વધારે વરસાદ પડતો હોય તો બંધ પણ કરતા. જીવોને વર્તમાન ધરાવી કંઠી બાંધીને તેમનાં કેટલાય જન્મોનાં પ્રારબ્ધ બાળી આવરણો ટાળી નાખતા, પ્રસાદીની કરીને મૂર્તિ આપે તેમાં ઘણા મુમુક્ષુઓને દિવ્યતા જણાઈ આવતી. પ. પૂ. બાપાશ્રીના સાર્ધશતાબ્દી મહોત્સવ વખતે મહારાજને પ્રાર્થના કરી પ્લેગ રોગ દૂર કરાવ્યો અને મહારાજના પ્રતાપથી એવો ચમત્કાર જણાવ્યો કે ત્યારે કોઈ માંદુ પડ્યું જ નહિ. બલ્કે જે માંદા દર્શને આવ્યા તેઓનો મંદવાડ પણ ત્યાં આવવાથી દૂર થઈ ગયો. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનો અભિષેક મુક્તરાજે કર્યો ત્યારે બાપાશ્રીની મૂર્તિમાં એની મેળે અભિષેક થવા લાગ્યો. તેવા હાજર રહેલાં હજારો લોકોને દર્શન થયાં. એવો જ અભિષેક મુક્તરાજના અમદાવાદના ઘરમાં એ જ વખતે બાપાશ્રીની મૂર્તિમાં પણ થયો હતો. મુક્તરાજે આ યજ્ઞમાં પ્રસન્ન થઈ બધાને છેલ્લા જન્મના આશીર્વાદ આપી જીવો પર કૃપા વરસાવી સૌને ન્યાલ કરી દીધા. પોતે અંતર્ધાન થયા પહેલાં અને પછી ઘણા સમય સુધી ચંદનની વૃષ્ટિ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન ને તેની આજુબાજુની જગ્યામાં ચાલુ રહી.

આમ પરમાત્માના દરેક કલ્યાણકારી ઉદાત્ત ગુણો તથા અનંત સામર્થ્ય મુક્તરાજમાં સહજપણે વર્તતા.

# ૧૨ પ્રવાસ દ્વારા કલ્યાણ

મુક્તરાજનાં સર્વજીવહિતાવહ કાર્યો તેમના દિવ્ય વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ અનેક જીવોએ તેમને પોતાના જ્ઞાનગુરુનું સ્થાન આપ્યું. તેઓએ મિશનની પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાનગંગા વહેતી મૂકી, ઉપરાંત તેમની પાસે આવનાર દરેક હરિભક્તોના ત્રિવિધતાપ, ઐહિક દુઃખો અને વ્યાવહારિક મુશ્કેલીઓ દૂર કરતા અને આધ્યાત્મિક જ્ઞાન અર્પતા. જાણે તે ઓછું હોય તેમ દયાના સાગર મુક્તરાજ હેતરુચિવાળા હરિભક્તોને ઘરે-ઘરે પધારતા અને તેમનાં ઓરતાં પૂર્ણ કરતાં. રામપુરા, જરવલા, પાટડી વગેરે અનેક ગામડાંઓ તેમ જ મુંબઈ, દિલ્હી, વડોદરા વગેરે શહેરો તેમના પાદસ્પર્શથી કૃપાન્વિત થયાં છે. હરિભક્તોને સુખ આપવા અને તેમને રાજી કરવા ખાતર શરીરની અસ્વસ્થતા હોવા છતાં પણ પ્રવાસનો હડદો ખમતા. જ્યાં જાય ત્યાં સત્સંગ સભામાં શ્રીહરિના જ્ઞાનની લ્હાણી કરે, કોઈના ઘરે પ્રસાદ ગ્રહણ કરે, કોઈને ત્યાં રોકાય, કોઈના ઘરે આરતી ઉતારે અને આવી અનેક રીતે હરિભક્તોના મનોરથો પૂરા કરતા.

અનાદિમુક્તને તો તીર્થયાત્રા કરવાપણું હોતું નથી, કારણ કે પોતે જંગમ તીર્થરૂપ હોય છે. બધાં તીર્થો તેમનાં ચરણમાં જ હોય છે, પરંતુ અનંત જીવોનાં કલ્યાણ થાય અને આત્યંતિક મોક્ષ થાય તેવા આશયથી મુક્તરાજે કાશી, મથુરા, હરદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, બદ્રિનાથ વગેરે સ્થળોએ તીર્થયાત્રા

કરેલી. તીર્થાટન દરમ્યાન તેમનો અલૌકિક પ્રતાપ દર્શાવતા એકાદ-બે ઉલ્લેખનીય પ્રસંગો જોઈએ.

છપૈયા પાસે શ્રવણ તલાવડી સ્થાનમાં ઝૂંપડાંવાસીઓ આશરે ૧૦૦ થી ૧૫૦ રહેતા હતા. તે દરેકને મુક્તરાજે હાથમાં જળ આપી વર્તમાન ધરાવ્યા ને છેલ્લા જન્મના આશીર્વાદ આપી એ ઝૂંપડાંવાસીઓને ધન્ય બનાવી દીધા. તે બધાને સ્મૃતિ રહે તે માટે મુક્તરાજે પ્રસાદીના રૂપિયા પણ આપ્યા.

છપૈયામાં ઘનશ્યામ મહારાજની મૂર્તિના પાટોત્સવ નિમિત્તે સમૈયામાં એક મોટી ઉંમરના માજી ભીડમાં કચડાઈ ગયાં અને બેભાન થઈ ધામમાં જાય તેવા થઈ ગયાં. મુક્તરાજે તેને ચરણરજ આપી. ચરણરજ મુખમાં જતાં માજી જાગૃત થઈ ગયાં અને બોલ્યાં, "આ ચરણરજમાંથી તો દિવ્ય સુગંધ આવતી હતી અને મને મહારાજનાં દર્શન થતાં હતાં." મુક્તરાજ જે તીર્થમાં જાય ત્યાંના નદી, તળાવ, સમુદ્રમાં પ્રભુની ચરણરજ નાખી તેમાં રહેલા જીવોનું તથા તીર્થનું માહાત્મ્ય જાણી સ્નાન કરે તેનું તથા દર્શન કરે તે સર્વેનું કલ્યાણ થાય તેવા સંકલ્પ કરતા. આમ તે દરેક તીર્થને પાવન કરી સજીવન કર્યાં.

સમગ્ર વિશ્વમાં જીવોનું આત્યંતિક કલ્યાણ થાય એવા ઉદ્દેશથી મુક્તરાજ ઈ. સ. ૧૯૯૩માં પૂ. લીલાબેન તથા અન્ય હરિભક્તો સાથે ઈંગલેન્ડ (યુનાઈટેડ કિન્ગડમ) તથા અમેરિકા પધાર્યા. જીવોનું રૂડું થાય તેવો શુભ સંકલ્પ મુક્તરાજનો હંમેશાં રહેતો. વિદેશના હરિભક્તોને તો હરખ સમાતો નહોતો. તેમના જીવનનો તો આ એક દુર્લભ લ્હાવો અને અનેરો પ્રસંગ હતો. વિદેશ નિવાસી હરિભક્તો માટે જ નહિ, બલ્કે સમગ્ર સત્સંગ માટે આ એક અનેરો પ્રસંગ હતો, કારણ કે એ વિદેશી

ધરતીના એટલાં મહદ્ ભાગ્ય કે અનાદિમુક્તના દિવ્ય પાદસ્પર્શથી તે ભૂમિ પાવન બની! હરિભક્તોને લાભ આપવા ઉપરાંત મુક્તરાજે ત્યાંના ડૉક્ટરોને પોતાની વાણી, વ્યક્તિત્વ અને દિવ્યભાવથી પ્રભાવિત કર્યા. કેટલાયને ઘરે પધરામણી કરી મહારાજની આરતી કરતા અને આશીર્વાદ આપતા. ત્યાંના લોકોને પ્રવચન આપી મહારાજની શુદ્ધ ઉપાસના સમજાવી. ત્યાંના બુદ્ધિજીવીઓ પણ મુક્તરાજના પ્રવચનથી અને અલૌકિક પ્રભાવથી પ્રભાવિત થયા હતા. અમુક લોકો તો મુક્તરાજની વાણી અને વ્યક્તિત્વથી એટલા બધા પ્રભાવિત થયા હતા કે, પોતાની રહેણી-કરણી અને ખોરાક પણ બદલી નાખી મુક્તરાજ કહે તે રીતે રહેવા તૈયાર થયા. ટોરેન્ટોમાં તો એક સત્સંગીને મુક્તરાજ વહેલી સવારે પૂજા કરતા હતા ત્યારે મુક્તરાજના સ્વરૂપમાંથી તેજ નીકળ્યું તેવા દર્શન થયાં હતાં. આથી તેને મુક્તરાજને વિષે ઘણો જ દિવ્યભાવ થયો અને મુક્તરાજની આદરપૂર્વક પોતાને ઘરે પધરામણી કરાવી આશીર્વાદ લીધેલા. મુક્તરાજ જ્યાં જ્યાં જતા ત્યાંના નદી, તળાવ, સમુદ્ર તથા અમેરિકાના નાયગરા ફોલ, પેસેફીક મહાસાગર વગેરે દરેક જગ્યાએ ચરણરજ નાખી તેમાં રહેલા જીવોનું કલ્યાણ થાય તેવા શુભ સંકલ્પ કરતા.

આ રીતે પ્રવાસ દ્વારા પ્રભુના સ્વરૂપના જ્ઞાનની દિવ્ય સુવાસ પ્રસરાવી અનેક જીવોનાં કલ્યાણ કર્યાં.

# ૧૩ સત્સંગનાં વિકાસલક્ષી કાર્યો

મુક્તરાજને પોતાને સહજ અંતર્વૃત્તિનું અંગ એટલે સદાય મૂર્તિના સુખમાં ગુલતાન રહે, તેમ છતાં સર્વજીવહિતાવહ અર્થે સત્સંગમાં અનેક વિકાસલક્ષી કાર્યો કર્યાં.

અનાદિમુક્ત બાપાશ્રીની દિવ્ય તપોભૂમિ એવા છત્રીસ્થાનનો વિકાસ કરવો, એવા મુનિસ્વામીના સંકલ્પને સાકાર કરતા તે સ્થાનનો અ. મુ. પ. પૂ. જાદવજીબાપા અને કચ્છ–ગુજરાતના સંત–હરિભક્તોનો સાથ સહકાર લઈ સુંદર વિકાસ કર્યો. ગુરુકુળ, છાત્રાલય, વિદ્યાલય તથા બાપાશ્રીના જીવનપ્રસંગોનાં ચિત્રોનું સુંદર પ્રદર્શન વગેરેનું આયોજન કર્યું. મિશન સંસ્થાની સ્થાપના પૂર્વે 'અ. મુ. અબજીબાપાશ્રી સ્મારક ટ્રસ્ટ ગુજરાત' દ્વારા વચનામૃત, બાપાશ્રીની વાતો, વૃંદાવનદાસજી સ્વામીની વાતો વગેરે પુસ્તકોનું પ્રકાશન કરી મુનિસ્વામીનો પ્રકાશન કાર્યનો શુભ સંકલ્પ પણ સાકાર કર્યો છે. સરસપુરમાં બાઈઓનું અલગ મંદિર કરાવી આપ્યું અને ભાઈઓના મંદિરનો વિકાસ કર્યો છે. ઘણાં ગામોમાં હરિમંદિરો કરાવેલ છે. મૂળી મંદિરના ઉતારા તથા વિશાળ ભોજન ખંડ 'શ્રી બ્રહ્માનંદ ભોજનાલય'ના વિકાસમાં સહાયતા કરેલી છે. કેટલીક ધાર્મિક જગ્યાઓના જીર્ણોદ્ધાર પણ કરાવ્યા છે.

મુક્તરાજના પ્રભાવથી પ્રભાવિત થઈ આચાર્યશ્રી તથા વિદ્વાન સંતમંડળની કમિટીએ એવું નક્કી કર્યું કે ઉપાસના શુદ્ધિ વિષે મુક્તરાજ જેવું કોઈ લખી નહિ શકે. આથી

મુક્તરાજને તે કાર્ય સોંપ્યું અને મુક્તરાજે એ કાર્યને સુંદર ઓપ આપી 'ભગવાન સ્વામિનારાયણ' નામના માસિકના વિશિષ્ટ અંકમાં લેખ લખ્યો. ત્યારથી ઉપાસના શુદ્ધિના કાર્યને વેગ મળ્યો છે. નારણપુરા, શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત ધ. ધુ. પ. પૂ. આચાર્યશ્રીના સૂચનથી મુક્તરાજે કરેલું. એ વખતે મુક્તરાજે શુભ સંકલ્પ કરેલો કે આ મંદિરનો ભવિષ્યમાં ખૂબ સુંદર વિકાસ થાઓ અને અનેક જીવોનાં કલ્યાણ થાઓ, સત્સંગ વૃદ્ધિ પામો. એ સંકલ્પને અત્યારે આપણે સાકાર સ્વરૂપે ફળીભૂત થતો જોઈ શકીએ છીએ. ત્યાર બાદ છારોડીમાં પણ પૂ. જોગીસ્વામી સાથે મુક્તરાજે ગુરુકુળનું ખાતમુહૂર્ત કરી શુભ સંકલ્પ કર્યો છે, જે અત્યારે આકાર પામી રહ્યું છે. સ્વામિનારાયણ ગુરુકુળનાં સેવાલક્ષી કાર્યોને બિરદાવી પ્રોત્સાહન આપી ત્યાં પણ અનેક વખત ઉપાસના શુદ્ધિનાં પ્રવચનો આપ્યાં છે. અનેકના જીવમાં તે વિષે શુદ્ધતા પ્રવર્તાવી છે. 'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન' જેવી સંસ્થાની સ્થાપના કરી છે. જ્યાં આજે પણ ઉત્કૃષ્ટ વિકાસલક્ષી કાર્યો અવિરતપણે ચાલુ જ છે. આજે પણ મુમુક્ષુઓ આવી સંસ્થાનો લાભ લઈ શકે છે.

# ૧૪ આધ્યાત્મિક માર્ગદર્શક

પૃથ્વી પર આવી દરેક જીવે કરી કરીને કરવાનું કોઈ કાર્ય હોય તો તે મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર છે, પરંતુ એ સાક્ષાત્કાર અને એ માર્ગ પર આગળ વધવા સાચું જ્ઞાન અને યોગ્ય માર્ગદર્શન આવશ્યક છે. એ માટે પૂજ્યશ્રી નારાયણભાઈ જેવા અનાદિમુક્તની આવશ્યકતા છે. જેઓ સાચા અર્થમાં માર્ગદર્શક બની રાહ બતાવે અને મુમુક્ષુઓને પાત્ર પણ કરે.

આધ્યાત્મિક પંથે આગળ વધવા ઈચ્છતા મુમુક્ષુઓ, ઉચ્ચકોટીના સાધનદશાના સાધકો, તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના હોય તેઓ તો માર્ગદર્શન મેળવતા જ, પરંતુ અન્ય સંપ્રદાયના સાધકો પણ મુક્તરાજ પાસે માર્ગદર્શન મેળવવા આવતા. સૌને સૌની પાત્રતા પ્રમાણે મૂંઝવતા આધ્યાત્મિક પ્રશ્નોનું નિરાકરણ કરી આપતા. ધ્યાન યોગમાં, ભજન-ભક્તિમાં નડતી આંતરિક મુશ્કેલીઓ, ગૂંચો ઉકેલી આપતા તથા અંતઃશત્રુઓ સામે લડવાના સચોટ ઉપાય પણ બતાવતા. પાત્ર મુમુક્ષુઓને તથા સાધકોને ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિઓ પણ કરાવતા. ખરા ખપવાળા મુમુક્ષુઓને ધ્યાનની લટક સુંદર અને સરળ રીતે શીખવતા. કેટલાક મુમુક્ષુઓને તો પાસે બેઠા હોય ત્યારે વાર્તાલાપ વગર પણ આંતરિક રીતે પોતાને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ આપોઆપ જ મળી જતું. કેટલાકનાં તો જીવન તેમના ઉપદેશ વચનો દ્વારા પલટાઈ ગયાં. છેટે રહ્યા થકા પણ જો કોઈ મુક્તરાજને દિવ્યભાવે સહિત

સંભારે તો તેને માર્ગદર્શન મળી રહેતું. મુશ્કેલીઓમાં તેમની રક્ષા થતી અને વિઘ્નો દૂર થતાં. ઘણી વખત અંતઃપ્રેરણા પણ થતી, જેને કારણે મુમુક્ષુને પોતાના એ વિકટ સમયમાં નિર્ણયો લેવામાં અદ્‌ભુત સહાયતા મળતી.

ઉપદેશ આપે તે પણ સચોટ અને હૃદયસ્પર્શી આપતા. ઘણી વખત તેઓ સભામાં કહેતા, "ગમે તે સંપ્રદાયની વ્યક્તિ હોય તે મને આધ્યાત્મિક બાબતે ગમે તે પ્રશ્ન પૂછે, હું મહારાજને સંભારી, મૂર્તિને કેન્દ્રમાં રાખી તેનો વૈજ્ઞાનિક રીતે હૃદયસ્પર્શી જવાબ આપી શકું તેમ છું." અને તેમના જવાબથી પ્રશ્ન પૂછનારને જીવમાંથી હા પડે તે રીતે સંતોષકારક જવાબ આપતા. કોઈની પણ સાથે વાત કરે ત્યારે મુખ્યપણે પ્રભુના સ્વરૂપમાં જોડવાની જ વાત હોય. સ્વામિનારાયણ સંપ્રદાય વિશ્વના બીજા ધર્મ કરતાં શ્રેષ્ઠ છે અને વિશાળ દૃષ્ટિ ધરાવનારો છે, તે વાતને લોકો સરળતાથી સમજી શકે તે માટે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ અને વિશ્વધર્મ' નામની નાનકડી પુસ્તિકા તેમણે લખી. મહારાજે જણાવેલાં પંચ વર્તમાન દરેક જણ દૃઢપણે પાળે તેવો તેમનો ખાસ આગ્રહ રહેતો. જે કોઈ તેને પાળવામાં કાળજી દાખવે તેના પર પોતે વધુ પ્રસન્નતા દાખવતા. પંચ વર્તમાન એટલે શું? તેનો ખરો ખ્યાલ આપતું પુસ્તક 'સમગ્ર જીવનનો યોગ' પણ મુક્તરાજે સંક્ષિપ્તમાં લખ્યું છે. જેના લીધે જીવો તેને વાંચી પંચ વર્તમાનનું યોગ્ય રીતે પાલન કરી પ્રભુ પ્રસન્નતા મેળવી શકે.

પોતાની પૂર્ણ મુક્તદશા હોવાથી આધ્યાત્મિક સિવાય વ્યાવહારિક પ્રશ્નોના ઉકેલ પણ સચોટ રીતે આપતા. વચનસિદ્ધિ પણ દાખવતા. કોઈને રાજી થઈ આશીર્વાદ આપે તો તેમ તરત

થઈ જતું. ઉદાહરણ તરીકે :- એક હરિભક્તને નોકરી નહોતી. તેણે મુક્તરાજ પાસે આવી ગદ્‌ગદ થઈ પ્રાર્થના કરી. મુક્તરાજને તેની દયા આવી, કરુણાએ કરી બોલ્યા, "તમે ચિંતા ન કરો. આવતી કાલે તમને નોકરી મળી જશે." અને ખરેખર બીજે જ દિવસે તે હરિભક્તને સારી નોકરી મળી ગઈ. કેટલાય રોગીષ્ટોના રોગો કરુણાસભર મુક્તરાજે સંકલ્પમાત્રમાં મટાડ્યા છે. કેટલાયને મહારાજને સંભારી ભૂતોના કષ્ટમાંથી અને મેલીવિદ્યાની અસરમાંથી છોડાવ્યા છે. કોઈને ખેતરમાં પાણી નીકળતું ન હોય તો કાગળ પર નકશો દોરી બતાવે, આ જગ્યાએ ખોદશો તો પાણી મળશે અને તે જગ્યાએ અખૂટ પાણી મળતું. ઘણાને તેમની જમીનમાં દટાયેલાં ધન વિષે પણ કહી દેતા.

મુક્તરાજ પૃથ્વી પરના જીવોના અભ્યુદય અને ઉત્કર્ષ માટે તો માર્ગદર્શક હતા જ, પરંતુ દેવ કક્ષાના જીવાત્માનો પણ ઉત્કર્ષ કરતા. મુક્તરાજ જ્યારે શિક્ષક હતા ત્યારે એક વખત વિદ્યાર્થીઓ અને બીજા શિક્ષકો સાથે પર્યટન અર્થે પાવાગઢ ગયા હતા. પાવાગઢમાં છેલ્લે જે સીધા દાદરા મંદિર સુધી જાય છે, તે દાદરા પાસેના ઝાડ નીચે મુક્તરાજ બેઠા અને બધાને દર્શન કરી આવવા કહ્યું. બધા દાદરા ચઢી માતાજીનાં દર્શન કરવા ગયા અને માતાજી સ્વયં સુંદર અને સૌમ્ય સ્વરૂપે શ્વેત વસ્ત્રો ધારણ કરી મુક્તરાજનાં દર્શન કરવા નીચે પધાર્યાં, મુક્તરાજને વંદન કરી પોતાના આત્યંતિક કલ્યાણ માટે આશીર્વાદ માગ્યા. મુક્તરાજ તેને આશીર્વાદ આપતા બોલ્યા, "તમારું કાર્ય પૂરું થશે એટલે તમારો મોક્ષ થશે." માતાજી પ્રસન્ન થઈ અદૃશ્ય થઈ ગયાં. આવાં દર્શન બીજી કેટલીક અન્ય વ્યક્તિઓને પણ થયા હતા.

# ૧૫ મંદવાડની અલૌકિક લીલા

શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ કિલ્લોલ કરનારા શ્રીહરિના પરમ લાડીલા અનાદિમુક્ત પ્રભુના સંકલ્પથી અવની પર સ્વતંત્રપણે પધારી અનેક મનુષ્યલીલા દ્વારા દયાએ કરીને અનેક જીવોને મૂર્તિને સુખે સુખિયા કરે છે. તેમના દ્વારા શ્રીજીમહારાજ દરેક કાર્ય કરતા હોવાથી મુક્તની સેવા તે મહારાજની જ સેવા ગણાય અને મુક્તનો રાજીપો તે મહારાજનો જ રાજીપો ગણાય. સેવા ભક્તિના અંગવાળા હરિભક્તોને સેવાનો દુર્લભ અને અલભ્ય લાભ પ્રાપ્ત થાય તે માટે મુક્ત મંદવાડ ગ્રહણ કરે છે. અક્ષમ્ય પ્રારબ્ધનાં અભેદ આવરણો જે જીવને વળગી રહ્યાં હોય તે પોતાના દેહ પર લેતા હોય તેવો ભાવ દેખાડી જીવ માટે મોક્ષનો માર્ગ મોકળો કરી આપે છે. તે પ્રારબ્ધકર્મોની અસર પોતાના દેહ પર અવરભાવમાં જણાવે છે. તેમાં પોતાને કોઈ પ્રકારની પીડા કે દુઃખનો અનુભવ નથી થતો, પણ કૃપાપાત્રોને મંદવાડની લીલા દ્વારા અલૌકિક સંભારણું કરાવી આપે છે.

મુક્તરાજ સુરતમાં ભણતા ત્યારે ન્યૂમોનિયા ગ્રહણ કરેલો જે પાટણ ગયા ત્યાં સુધી લંબાવેલો. પછી હરિભક્તોની પ્રાર્થના સ્વીકારી સ્વતંત્રપણે મંદવાડને રજા આપી હતી. અમદાવાદમાં એક વખત ટાઈફૉઈડનો મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે મંદવાડ પણ લાંબો ચલાવ્યો હતો અને પછી સ્વતંત્રપણે તેનો ત્યાગ કર્યો. ઘણી વખત મેલેરિયા જેવા તાવ પણ ગ્રહણ કરતા અને

મરજી થાય ત્યારે ત્યાગ કરતા. આવું સ્વતંત્રપણે કરતા, જેથી ડૉક્ટર પણ નવાઈ પામતા અને મુક્તરાજને ભગવાનના મોટા સંતપુરુષ જાણતા. એવી જ રીતે ઈ. સ. ૧૯૯૧ ૨૭મી જાન્યુઆરીના દિવસે મુક્તરાજે શરીરમાં હૃદયરોગના હુમલાનું દર્દ દેખાડ્યું. પંદર દિવસ હૉસ્પિટલમાં રહી કેટલાય મુમુક્ષુઓને સેવાનો અનેરો લાભ આપી, તેમનાં પ્રારબ્ધકર્મો ઓછાં કરી, તેમને પ્રભુની વધુ નજીક પહોંચાડ્યા. મુક્તરાજના મંદવાડ દરમ્યાન હૉસ્પિટલમાં રહેલા બધા ગંભીર હૃદયરોગવાળા દર્દીઓ પણ સાજા થઈ ગયા હતા. આ મંદવાડમાં પણ જ્યારે હરિભક્તોની પ્રાર્થનાથી પોતે મંદવાડને રજા આપી દીધી છે એમ જણાવ્યા બાદ સારું થવા લાગ્યું હોય તેવું દેખાડ્યું. આવું જોઈ ડૉક્ટર પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમના મુખમાંથી 'ઈમ્પોસીબલ' (અસંભવ) શબ્દો સરી પડ્યા. મંદવાડ તેમને આધીન હોય તેમ મુક્તરાજ ઈચ્છે ત્યારે વધે અને તેઓ ઈચ્છે ત્યારે ઘટે અને ઈચ્છે ત્યારે દૂર પણ થઈ જાય. હૉસ્પિટલમાં એક મુસ્લિમભાઈને મુક્તરાજના સ્વરૂપમાંથી તેજ નીકળતું હોય તેવા દિવ્ય દર્શન થયાં. આથી તેઓ કહેવા લાગ્યા, "આ તો 'અલ્લાહ' છે." મુક્તરાજ શિક્ષણક્ષેત્રમાં હતા ત્યારે વર્ગના પિરિયડ લેવામાં, મિટિંગોમાં ઘણો સમય સતત બોલવાનું રહેતું. ત્યાર બાદ સત્સંગ સભાઓને સંબોધન કરવામાં તથા પ્રવચનો આપવામાં તેમ જ હરિભક્તો સાથે વાર્તાલાપ અને જ્ઞાનોપદેશ કરવામાં સતત વાણીનો ઉપયોગ થતાં લાંબા ગાળે તેમને ગળાના સ્વરતંતુઓમાં સોજો આવી ગયેલો. આ સોજાને લઈને બોલવામાં તકલીફ થતી, સ્પષ્ટ અવાજ ન નીકળે, તાણીને બોલવું પડે, આમ હોવા છતાં કરુણા કરી

જીવોના ઉદ્ધાર માટે ને કલ્યાણકારી પ્રવૃત્તિ માટે બોલવું તો પડે જ. તેથી પોતાની તકલીફને અવગણીને પણ એ પ્રવૃત્તિ ચાલુ જ રાખી. ગળાની તકલીફ છેવટ સુધી દેખાડી, તેમ છતાં જ્યારે પોતે ઈચ્છા કરે ત્યારે સ્વતંત્રપણે આ તકલીફ દૂર કરી સ્પષ્ટ અવાજમાં કલાકો સુધી બોલતા.

આમ મુક્તરાજ જીવોના કલ્યાણાર્થે સ્વતંત્રપણે મંદવાડ ગ્રહણ કરતા અને ત્યાગ પણ કરતા.

# ૧૯ છેલ્લો મંદવાડ અને અંતિમ વિદાય

શ્રીહરિના લાડીલા અનાદિમુક્ત શ્રીજી સંકલ્પથી સ્વતંત્રપણે જ્યારે આ પૃથ્વી પર પધારે છે, ત્યારે જીવોનાં કલ્યાણ કરવાનો વિશિષ્ટ સંકલ્પ લઈને જ પધાર્યા હોય છે અને તે કાર્ય પૂર્ણ થતાં સંકલ્પરૂપ આ દેહ દ્વારા જે લીલા કરતા હોય છે તે સંકેલી લઈ શ્રીજીસુખમાં લીન થઈ જાય છે.

મુક્તરાજનું આ ૭૫મું એટલે કે અમૃતવર્ષ હતું. આ અમૃતવર્ષને સર્વોપરી શ્રીહરિ કૃપાવર્ષા બ્રહ્મયજ્ઞ તરીકે ઉજવવાનો હેતરુચિવાળા સંત-હરિભક્તોએ નિર્ણય કરેલો. તેમાં સારા ય વર્ષ દરમ્યાન સમગ્ર જીવનને પ્રભુના સ્વરૂપમાં જોડવાના યોગરૂપ કથા-વાર્તા-ધ્યાન-ભજન-કીર્તન-ધૂન સત્સંગસભાઓ-બ્રહ્મયજ્ઞો વગેરે સાત્ત્વિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રભુની તેમ જ મુક્તરાજની પ્રસન્નતા મેળવવી તેવો સંકલ્પ કર્યો હતો. પ્રભુની મરજી કંઈક જુદી હશે તેથી આ અમૃતવર્ષમાં જ અમૃતધારાને લૌકિક દૃષ્ટિએ વહેતી બંધ કરવાનો સંકલ્પ મુક્તરાજે અજ્ઞાતવાસમાં જતાં પહેલાં જ જાણે કરી લીધો હતો. ઘણી વાર અમુક હરિભક્તોને મર્મમાં પોતાનો અદૃશ્ય થવાનો સંકલ્પ જણાવી પણ દીધેલો, પરંતુ એ વખતે હરિભક્તોને એ વચનોનો ખરો ખ્યાલ આવ્યો નહિ. દેહલીલા સંકેલતા પહેલાં જાણે વધુ પ્રસન્નતા જણાવતા હોય તેમ સત્સંગ સભાઓમાં ખૂબ પ્રસન્નતા જણાવતા. અજ્ઞાતવાસમાં જતાં પહેલાં સર્વમંગલ સોસાયટીના દરેક ઘરે પધરામણી કરી, મહારાજની આરતી ઉતારી પ્રસન્નતા જણાવી

આશીર્વાદ વરસાવ્યા. સોસાયટીના દરેક સભ્યોને અલૌકિક સંભારણું કરી આપ્યું.

ચારેક મહિના અજ્ઞાતવાસમાં રહ્યા બાદ અચાનક મંદવાડ ગ્રહણ કર્યો અને તા. ૧૫ સપ્ટેમ્બર, શનિવારના રોજ હૉસ્પિટલમાં દાખલ થયા. ઘરે પૂ. લીલાબેનને ફોન કરી આશ્વાસન આપ્યું, "તમારી તબિયત સારી ન હોવાથી તમે ઘરે જ આરામ કરજો. અમે એકાદ-બે દિવસમાં જ ઘરે આવીશું." કોઈને પોતાના સંકલ્પની જાણ થવા દીધી નહિ. સેવકોને પણ એમ જ કહ્યા કર્યું, "તમે કોઈ ચિંતા કરશો નહિ. અમે મંદવાડને રજા આપી દેવાના છીએ." આવાં વચનોથી સેવકોના મનમાં ધીરજ રહી કે, ગયા મંદવાડની જેમ આ વખતે પણ મુક્તરાજ મંદવાડને રજા આપી સૌને વધુ લાંબા સમય સુધી દર્શન-સેવા-સમાગમનું સુખ આપશે, પરંતુ પછી તો જાણે કોઈ પ્રાર્થના જ ન કરી શકે, કે કાંઈ કહી ન શકે એવા હેતુથી પોતે ઊંડા ઊતરી ગયા. પૂ. લીલાબેન આવ્યાં ત્યારે ફક્ત આંખો ખોલી તેમના તરફ અમી દૃષ્ટિ કરી પાછા ઊંડા ઊતરી ગયા. સેવકો ગમે તેટલો પ્રયત્ન કરે, પ્રાર્થના કરે, પરંતુ પોતે કાંઈ બોલે નહિ અને કાંઈ સાંભળે પણ નહિ. આવું થતાં સેવકોની મૂંઝવણ વધતી જતી. આ મંદવાડમાં તો પોતે લીલા સંકેલી લેવાનું નક્કી જ કરી નાખ્યું હતું, આથી મંદવાડમાં કોઈ સુધારો જણાયો નહિ. સેવકો સિવાય બીજા કોઈ હરિભક્તોને મંદવાડની જાણ થવા દીધી જ નહિ. સાત દિવસના ટૂંકા મંદવાડ પછી પોતે શનિવારે ૨૦ સપ્ટેમ્બર ૧૯૯૭ના રોજ ૧૨:૨૫ કલાકે સ્વતંત્રપણે દેહલીલા સંકેલી લીધી.

સહુના આધારસમા સર્વેને નોધારા કરી ચાલ્યા ગયા.

આમ થતા સેવકો સ્તબ્ધ થઈ ગયા, ગાત્રો શિથિલ થઈ ગયાં, જાણે વજ્રઘાત થયો હોય! તેઓ તો એ જ આશાએ બેઠા હતા, હમણાં મુક્તરાજ મંદવાડને રજા આપશે, હમણાં રજા આપશે, પરંતુ તેમની આશા ન ફળી ને મુક્તરાજ ચાલ્યા ગયા. તેઓનું સર્વસ્વ ચાલ્યું ગયું હતું. શું કરવું તેની કોઈને સૂઝ પડતી નહોતી. કળ વળતાં સેવકોએ સત્સંગમાં બધાને ફોન દ્વારા જાણ કરી. ઉપરાંત ટી. વી. પર અને દરેક ન્યૂઝ પેપરમાં પણ સમાચાર-લેખ છપાવ્યા. દરેકને મુક્તરાજ આત્મીય જ હતા. આથી જાણ થતાં હજારો હરિભક્તોનો સમુદાય ભેગો થઈ ગયો. દરેક જણના મુખ પર ઊંડા આઘાતની લાગણી જણાઈ આવતી. મુક્તરાજનાં અંતિમ દર્શન કરવા સૌ આતુર. હજારોની માનવમેદની, વાતાવરણ શોકમગ્ન, પરંતુ મુક્તરાજે દરેકને ધીરજ પ્રેરી હતી. દરેક જણ તેમણે આપેલું જ્ઞાન, મુક્તોને આવવા જવાપણું નથી, તેઓ સદાય સાથે જ છે તે યાદ કરી પોતાને જ સાંત્વના આપ્યા કરતા.

દરેક જણને મુક્તરાજનાં અંતિમ દર્શનનો લાભ મળી શકે તે માટે તેમના દેહનો અગ્નિસંસ્કાર વિધિ બીજે દિવસે તા. ૨૧/૯/૧૯૯૭ના રોજ કરવાનું નક્કી કર્યું હતું. ૨૦ તારીખે આખી રાતની અખંડ ધૂન હતી. જે હરિભક્તો આવતા જાય તે મુક્તરાજનાં દર્શન કરી ધૂનમાં જોડાતા જાય. સવાર થતાં હજારો હરિભક્તો એકત્ર થઈ ગયા.

૨૧ તારીખે સવારે ૯:૩૦ વાગે મુક્તરાજની અંતિમ દિવ્ય યાત્રાની પાલખી, આરતી ઉતાર્યા બાદ મહારાજ અને બાપાશ્રી અને મુક્તરાજનો જય ઘોષ કરી મિશનમાંથી નીકળી. દરેક જણ શાંત ચિત્તે મહારાજની ધૂન બોલતા-બોલતા આગળ વધે. રસ્તામાં

સેવકો મહારાજ, બાપા અને મુક્તરાજની જય બોલાવી અબીલ, ગુલાલ, પુષ્પો, અક્ષત્ અને રૂપિયા-પૈસા ઉડાડતા જાય. સાડા નવ વાગે નીકળેલી પાલખી સાડા અગિયારના સુમારે નારાયણઘાટ પહોંચી. ત્યારે તો મહારાજ-બાપાશ્રી અને મુક્તરાજના જય ઘોષથી સમગ્ર વાતાવરણ સતત ગુંજતું રહ્યું. બપોરે ૧૨:૦૬ વાગે જ્યારે મુક્તરાજના દેહનો અગ્નિસંસ્કાર વિધિ થયો ત્યારે આટલા સમયથી રાખેલી ધીરજના બંધ તૂટી ગયા અને અશ્રુઓ રૂપે બહાર વહી રહ્યા. હીબકાં અને ડૂસકાંઓથી વાતાવરણ ગમગીન બની ગયું, સર્વત્ર સૂનકાર છવાઈ ગયો. હાજર રહેલો હજારોનો જનસમુદાય મુક્તરાજની અંતિમ વિદાય અશ્રુભીની આંખે નિહાળી રહ્યો હતો. અને છતાં ય કોઈનું મન એ વાત માનવા તૈયાર થતું ન હતું કે હવે મુક્તરાજ મનુષ્યદેહે હયાત નથી.

મુક્તરાજને તો આવવા જવાપણું હતું જ નહિ. ફક્ત સેવકોને દેહ દ્વારા જે સેવા આપતા, રાજી થતા, સુખ આપતા તે હવે બંધ થયું હતું. પોતે દિવ્યભાવે સદાય સાથે જ છે, તેની અનુભૂતિ પોતે બીજે જ દિવસે દિવ્યરૂપે પૂ. લીલાબેનને દર્શન આપી તેમની પાસે પાણી માંગી તે પાણી ગ્રહણ કરીને કરાવી. આ પ્રસંગથી સૌને થોડીક ધીરજ મળી અને સૌએ મુક્તરાજે આપેલ ઉપદેશને યાદ કરી તે માર્ગ પર આગળ વધવા દૃઢ સંકલ્પ કર્યો.

લૌકિક દૃષ્ટિએ તેઓ અદૃશ્ય થયા પણ તેમને તો જવા-આવવાપણું છે જ નહિ. તેઓ તો સદાય છે, છે ને છે જ. તેમના ગયા બાદ હેતરુચિવાળા અનેક હરિભક્તોને મુક્તરાજની અખંડ હાજરીની અનુભૂતિ અનેક વાર અનેક રીતે થઈ છે. તેઓ ક્યાંય ગયા નથી – આપણી સાથે જ છે – ભેદ માત્ર

આપણી સમજણ અને દૃષ્ટિનો છે.

મુક્તરાજે અબજીબાપાશ્રીએ સમજાવેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરી જ્ઞાન તથા ઉપાસનાને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં સમજાવી જ્ઞાન ગંગોત્રી વહેતી કરી છે. ધ્યાનના ગહન માર્ગની લટક સરળ રીતે સમજાવી પ્રભુપ્રાપ્તિનો માર્ગ પણ મોકળો કર્યો છે, જે સાચા મુમુક્ષુઓ માટે અત્યંત ઉપયોગી છે. આમ જીવોનાં દુઃખ દૂર કરી તેમને સાચી રાહ બતાવી તેમના ખરા અર્થમાં પથદર્શક બન્યા અને મુમુક્ષુઓને આગળ વધવા પ્રેરણા પૂરી પાડી. અનેકને મુશ્કેલીઓમાં સહાયતા કરી. દયાના સાગર, કરુણામૂર્તિ, કૃપાળુ વગેરે તેમના ગુણોને જીવોના અભ્યુદય માટે સાર્થક કર્યા. પોતાનાં વાણી-વર્તન દ્વારા જીવોને સાચા અર્થમાં જીવન જીવતા શીખવ્યું. આ રીતે માનવ જીવનના ભૌતિક તેમ જ આધ્યાત્મિક ઉત્કર્ષ માટે પોતાનું સમગ્ર જીવન સેવાર્પણ કર્યું, એવા આ મુક્તરાજના ઉપકારોનો બદલો આપણે કદી વાળી શકીએ તેમ તો નથી જ, તેમ છતાં તેમના કલ્યાણકારી ગુણો તથા આદર્શોને અલ્પાંશે પણ જીવનમાં ચરિતાર્થ કરી શકીશું, તો પણ તેમની અલૌકિક કૃપાના પાત્ર જરૂર થઈશું.

અસ્તુ!

# ૧૭ અમૃતબિંદુઓ....

૧. જ્યારે કોઈ સભામાં સંબોધન કરીએ કે કાંઈ પણ બોલીએ ત્યારે એમ કહેવું, પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, તેમના અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા દિવ્ય સભાને કોટાનકોટિ વંદન કરું છું. અને પછી બોલવાની શરૂઆત કરવી, તો મહારાજ અને મુક્ત પ્રસન્ન થાય.

૨. જેમ તમે મને જુઓ છો અને હું તમને જોઈ શકું છું તેટલી જ સ્પષ્ટ રીતે જ્યારે આંખો બંધ કરીએ ત્યારે મહારાજની મૂર્તિ દેખાવી જોઈએ. ત્યારે ધ્યાનની દૃઢતા થાય.

૩. ભગવાનનું દરેક અંગ એટલું બધું રમણીય છે કે, એ ભગવાન પોતે મનુષ્યસ્વરૂપે પ્રગટ થાય ત્યારે એટલું બધું સૌંદર્ય લઈને જો પ્રકાશે તો જીવો બધાં ખેંચાઈ જાય. આખા જગતની બધી ક્રિયાઓ ઠપ થઈ જાય. માટે મનુષ્ય જેવા થઈને જ દર્શન આપે છે.

૪. જે જ્ઞાન આપણા જીવનઘડતરમાં ઉપયોગી ન થાય તો તેનો કોઈ અર્થ ખરો? જીવનઘડતરમાં ઉપયોગી થાય એ જ્ઞાન કામનું.

૫. બધા પ્રશ્નોનો ઉકેલ મહારાજની મૂર્તિ છે.

૬. પ્રાર્થના એ શક્તિશાળી હથિયાર છે. પ્રભુને નિઃસ્વાર્થભાવે પ્રાર્થના કરવી.

૭. પરમાત્માનો સંબંધ એટલે નરી નિર્મળતા તો પછી એ સ્વરૂપ આપણા વ્યક્તિત્વને બદલી નાખ્યા વગર રહે ખરું?

૮. અનાદિમુક્ત પ્રભુ પાસે પહોંચવાનું સર્વોત્કૃષ્ટ માધ્યમ છે. તે માધ્યમ વગર પ્રભુ પાસે પહોંચી ન શકાય.

૯. આપણને જ્યારથી મહારાજ અને મુક્ત મળ્યા છે ત્યારથી કાળ, કર્મ અને માયાનું પ્રભુત્વ રહેતું નથી. એમ વિચારી હંમેશાં મહારાજને સંભાર્યા કરવા અને સદાય આનંદમાં રહેવું.

૧૦. મહારાજ તથા મુક્તને પ્રાર્થના કરી સંપૂર્ણ શરણાગતિના ભાવ સાથે બધું કાર્ય તેમને સોંપી દેવું. તેઓ બધું પાર પાડી આપે.

૧૧. નાત-જાત એ આ લોકના શબ્દો છે. આપણે તો એક સત્સંગીની નાત જ રાખવી, તે જ આપણી ખરી નાત.

૧૨. વ્યક્તિમાં રહેલો સાત્ત્વિક રાગ પણ બંધનરૂપ નીવડે છે. આ સાત્ત્વિક રાગ સત્પુરુષ થકી સાચી સમજણ કેળવી દૂર કરવો જોઈએ, તો જ પ્રભુ પ્રાપ્તિનો માર્ગ સરળ બને.

૧૩. બધાં કાર્યો ભગવાનની પ્રસન્નતા માટે કરવાં, સ્વશ્લાઘા અને પ્રસિદ્ધિ માટે કાંઈ ન કરવું.

૧૪. મોટા મુક્ત વખાણથી પર છે. તેમનામાં રહી મહારાજ બોલે છે, સર્વ કાર્ય કરે છે. એટલે એમની પ્રશાસા એ મહારાજની જ પ્રશંસા છે.

૧૫. જેના થકી પાત્રતા આવી પછી તેનો મહિમા જાણવો જોઈએ. જો ભૂલી જઈએ તો પાત્રતા પાત્રતા રહેતી નથી.

૧૬. મહારાજ કે મુક્તના સ્વપ્નમાં કે દિવ્ય સ્વરૂપે દર્શન થાય તે કોઈને કહીને આત્મપ્રશંસા કરવી નહિ. અંદર અંતરમાં જ તેનો આનંદ લેવો.

૧૭. વિદ્યાર્થીએ ભગવાનને સંભારીને પેપર લખવું. મહારાજને યાદ કરી લખીએ એટલે મહારાજ આપણી ભેળા દિવ્યભાવે ભળે અને પછી મહારાજ જ પેપર લખે.

૧૮. મહારાજના સ્વરૂપ વિશેની ખરી સમજણ તથા જ્ઞાન મુક્તની કૃપાથી જ આવે છે, રહે છે અને ટકે છે.

૧૯. ડૉક્ટરો દરેક જાતનાં ઑપરેશન કરે છે, પણ કોઈ ઈગો સર્જરી નથી કરી શકતું. આપણે આપણી મેળે આત્મનિરીક્ષણ દ્વારા આપણા ઈગોની સર્જરી કરી નાખવી. દરેક કાર્ય મહારાજ કરે છે એમ વિચારી કાર્ય કરવાથી ઈગો સર્જરી થઈ જાય છે. અહંકાર ઓગળી જાય છે.

૨૦. ભગવાન જેના પર રાજી હોય તેની જ કસોટી કરે છે. કસોટી કરનાર કોણ છે? પછી ભલેને કરે, કસોટીમાંથી તારશે પણ તે જ, તેવી દૃઢતા રાખવી.

૨૧. મુક્ત તો મૂર્તિ સિવાય કાંઈ જોતા જ નથી. તેઓ તો મૂર્તિનું જ સુખ ભોગવે છે. અને જાણપણું પણ એક મૂર્તિના સુખનું જ રહે છે. તેના દ્વારા કર્તાપણું મહારાજનું જ છે.

૨૨. આશીર્વાદ એ જ પ્રસાદી છે, પછી બીજી પ્રસાદીની આવશ્યકતા રહેતી નથી.

૨૩. ભગવાનને સર્વોપરી સમજવા માટે જુદી જુદી કક્ષાઓ, જુદી જુદી ભૂમિકાઓ બાજુએ મૂકી દેવી જોઈએ, એ

માત્ર ચર્ચા અને બૌદ્ધિક મનોરંજનનો વિષય બની રહે છે. જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે નાસ્તિકપણું, શંકા-કુશંકા ટળે અને વિવાદ માત્રનો અંત આવી જાય.

૨૪. ભગવાનના સ્વરૂપની અખંડ સ્મૃતિ રહે તે મોટામાં મોટી પ્રાપ્તિ છે અને તેનું દિવ્ય સુખમાં રૂપાંતર થાય તે જ સાક્ષાત્કારની સ્થિતિ.

૨૫. મહારાજની આજ્ઞા લોપે તો મહારાજનો દ્રોહ કર્યો કહેવાય. કોઈ દ્રોહ કરે અને ત્યાં પોતાનું ઊપજે એવું ન હોય તો મૌન પ્રતિકાર કરી ત્યાંથી ખસી જવું. તેવા વાતાવરણની વચ્ચે રહે તો ધ્યાન-ભજનમાં વિક્ષેપ થાય. આજ્ઞા લોપને આંખ આડા કાન કરવા તે પણ એક પ્રકારનો દ્રોહ ગણાય.

૨૬. અંતઃશત્રુથી મુક્ત થયા પછી અને ઘાટ-સંકલ્પ બંધ થયા પછી જ ખરી શાંતિ આવે છે. જેણે અંતરમાં ભગવાન પધરાવ્યા હોય તેને જ આ સુખની પ્રાપ્તિ અને શાંતિ છે.

૨૭. ભગવાનનાં દિવ્ય સાકાર સ્વરૂપનાં દર્શન થાય ત્યારે જે દિવ્યાનંદ અનુભવાય તે આનંદ કોઈ પણ આનંદ કરતાં અનંત ગણો વધુ છે. પ્રસિદ્ધિના રાગથી જો ભક્તિ થાય તો ભગવાનના સાકાર સ્વરૂપનાં દર્શન ન થાય.

૨૮. જન્મો-જન્મથી જીવોને હેરાનગતિનો પાર નથી. ચર્મ ચક્ષુ મટીને દિવ્ય ચક્ષુ પામવા મહારાજ ભજવા. પરભાવમાં મહારાજ આગળ સ્ત્રી-પુરુષનો ભેદભાવ નથી, તેમ જ વિષય વાસના જેવો વિચાર માત્ર નથી.

૨૯. જેણે જીભ પર જીત મેળવી નથી તે કોઈ દિવસ

બ્રહ્મચર્યનું પાલન નહિ કરી શકે. માટે સંયમિત આહાર લેવો ને દરેક ઈંદ્રિયોનો આહાર શુદ્ધ રાખવો.

૩૦. વ્યક્તિ સામે આપણે નજર ન રાખવી, પરંતુ વર્તન સામે મહારાજની નજર છે તે ન ભૂલવું.

૩૧. પૂર્વગ્રહ જેવો કોઈ ગ્રહ નથી. નવ ગ્રહ તો બિચારા કાંઈ નડતા નથી, પણ પૂર્વગ્રહ તો જીવને વિઘ્નકર્તા છે તેને દૂર કરવો.

૩૨. બીજાને પ્રભુના સ્વરૂપનું સાચું જ્ઞાન સમજાવવું તેના જેવી કોઈ સેવા નથી, પણ તે માટે પોતાને બરાબર સમજ હોવી જોઈએ.

૩૩. પ્રભુ જેવો ને જેટલો ચૈતન્ય નિર્મળ થાય ત્યારે જ પ્રભુનો સાક્ષાત્કાર થાય ને પ્રભુરૂપ થવાય.

૩૪. આપણે કઈ રીતે વર્તવું તે કોઈને પૂછવાની જરૂર ન પડે. કોઈ પણ ક્રિયા કરતાં પહેલાં વિચારવું કે આ ક્રિયા મહારાજને ગમશે? જો અંતર હા પાડે તો તે ક્રિયા કરવી અને ના પાડે તો તે ક્રિયા ન કરવી.

૩૫. દુઃખ, આપત્તિ અને શિક્ષા તે ચૈતન્યને મોક્ષ માર્ગે લઈ જાય છે.

૩૬. આપણને જે સ્વરૂપ ગમતું હોય તે એક જ સ્વરૂપમાં ધ્યાન કેન્દ્રીત કરવું. જુદું જુદું સ્વરૂપ ન લેવું. જુદાં જુદાં સ્વરૂપમાં ધ્યાન કેન્દ્રીત કરે તો ધ્યાન સિદ્ધ ન થાય.

૩૭. મૂર્તિ સિદ્ધ થયા પછી હરિકૃષ્ણ મહારાજ એટલું બધું સૌંદર્ય ધારણ કરે છે કે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. જેવું સ્વરૂપ છે તેના દિવ્ય દર્શન પોતે આપે છે. માટે અધીરા બનવું નહિ. ભગવાનના સ્વરૂપનાં દિવ્ય દર્શન

માટે ધીરજ રાખ્યે જ છૂટકો છે.

૩૮. ભગવાન અને તેમના મુક્ત જ્યારે પ્રગટ થાય છે, ત્યારે જેને ભગવાન મેળવવાની ઇચ્છા હોય તેને પ્રભુ અને મુક્ત પોતે જ શોધી કાઢે છે.

૩૯. જે મુક્ત આપણને પ્રગટ મળ્યા હોય તેમની સ્મૃતિ કરી ભગવાનના સ્વરૂપમાં જોડાવું તો ધ્યાન સરસ રીતે થાય.

૪૦. મુક્તની સેવા કરે તેના ઉપર મહારાજ બહુ રાજી થાય છે. માટે મુક્તની સેવામાં પોતાના દેહને સુખડની જેમ ઘસી નાખવો જોઈએ કેમ કે મુક્ત દ્વારે મહારાજ જ સેવા અંગીકાર કરે છે.

૪૧. મુક્ત મનુષ્ય ચરિત્ર કરે છે, કારણ કે તે આપણને (જીવોને) અનુકૂળ પડે છે, માટે કરે છે. ભગવાનનું સ્વરૂપ ઓળખાવવા પોતે મનુષ્ય જેવા થઈને રહે છે.

૪૨. મુક્તની દૃષ્ટિમાં દૈવી કે આસુરી જીવ તેવો ભેદ નથી. પાત્ર-કુપાત્ર જોયા વગર તેઓ તો કેવળ કૃપા જ વરસાવે છે.

૪૩. મહારાજ તો જીવના થઈને જ રહ્યા છે, પણ જીવો પોતાની અવળાઈને લીધે ભગવાનના થતા નથી.

૪૪. અનાદિમુક્ત ન વિચરતા હોય ત્યારે તેમણે કહેલી વાણી સાંભળવી એ પણ એમનો સાક્ષાત્ સમાગમ છે.

૪૫. જેને સ્વામિનારાયણ ભગવાનનું તત્ત્વજ્ઞાન યથાર્થ સમજાય તેને સુખનો પાર રહેતો નથી.

૪૬. પંચવિષયનો રાગ જેને ટળી ગયો હોય તેને પ્રભુ પ્રાપ્તિ સરળ રીતે થઈ શકે.

૪૭. અનુભવે કરીને મહારાજનું સ્વરૂપ સમજવું જોઈએ. બુદ્ધિએ કરીને સમજ્યા હોય તેમાં ક્ષતિ રહી જાય.

૪૮. કાર્ય સફળ થાય કે ન થાય. આશીર્વાદમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ. આશીર્વાદ જીવનું હિત કરે જ છે એવો ખરો નિશ્ચય એ જ આશરાનું સ્વરૂપ છે.

૪૯. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજે ક્યાંય આસક્તિ રહે તો જન્મ ધરવો પડે.

૫૦. મુક્તને અંતર્ધાન થવાપણું અને પ્રગટ થવાપણું બધું શ્રીહરિના સંકલ્પથી જ છે. પ્રાગટ્ય દિન અને અંતર્ધાન તે ભગવાનમાં જોડતી લીલા જ છે. મુક્ત કદીયે ગર્ભવાસમાં આવતા નથી. આ તો દિવ્ય સંકલ્પ માત્ર છે.

૫૧. અનાદિમુક્તની વાણી આત્મસાત્ કરી પાત્ર થઈએ તો ધ્યાન સિદ્ધ થાય.

૫૨. સર્વોપરી ઉપાસના ત્યારે થાય જ્યારે મહારાજમય થવાય. ઉપાસના પરિપક્વ થાય ને મહારાજની મૂર્તિ દૃઢ થાય ત્યાં સુધી જંપવું નહિ. પુરુષપ્રયત્ન ચાલુ રાખવો.

૫૩. જન્મ-મરણ ત્યારે જ ટળે, જ્યારે આત્માનો પરમાત્મા સાથે સંબંધ થાય.

૫૪. ઉત્ક્રાંતિ ધીરે ધીરે થાય. એક દિવસમાં ન થાય. અંતે થાય જ.

૫૫. મોટા મુક્ત છેલ્લા જન્મના આશીર્વાદ આપે તે આશીર્વાદ ઝીલવા માટે પાત્રતા કેળવવી જોઈએ. જો પાત્રતા ન હોય તો આશીર્વાદ પાછા મૂર્તિમાં જતા રહે છે.

૫૬. પ્રસિદ્ધિના રાગ સહિતની સેવા નિષ્ફળ નિવડે છે. સેવા--પ્રસિદ્ધિ = શૂન્ય.

૫૭. સાચી શરણાગતિ એટલે આપણે માટે પ્રભુએ નિર્માણ કરેલી કોઈ પણ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી, નિર્વિકલ્પ થઈ અને અખંડ આનંદમાં વર્તવું.

૫૮. પંચવિષય સંબંધી રાગ તે ઉપરનાં શિંગડાં જેવા સ્થૂળ છે. જે જ્ઞાનરૂપી શસ્ત્ર વડે સરળ રીતે ઊખડી જઈ શકે, પરંતુ કીર્તિ પ્રસિદ્ધિનો રાગ તે અંદર રહેલા શિંગડાં જેવો સૂક્ષ્મ રાગ છે, તે જવો અતિ કઠણ છે, અનાદિમુક્તની કૃપાથી જ તે રાગ ટળે.

૫૯. અનાદિમુક્તનો જોગ કરતા તેમને વિષેથી મનુષ્યભાવ ટળી દિવ્યભાવની દૃઢતા થાય ને ઘાટ-સંકલ્પ ન થાય તો ત્વરિત પાત્રતા આવે.

૬૦. દરરોજ મહારાજની મૂર્તિને એકાગ્ર ચિત્તે અડધો કલાક નીરખવાનો અભ્યાસ રાખે તો ઘાટ સંકલ્પ ટળી જાય ને અંતરવૃત્તિ થવા માંડે.

૬૧. મૂર્તિના ધ્યાન સાથે પંચવર્તમાનના સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ મોટા મુક્ત પાસેથી સમજી લઈ તેનું યથાર્થ પાલન કરે તો પાત્ર થતા વાર ન લાગે.

૬૨. મુક્ત પોતાની આધ્યાત્મિક શક્તિનો ગમે તેમ ઉપયોગ નથી કરતા, નહિ તો વેપાર કર્યો કહેવાય. પ્રભુએ પોતે પણ નથી કર્યો. જો મહારાજ શક્તિઓને ઉપયોગ કરવાની છૂટ આપી દે તો દુનિયામાં કોઈ દર્દી જ ન રહે. અનંત પ્રકારના ચમત્કારો સર્જાય. એટલી બધી શક્તિ આજના મુક્તમાં છે. મહારાજ તે શક્તિનું નિયંત્રણ કરે છે.

૬૩. મૂર્તિમાં એકાગ્ર વૃત્તિ થવા માંડે એ કારણ સત્સંગ છે.

પછી તેને મંદિરની દોડાદોડ, ઉત્સવ–સમૈયા વગેરે કાર્ય સત્સંગ ગૌણ થવા માંડે છે.

૬૪. અનાદિમુક્તને તો જીવોના કલ્યાણ કરવા વિશેની જ રુચિ હોય છે, તેથી ઐશ્વર્યાર્થીઓની જેમ કાર્યની ધમાલ તેમને પસંદ નથી હોતી.

૬૫. મહારાજ તથા મોટા અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ હોય અને તેમના આશીર્વાદ મળ્યા હોય તો પણ તેને કેફે કરીને છકી જવું નહિ અને ધર્મ–નિયમ તથા આજ્ઞાપાલનમાં શિથિલતા આવી ન જાય તેની હંમેશાં તકેદારી રાખવી.

૬૬. જે સાધકને શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તની કૃપાથી પ્રભુના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, તે ચૈતન્ય નિરાકારમાંથી દિવ્ય સાકાર બને છે. તે પ્રભુના જેવો જ દિવ્ય સાકાર થઈ પ્રભુ સાથે રસબસ લીન રહી દિવ્ય સુખ માણે છે.

૬૭. સાધકને સાધનનો ભાર હોય ત્યાં સુધી કોટી જન્મ સુધી દાખડા કરે તો પણ દિવ્યસુખની પ્રાપ્તિ ન થાય અને મુક્તદશા પણ ન આવે. એ તો પ્રભુ તથા તેમના સિદ્ધ અનાદિમુક્ત સાથે જોડાય ત્યારે કૃપા કરીને જીવને પોતાના સુખમાં લઈ જાય ને પૂરું કરી દે.

૬૮. અનાદિમુક્તની કૃપાથકી આત્મા–પરમાત્માનો સંગ કરવાનું યથાર્થ જ્ઞાન થાય તે જ સત્સંગ.

૬૯. વ્યક્તિ ગમે તેવી ઉચ્ચ સાધનદશામાં હોય, તો પણ તેને પતનની શક્યતા રહે છે, પરંતુ પ્રભુના સ્વરૂપના સાક્ષાત્કારવાળા આમાં અપવાદરૂપ છે. There is no season for a man to be corrupt, but an enlighted

person is an exception.

૭૦. પ્રભુને પ્રાર્થના કરવી ત્યારે પ્રભુ પાસે પોતાના ઠરાવ રાખીને ન કરવી, કારણ કે આપણું હિત શેમાં છે તે આપણે જાણી શકતા નથી. માટે પ્રભુને કહેવું કે જેમાં મારું હિત હોય તે પ્રમાણે જ કરવા કૃપા કરજો.

૭૧. ધ્યાન અને પ્રભુની કલ્યાણકારી સેવાપ્રવૃત્તિ બંને સાથે કરવું, તો ક્યારેય Monotony એકસૂરતા ન લાગે અને જલદી પાત્રતા આવે.

૭૨. રાત્રે કોઈક કારણસર ઊંઘ ઊડી જાય ને નિદ્રામાંથી જાગૃત થઈ જવાય તો ફરી સૂતાં પહેલાં પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું. આ પ્રકારના લાંબા અભ્યાસથી નિદ્રા યોગનિદ્રામાં બદલાઈ જાય છે.

૭૩. આલોકની ઔષધિઓથી તનનો રોગ જાય, જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિરૂપી દિવ્ય ઔષધિ દ્વારા તન, મન તથા ચૈતન્યના બધા રોગ દૂર થઈ જાય.

૭૪. ઔષધ પણ પ્રભુને ધરાવીને ગ્રહણ કરવું, જેથી પ્રભુ તેમાં ભળે એટલે રોગ દૂર થાય.

૭૫. જીવોને મહારાજ ને મુક્ત ઓળખાવવા તેના જેવી કોઈ મોટી સેવા નથી, પ્રભુ પ્રસન્નતાનું તે મોટું સાધન છે.

**સંત લક્ષણ કહે હરિ હેત શું રે, સુણો હરિજન એકમન ચિત્ત રે.**

સેવીએ એવા સંતને રે, સદા શુભ ગુણ શોભે ત્રીસ તનમાં રે;
તેનું વિધવિધ કહું વરતંત રે.
કૃપાસિંધુ ન કરે દ્રોહ કોયનો રે,
ક્ષમાવંત વદન સત્ય વાણ રે;
નિંદા દ્રેષ નહિ ને ઉપકાર અતિ રે,
કામ રહિત જીતી છે ઇંદ્રિય જાણ રે.
કોમળ નિર્મળ આચાર અતિ ઘણો રે,
સંગ્રહરહિત લીયે છે લઘુઆહાર રે;
શિતળ હૃદયે વિચાર પાળે ધર્મને રે,
સાવધાન સદા વ્યાપે નહિ વિકાર રે.
ધીર ગંભીર દયાળુ દીસે દિલના રે,
ખટ ઊર્મિ ન કરે જેને ખેદ રે;
માન રહિત જે દાસપણું દાખવે રે,
સુણ્યા ગતિ દાતા જ્ઞાન અભેદ રે.
સગા સહુના વિવેકી વિશ્વાસી વળી રે,
ભ્રાંતિ રહિત હરિને પરાયણ રે;
અતિ નિરાશી ઉદાસી આ સંસારથી રે,
રટે નિશદિન નામ નારાયણ રે.
સંપૂરણ લક્ષણ કહ્યાં સંતનાં રે,
શ્રીમુખ વચનામૃતમાંય રે;
કહ્યું શ્રીમુખે નિજાશ્રિત આગળ રે,
કહ્યું નિષ્કુળાનંદે તે પદમાંય રે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

"જીવોને મહારાજ ને મુક્ત ઓળખાવવા
તેના જેવી કોઈ મોટી સેવા નથી,
પ્રભુ પ્રસન્નતાનું તે મોટું સાધન છે."

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com